# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

23 MARCH-2025 SUNDAY

વર્ષ-14 । અંક-123 । વિક્રમ સંવત-2081 । ફાગણ વદ-09 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક





પેજ-08

કિયારા અડવાણીને ટોક્સિક માટે 15 કરોડ રૂપિયા ચૂકવાયાની ચર્ચા


**હવામાન**


| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 37.00 | 23.00 |
| વડોદરા | 38.00 | 22.00 |
| સુરત | 38.00 | 24.00 |


પેજ 5




જેમ્સ-જ્વેલરીની નિકાસમાં 23 ટકા જેટલાનો ઘટાડો, અમેરિકા તથા...

બાંગ્લાદેશ અને સિરીયા બાદ હવે તુર્કીમાં પણ તખ્તાપલટ




પેજ 10

પેજ-09

અનસોલ્ડ રહેલો શાર્દૂલ લખનઉમાં જોડાશે ઈજાગ્રસ્ત મોહસીન...


.....સુવિચાર.....

બધુ ઉછીનું હોય તો ચાલે પણ,અનુભવ તો પોતાનો જ હોવો જોઇએ હો!"



### મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે મુસ્લિમ સમુદાયને સુરક્ષાની ખાતરી આપી

# મુસ્લિમોનું અપમાન કરનારને છોડીશું નહીં : પછી ભલે તે કોઈપણ હોય

(એજન્સી) મુંબઈ । તા. 22

17 માર્ચે નાગપુરમાં થયેલી હિંસા બાદ મહારાષ્ટ્રમાં નેતાઓના નિવેદનોનો સિલસિલો ચાલુ છે. આ દરમિયાન નાયબ મુખ્યમંત્રી અજિત પવારે મુસ્લિમ સમુદાયને સુરક્ષાની ખાતરી આપી છે. અજિત પવારે કહ્યું - જે કોઈ મુસ્લિમ ભાઈઓને પડકારશે, બે જૂથો વચ્ચે સંઘર્ષ ઉશ્કેરીને કાયદો અને વ્યવસ્થાને ખલેલ પહોંચાડશે અને કાયદો પોતાના હાથમાં લેવાનો પ્રયાસ કરશે. તે ગમે તે હોય, તેને કોઈ પણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં કે માફ કરવામાં આવશે નહીં. મુંબઈના ઈસ્લામ જીમખાના ખાતે પાર્ટી દ્વારા આયોજિત ઈફ્તાર પાર્ટી દરમિયાન પવારે આ નિવેદન આપ્યું હતું. પવારે એમ પણ કહ્યું કે રમઝાન ફક્ત એક ધર્મ પૂરતો મર્યાદિત નથી. તે આપણને એકતા અને ભાઈચારોનો સંદેશ આપે છે. ભારત વિવિધતામાં એકતાનું પ્રતીક છે.

**નાગપુર હિંસાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ કરશે**

**મુસ્લિમોને ડરાવનારાઓને છોડીશું નહીં : અજિત પવારનું આશ્વાસન**

અજિત પવારે મુસ્લિમ સમાજને સમર્થન આપવાનું આશ્વાસન આપી કહ્યું કે, 'જો કોઈ અમારા મુસ્લિમ ભાઈ-બહેનોને ડરાવવાની અથવા સાંપ્રદાયિક વિવાદ ઉભો કરવાની હિમ્મત કરશે તો તેને છોડવામાં નહીં આવે. હોળી, ગુડી પડવા અને ઈદ જેવા તહેવારો એકતાને પ્રોત્સાહન આપે છે.'



▪ **મુખ્ય આરોપી ફહીમે જામીન અરજી દાખલ કરી :** નાગપુર હિંસાના મુખ્ય આરોપી ફહીમ ખાને સેશન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે. ફહીમે દાવો કર્યો હતો કે રાજકીય બદલાના કારણે તેમની ધરપકડ કરવામાં આવી હતી કારણ કે તેમણે વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો સામે કાર્યવાહીની માગ કરી હતી. ઔરંગઝેબની કબર હટાવવા મામલે થયેલી હિંસાના કેસમાં માસ્ટરમાઈન્ડ ફહીમ સહિત 6 આરોપીઓ સામે રાજદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો છે. ફહીમ પર 500થી વધુ તોફાનીઓને ભેગા કરવાનો અને હિંસા ભડકાવવાનો આરોપ છે. રમખાણો અને આગચંપીની ઘટનાઓના બે દિવસ પછી, 19 માર્ચે, માઈનોરિટીઝ ડેમોક્રેટિક પાર્ટીના શહેર પ્રમુખ ફહીમ ખાનની ધરપકડ કરવામાં આવી હતી.

**બે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કર્ફ્યુ હટાવાયો**

પોલીસે બે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કર્ફ્યુ હટાવી લીધો છે. અહેવાલો અનુસાર, નંદનવન અને કપિલનગર પોલીસ સ્ટેશન વિસ્તારોમાં સંચાર નાકાબંધી (ઈન્ટરનેટ સેવા બંધ) હટાવી લેવામાં આવી છે. આ ઉપરાંત અન્ય પોલીસ સ્ટેશન વિસ્તારોમાં બપોરે 2 થી 4 વાગ્યા સુધી કર્ફ્યુમાં છૂટ આપવામાં આવી છે. હિંસાના છઠ્ઠા દિવસે એટલે કે શનિવારે પણ 9 પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કર્ફ્યુ જાળવી રાખવામાં આવ્યો છે.

▪ **તહેવારો આપણને એક રાખવાનું શિખવાડે છે : પવાર**

છત્રપતિ શિવાજી મહારાજ, ડૉ.બાબાસાહેબ ભીમરાવ આંબેડકર, જ્યોતિબા ફુલે અને અન્ય અનેક મહાન નેતાઓએ પણ તમામ ધર્મો અને જાતિઓને સાથે રાખીને સામાજિક પ્રગતિનો માર્ગ દેખાડ્યો છે, તેથી આપણે આ વિરાસતને આગળ વધારવાની છે. ભારત એકતા અને વિવિધતાનું પ્રતિક છે. આપણે તાજેતરમાં હોળીની ઉજવણી કરી અને હવે ગુડી પડવા અને ઈદનો તહેવાર આવી રહ્યો છે. આ તહેવારો આપણને સાથે રાખવાનું શિખવાડે છે. આપણી અસલી તાકાત એકતામાં છે.'

▪ **IUMLની ઈફ્તાર પાર્ટીમાં વિપક્ષના નેતાઓ પણ થાય સામેલ**

આ પહેલા ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (IUML)એ રાજધાની દિલ્હીમાં ઈફ્તાર પાર્ટી (Iftar Party)નું આયોજન કર્યું હતું, જેમાં અનેક રાજકીય પક્ષોના નેતાઓએ ભાગ લીધો હતો. ઈફ્તાર પાર્ટીમાં કોંગ્રેસ સાંસદ શશિ થરૂર, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી સામેલ થયા હતા. આ ઉપરાંત સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ અને સપા સાંસદ જયા બચ્ચન સહિત અન્ય વરિષ્ઠ નેતાઓ પણ ઈફ્તાર પાર્ટીના કાર્યક્રમમાં જોડાયા હતા.

## આપણી ઓળખ જોખમમાં આવી જશે... સીએમ સ્ટાલિન

**સંસદમાં બેઠકો ઘટવી ન જોઈએ**



### સીમાંકન મુદ્દે ચેન્નાઈમાં દક્ષિણના રાજ્યોના મુખ્યમંત્રીઓની બેઠક

(એજન્સી) ચેન્નાઈ । તા. 22

શનિવારે, રાજ્યોમાં લોકસભા સીટોના સીમાંકનના મામલે ચેન્નાઈમાં 5 રાજ્યોના મુખ્યમંત્રીઓ અને નાયબ મુખ્યમંત્રીઓની બેઠક યોજાઈ હતી. તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને આ બેઠક બોલાવી હતી. જેમાં 5 રાજ્યોના 14 નેતાઓએ ભાગ લીધો હતો. બીજેડી ચીફ નવીન પટનાયક અને ટીએમસીના નેતા પણ તેમાં જોડાયા હતા.તમિલનાડુના સીએમ સ્ટાલિને બેઠકમાં કહ્યું- આપણે સીમાંકનના મુદ્દે એકજૂટ રહેવું પડશે. નહિ તો આપણી ઓળખ જોખમમાં આવી જશે. સંસદમાં આપણું પ્રતિનિધિત્વ ઘટવું જોઈએ નહીં. સ્ટાલિને કહ્યું કે આપણે જોઈન્ટ એક્શન કમિટી (JAC) બનાવવી જોઈએ. તે લોકોમાં જાગૃતિ ફેલાવશે અને આપણી વાત કેન્દ્ર સુધી પહોંચાડશે.

**સીટોનું સીમાંકન તલવારની જેમ લટકી રહ્યું છે : પિનરાઈ**

કેરળના સીએમ પિનરાઈ વિજયને બેઠકમાં કહ્યું- લોકસભા સીટોનું સીમાંકન તલવારની જેમ લટકી રહ્યું છે. બીજેપી સરકાર આ મામલે કોઈની પણ સલાહ લીધા વગર આગળ વધી રહી છે. દક્ષિણમાં બેઠકોમાં ઘટાડો અને ઉત્તરમાં બેઠકોમાં વધારો ભાજપ માટે ફાયદાકારક રહેશે. ઉત્તરમાં તેમનો પ્રભાવ છે.

## ગુજરાતી પિતા-પુત્રીની અમેરિકામાં હત્યા કરાઈ

**સ્ટોરમાં ઘૂસી શખ્સે ગોળી મારી હત્યા કરી**

### મૂળ મહેસાણાના પટેલ પરિવારના બે સભ્યોના મોત બાદ આરોપીની ધરપકડ



(એજન્સી) વર્જિનિયા । તા. 22

અમેરિકામાં ભારતીયો પર હુમલાની ઘટનાનો સિલસિલો યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે અમેરિકાના વર્જિનિયામાં મહેસાણા વતની પિતા-પુત્રીની હત્યા કરવામાં આવી છે. આ સનસનીખેજ ઘટના અમેરિકાના વર્જિનિયામાં બની છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમેરિકાના વર્જિનિયાના એકોમેક કાઉન્ટીમાં ગુજરાતી પિતા-પુત્રીની હત્યા કરવામાં આવ્યું છે. મૃતક મૂળ મહેસાણાના કનોડા ગામના પટેલ પરિવારના સભ્યો છે. તેઓ સ્ટોરમાં બેઠા હતા, તે સમયે એક અશ્વેત વ્યક્તિએ સ્ટોરમાં પ્રવેશ કરી 56 વર્ષીય પિતા અને 24 વર્ષીય પુત્રીની ગોળી મારી હત્યા કરી દેતાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને હુમલાખોરની ધરપકડ કરી લીધી છે. આ ઘટનાને પગલે અમેરિકામાં વસતા ભારતીયો અને ગુજરાતી સમાજમાં શોકની સાથે ભયની લાગણી ફેલાઈ છે. જોકે હજુ હત્યાનું કારણ જાણી શકાય નથી.

## વિવાદિત મહંત યતિ નરસિંહાનંદે હવે પોલીસ અધિકારીઓ માટે અભદ્ર ભાષા વાપરી

**પોલીસ કમિશનર વિરૂદ્ધ અભદ્ર ભાષાનો ઉપયાગ : કેસ દાખલ**



(એજન્સી) ગાઝિયાબાદ । તા. 22

ગાઝિયાબાદ જિલ્લાના ડાસના દેવી મંદિરના મહંત યતિ નરસિંહાનંદ ગિરી ફરી એક વખત વિવાદમાં સપડાયા છે. યતિ નરસિંહાનંદ ગિરી વિરૂદ્ધ નફરત ફેલાવવા અને જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ વિરૂદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કરવાના આરોપ બદલ કેસ નોંધવામાં આવ્યો છે. અધિકારીઓએ શનિવારે આ માહિતી આપી. ફરિયાદીએ એ પણ આરોપ લગાવ્યો છે કે, 'નરસિંહાનંદે એક વીડિયોમાં ગાઝિયાબાદ પોલીસ કમિશનર અને લોનીના સહાયક પોલીસ કમિશનર વિરૂદ્ધ અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો હતો.'

**ધાર્મિક ભાવનાઓને ભડકાવવાનો આરોપ**

ગાઝિયાબાદના વેવ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR પ્રમાણે ડાસના દેવી મંદિરના પૂજારી પર 'મહાત્મા ગાંધી વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવાનો અને ધાર્મિક ભાવનાઓને ભડકાવવાનો, ગુનાહિત ધમકી આપવાનો, અપમાન કરવાનો, બદનામ કરવાનો અને જાહેર શાંતિને ખલેલ પહોંચાડવાના ઈરાદાથી શબ્દોનો ઉપયોગ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.'

**પોલીસે આ મામલે તપાસ હાથ ધરી**

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ગ્રામીણ) સુરેન્દ્ર નાથ તિવારીએ કહ્યું કે, વેવ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે નરસિંહાનંદના નિવેદનો ઉશ્કેરણીજનક હતા અને તેનો હેતુ સાંપ્રદાયિક સૌહાર્દને ખલેલ પહોંચાડવાનો હતો.' અધિકારીએ જણાવ્યું કે, આ મામલાની તપાસ ચાલી રહી છે.

**કોણ છે મહંત યતિ નરસિંહાનંદ ગિરી?**

તમને જણાવી દઈએ કે, મહંત યતિ નરસિંહાનંદ ગિરી ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ જિલ્લામાં ડાસના સ્થિત શિવ શક્તિ ધામ (દેવી મંદિર) ના મુખ્ય પૂજારી છે. તેઓ જુના અખાડાના મહામંડલેશ્વર પણ છે. તેમનું મૂળ નામ દીપક ત્યાગી હોવાનું કહેવાય છે. તેઓ પશ્ચિમ ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લાના વતની છે. યતિ નરસિંહાનંદ મોટે ભાગે પોતાના વિવાદાસ્પદ નિવેદનો અને ગતિવિધિઓના કારણે ચર્ચામાં રહે છે.

## પતિ-પત્નીની આર્થિક-સામાજિક સ્થિતિ સમાન હોય તો ગુજરાન ભથ્થું ચૂકવવાની જરૂર નથી : સુપ્રીમ કોર્ટ

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

સુપ્રીમ કોર્ટે એક મહત્ત્વપૂર્ણ ચુકાદામાં કહ્યું કે, જો પતિ -પત્નીની આર્થિક અને સામાજિક સ્થિતિ સમાન હોય તો પત્નીને ગુજરાન ભથ્થું ચૂકવવાની કોઈ જરૂર નથી. આ નિર્ણય એક મહિલા દ્વારા તેના અલગ થયેલા પતિ પાસેથી ગુજરાન ભથ્થું મેળવવા માટે દાખલ કરાયેલી અરજીની સુનાવણી દરમિયાન આવ્યો છે. આ કેસમાં કોર્ટે જોયું કે, બંને પક્ષો સહાયક પ્રોફેસર તરીકે કામ કરી રહ્યા હતા અને મહિલા સ્વતંત્ર રીતે પોતાની જરૂરિયાતો પૂરી કરવા માટે સક્ષમ છે. મહિલાએ પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે, 'ભલે મારી પોતાની આવક છે પરંતુ તેમ છતાં હું ગુજરાન ભથ્થું મેળવવાની હકદાર છું. તેણે કહ્યું કે, મારા પતિની માસિક આવક લગભગ 1 લાખ રૂપિયા છે, જ્યારે મારી આવક લગભગ 60,000 રૂપિયા છે.



**પત્ની આત્મનિર્ભર હોય તો ગુજરાન ભથ્થું ચૂકવવાની જરૂર નથી :** જસ્ટિસ અભય એસ. ઓકા અને ઉજ્જવલ ભુઈયાંની ખંડપીઠે આ કેસની સુનાવણી કરી હતી. કોર્ટે પોતાના ટૂંકા આદેશમાં કહ્યું કે, 'અરજદાર અને પ્રતિવાદી (પતિ-પત્ની) બંને એક જ પદ એટલે કે સહાયક પ્રોફેસર તરીકે કાર્યરત છે. તેથી આ ખાસ પરવાનગી અરજી ફગાવી દેવામાં આવે છે.' કોર્ટે એ પણ સ્પષ્ટ કરી દીધું કે, 'જો પત્ની આત્મનિર્ભર હોય અને પોતાની આવકમાંથી ગુજરાન ચલાવી શકે, તો પતિ પર ગુજરાન ભથ્થું ચૂકવવાની જવાબદારી નથી રહેતી.'

**મહિલાઓના આત્મનિર્ભરતા અને સમાનતાના સંદર્ભમાં એક મહત્વપૂર્ણ પગલું :** મધ્યપ્રદેશ હાઈકોર્ટ અને નીચલી કોર્ટે મહિલાની ગુજરાન ભથ્થુંની માગણી ફગાવી દીધા બાદ આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયને મહિલાઓના આત્મનિર્ભરતા અને સમાનતાના સંદર્ભમાં એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. આ નિર્ણય એવા કિસ્સાઓમાં એક ઉદાહરણ બની શકે છે જ્યાં પતિ અને પત્ની બંનેની નાણાકીય સ્થિતિ સમાન હોય અને કોઈ પણ પક્ષ બીજા પર નિર્ભર ન હોય.

**ગળું દબાવી દેવાની ધમકી આપી : વીડિયો વાયરલ**

## પશ્ચિમ બંગાળના ભાજપ અધ્યક્ષે મહિલાઓ માટે વાંધાજનક શબ્દો વાપર્યા

(એજન્સી) કોલકાતા । તા. 22

પશ્ચિમ બંગાળના ભાજપના પૂર્વ અધ્યક્ષ દિલીપ ઘોષે એક મહિલા પ્રદર્શનકારીનું ગળું દબાવી દેવાની ધમકી આપી છે. તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયો ખડગપુરનો છે. વીડિયો વાઈરલ થયા બાદ TMCએ તેની ટિકા કરી છે. દિલીપ ઘોષ ખડગપુરમાં એક રસ્તાનું ઉદ્ઘાટન કરવા માટે ગયા હતા. આ દરમિયાન કેટલીક મહિલાઓએ તેનો વિરોધ કર્યો. મહિલાઓએ એક સાંસદ તરીકે વિસ્તારમાં સક્રીય ન હોવાના કારણે વિરોધ કર્યો. તેમણે કહ્યું કે, જ્યારે તેઓ સાંસદ હતા ત્યારે પોતાના ક્ષેત્રમાં ક્યારેય નહોતા આવતા. તેના પર ભાજપ નેતા દિલીપ ઘોષ ભડકી ગયા. એક મહિલાએ કહ્યું કે, 'તમે આટલા સમય સુધી ક્યાં હતા? જ્યારે તમે સાંસદ હતા, ત્યારે અમે તમને એક દિવસ પણ ન જોયા.



**TMCએ કરી ટિકા**

TMCએ ભાજપના નેતાના આ વર્તનની ટીકા કરી છે. તેમણે કહ્યું કે, 'જે ભાષાનો ઉપયોગ પૂર્વ સાંસદ દ્વારા કરવામાં આવ્યો તે અયોગ્ય હતી. હવે જ્યારે ઘોષ સાંસદ નથી તો પછી તેઓ રસ્તાનું ઉદ્ઘાટન કરવા માટે કેમ ગયા?' આ મામલે કાઉન્સિલરે કહ્યું કે, 'તેઓ ત્યાં ગયા અને ગુસ્સે થઈ ગયા. તેમણે મહિલાઓને 500 રૂપિયાના કર્મચારી કહ્યા. તેમણે માફી માંગવી જોઈએ.'

## કેદ 295 ભારતીય નાગરિકોને ટૂંક સમયમાં સ્વદેશ પાછા મોકલાય તેવી શક્યતા

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

યુએસ ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)ની હાલમાં કેદ 295 ભારતીય નાગરિકોને ટૂંક સમયમાં સ્વદેશ પાછા મોકલાય તેવી શક્યતા છે એમ કેન્દ્ર સરકારે સંસદમાં માહિતી આપતા જણાવ્યું હતું. આ નાગરિકોને અમેરિકન ઓથોરિટી દ્વારા રિમુવલ એટલે કે પાછા મોકલી દેવાના આખરી હુકમો આપી દેવામાં આવ્યા છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ભારતીય નાગરિક હોવાની પુષ્ટિ હાલમાં વિવિધ એજન્સીઓ સાથે મળીને કરવામાં આવી રહી છે.



**બેડીઓનો મુદ્દો અમેરિકન અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો**

વિદેશ મંત્રીએ એમ પણ કહ્યું કે ભારતીય પાસપોર્ટ સાથે અમેરિકામાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા ઈમિગ્રન્ટ્સની કુલ સંખ્યા અંગે ભારત સરકારને યુએસ સરકાર તરફથી કોઈ નક્કર માહિતી મળી નથી. સ્ટેટ ડિપાર્ટમેન્ટે યુએસ અધિકારીઓ સમક્ષ તેની ચિંતા વ્યક્ત કરી છે કે કેવી રીતે દેશનિકાલ કરાયેલા લોકો, ખાસ કરીને મહિલાઓને 5 ફેબ્રુઆરીએ આવેલા પ્લેનમાં બાંધવામાં આવ્યા હતા. તે જ સમયે, 15 અને 16 ફેબ્રુઆરીએ ભારત આવેલા વિમાનોમાં કોઈ મહિલા અને બાળકોને રોકવામાં આવ્યા ન હતા, ભારતીય એજન્સીઓએ તેમના આગમન પછી દેશનિકાલ કરાયેલા લોકોની પૂછપરછ કર્યા પછી તેની પુષ્ટિ કરી હતી.

## આસામ NIT વિદ્યાર્થિનીનો આરોપ : પ્રોફેસરે તેની સાથે અડપલાં કર્યાં

**પ્રોફેસર સસ્પેન્ડ : વિદ્યાર્થિનીને ચેમ્બરમાં બોલાવી તેના પેટ પર હાથ ફેરવ્યો, અશ્લીલ ગીતો બતાવ્યાં**

(એજન્સી) ગુવાહાટી । તા. 22

આસામના સિલચરમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (NIT)ના એક આસિસ્ટન્ટ પ્રોફેસરની એક વિદ્યાર્થિની પર જાતીય અડપલાં કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. આરોપી શિક્ષકની ઓળખ કોટેશ્વર રાજુ ધેનુકોંડા તરીકે થઈ છે. પીડિતાની ફરિયાદ પર પ્રોફેસરને સસ્પેન્ડ કરાયો છે. પીડિતા વિદ્યાર્થિનીની ફરિયાદ મુજબ, પ્રોફેસરે મને તેમની પાસે બેસવાનું કહ્યું અને પૂછ્યું કે તારા માર્ક્સ કેમ ઓછા આવ્યા. તેમણે મારો હાથ પકડીને મારી આંગળીઓને સ્પર્શ કરવાનું શરૂ કર્યું. પછી તેમણે ધીમેથી મારા સાથળ પર હાથ ફેરવ્યો. પછી તેમણે મારી સામે તેમના કોમ્પ્યુટર પર અશ્લીલ ગીતો વગાડ્યાં. મારા પેટને સ્પર્શ કર્યો. હું રડવા લાગી પણ તેઓ અટક્યાં નહીં. તેમણે મને પગ ફેલાવીને બેસવાનું કહ્યું. આ પછી તેમણે પાછળથી મારી ગરદન પકડી લીધી.

**આરોપી પ્રોફેસરે પોલીસને ગેરમાર્ગે દોરી હતી**

કછારના SP નુમલ મહત્તાએ કહ્યું હતું કે પોલીસ જ્યારે આરોપી પ્રોફેસરને પકડવા ગઈ ત્યારે તેણે પોતાને સંતાડવાની કોશિશ કરી. પ્રોફેસરે ક્વાર્ટરનો દરવાજો બહારથી બંધ કરી દીધો, પરંતુ અમે તેના મોબાઈલ ફોનના લોકેશન અંગે જાણ કરી અને સાંજે લગભગ 5.30 વાગ્યે તેની ધરપકડ કરી લીધી.



**જે ચેમ્બરમાં ઘટના બની હતી એ ચેમ્બરને સીલ કરી દેવામાં આવી**

આ ઘટના 20 માર્ચના રોજ બની હતી. આરોપી ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગમાં પ્રોફેસર હતો. સંસ્થાને આપેલી લેખિત ફરિયાદમાં વિદ્યાર્થિનીએ જણાવ્યું હતું કે પ્રોફેસરે તેને તેના ઓછા ગ્રેડ અંગે ચર્ચા કરવા માટે તેમની ચેમ્બરમાં બોલાવી હતી. કોલેજના જણાવ્યા અનુસાર, જે ચેમ્બરમાં ઘટના બની હતી એને સીલ કરી દેવામાં આવી છે. પીડિતાને સુરક્ષિત અને આરામદાયક અનુભવાય એ માટે તમામ જરૂરી મદદ પૂરી પાડવામાં આવી રહી છે. આ મામલો તપાસ માટે સંસ્થાની આંતરિક ફરિયાદ સમિતિ (ICC)ને મોકલવામાં આવ્યો છે.

### નર્મદા પોલીસ દ્વારા ટ્રાફીક નિયમોના પાલન માટે ઠેર ઠેર પેમ્પલેટનું વિતરણ

# દુર્ઘટના પર લાગશે તાળા, જ્યારે પહેરશો સુરક્ષાની માળા





ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લામાં પોલીસ વડા પ્રશાંત સુંબે ના માર્ગદર્શન હેઠળ ટાઉન પીઆઈ વી.કે. ગઢવી ની સૂચના થી રાજપીપળા પોલીસ માણસો દ્વારા શહેર ના અલગ અલગ પોઈન્ટ ઉપર ચેકીંગ કરતા પોલીસ માણસો એ ટ્રાફિક નિયમોના પાલન માટે વાહન ચાલકો ને ઊભા રાખી જરૂરી ચેકીંગ કરી સીટ બેલ્ટ, લાઈસન્સ, હેલ્મેટ સહિત ની બાબતો ની ચકાસણી કરી નિયમો નું પાલન નહીં કરનાર ચાલકો પાસે નિયમોનુસાર દંડ વસુલ કરી વાહન ચાલકો ને કાયદાના પાઠ ભણાવ્યા હતા.

જોકે નર્મદા પોલીસે ભૂતકાળ માં ટ્રાફિક નિયમો નું પાલન કરાવવા વાહન ચાલકો ને ઊભા રાખી પ્રેમથી ગુલાબ નું ફૂલ આપી નિયમનું પાલન કરવા પણ સમજાવ્યું હતું પરંતુ કેટલાક વાહન ચાલકો આદત સે મજબૂર ની જેમ હજુ પણ નિયમ નું પાલન નહીં કરતા પોલીસે દંડનીય કાર્યવાહી કરી છે. રાજપીપળા ની સાથે સાથે જિલ્લામાં દરેક ઠેકાણે પોલીસ આ ચેકીંગ કરી રહી છે. ત્યારે વાહન ચાલકો એ પોતાનો જીવ બચાવવા ટ્રાફિક નિયમ નું પાલન કરવું જોઈએ. રાજપીપળા સહિત જિલ્લામાં પોલીસ દ્વારા ટ્રાફીક જાગૃતિ માટે ના પેમ્પલેટ નું પણ વિતરણ કરવામાં આવે છે ત્યારે આજે શનિવારે પણ રાજપીપળા ના સફેદ ટાવર પોઈન્ટ ઉપર ઉભેલા ટી.આર.બી. જવાનો એ આવતા જતા વાહન ચાલકો ને પેમ્પલેટ વિતરણ કર્યા હતા.

**ચાલુ મહિને દોઢ લાખથી વધુનો દંડ વસૂલાયો**

પોલીસમાંથી મળતી વિગત પ્રમાણે ચાલુ માર્ચ મહિના માં 21 દિવસમાં પોલીસે અલગ અલગ પોઈન્ટ ઉપર ચેકીંગ દરમિયાન કુલ.૪૩૧ ચાલકો ને હેલ્મેટ વગર બાઈક લઈ જતા પકડી કુલ.રૂ.૧.૬૮.૫૦૦ નો દંડ વસુલ કર્યો હતો. અને ચાલુ મહિના માં હજુ અઠવાડિયું બાકી છે ત્યારે દંડ ની રકમ બે લાખ ઉપર પહોંચી શકે છે.

# CM ભૂપેન્દ્ર પટેલે વેજલપુર સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ 2.0નો શુભારંભ કરાવ્યો

**સ્ટાર્ટઅપ્સને નવા વિચારો અને નવીનતા અપનાવતી વખતે સમાજ અને દેશની જરૂરિયાતોને પ્રાથમિકતા આપવી જોઈએ:- પીયૂષ ગોયલ**

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

અમદાવાદમાં વેજલપુર સ્ટાર્ટઅપ ફેસ્ટિવલના બીજા સંસ્કરણને સંબોધતા કેન્દ્રીય મંત્રીએ વિકસિત ભારતના વિઝનને પ્રાપ્ત કરવામાં સ્ટાર્ટઅપ્સની મુખ્ય ભૂમિકા પર ભાર મૂક્યો હતો. ગોયલે દેશમાં સ્ટાર્ટ-અપ્સને ટેકો આપવા માટે મોદી સરકાર દ્વારા લેવામાં આવેલી 'ફંડ ઓફ ફંડ્સ' જેવી અનેક પહેલો પર પ્રકાશ પાડ્યો હતો.

વેજલપુર સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ પહેલની પ્રશંસા કરતા કેન્દ્રીય મંત્રીએ કહ્યું હતું કે, આવા કાર્યક્રમો રાષ્ટ્ર માટે એક ઉદાહરણ સ્થાપિત કરે છે અને દેશમાં સમૃદ્ધ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટે દેશભરમાં તેનું પુનરાવર્તન કરવાની જરૂર છે. ગુજરાતમાં ઉદ્યોગસાહસિક ભાવના અને સ્ટાર્ટઅપ નેટવર્કના વિસ્તરણમાં યુવાનોને રોજગારી પૂરી પાડવા અને સામાજિક સમસ્યાઓના નવીન ઉકેલો શોધવામાં સ્ટાર્ટઅપ્સના યોગદાન પર તેમણે ભાર મૂક્યો હતો. ગોયલે દેશમાં સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે રોકાણકારો અને માર્ગદર્શકોને સ્ટાર્ટ-અપ્સમાં રોકાણ કરવા વિનંતી પણ કરી હતી.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિધાનસભા કક્ષાના સ્ટાર્ટ અપ ફેસ્ટિવલ એવા વેજલપુર સ્ટાર્ટ અપ ફેસ્ટિવલ ૨.૦નો શુભારંભ કરાવ્યો હતો. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીએ આ પ્રસંગે યોજાયેલા સ્ટાર્ટઅપ એક્ઝિબિશનની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ શબ્દ આજે આપણા યુવાઓની ઓળખ બન્યો છે. ક્રિએટિવ થિંકિંગ, આગવી સૂઝ અને અવનવા આઈડિયા સાથે આજના યુવાનો ખૂબ ઝડપથી આગળ વધી રહ્યા છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ડેવલપ કરવા અને યુવા ઉદ્યોગ સાહસિકોના આઈડિયાને માઈન્ડ ટુ માર્કેટ સુધી પહોંચાડવાની આગવી વ્યવસ્થા વિકસાવી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર સદાય યુવાઓની સાથે છે અને તેમને જરૂરી તમામ સહાય પૂરી પાડવા કટિબદ્ધ છે. મુખ્યમંત્રીએ સ્ટાર્ટઅપ ક્ષેત્રની સફળતા વિશે વાત કરતાં જણાવ્યું કે મહિલાઓ પણ આજે વિવિધ સમસ્યાઓનાં અવનવાં સમાધાનો સ્વરૂપે નવા સ્ટાર્ટઅપ લઈને આવી રહી છે.

# મહીસાગર જિલ્લામાં રોડનાં કામોમાં ચલાવાતી લાલીયાવાડી



**કોન્ટ્રાકટર દ્વારા હલકી કક્ષાની કામગીરી કરાતાં ગ્રામજનોમાં રોષ**

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

કડાણા તાલુકામા બનાવેલ સાલીયાબીડ થી દધાલીયા તરફ જતોમાર્ગ પરનો નવીન ડામર રોડ નું કામ કોન્ટ્રાકટર દ્વારા હલકી કક્ષાનું ને પ્લાન એસટીમેનટ મુજબ કામગીરી કરવામાં નહીં આવતા આવતા ગ્રામજનોમાં રોષ જોવા મળ્યો હતો ગ્રામજનોએ આ ડામર રોડ જે નવીન કરેલ તે રોડના પોપડા હાથે ઉખાડી આ કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા .ને કોન્ટ્રાકટર દ્વારા આ ડામર રોડ ની કામગીરી હેફેઝેડ કરી ને કામગીરીમાં ભષ્ટ્રાચાર આચરેલાં નું જણાઈ આવે છે. મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના સાલીયાબીડ થી દધલિયા ગામ તરફ જતા નવીન ડામર રોડ નાં નિર્માણમાં ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. દાધલિયા ગામ તરફ જવાના રસ્તાની ગુણવત્તા અંગે સ્થાનિકોએ નારાજગી વ્યક્ત કરી છે, 27000 મીટર નાં આ રસ્તાનું રુપિયા 1.60 કરોડના ખર્ચે રિકારપેટ નું કામ કરાયુ હતુ.જેઆ ડામર રોડના પોપડા બહાર આવ્યા છે. જેના પરથી સમજી શકાય છે કે કેટલી હદે હલકી ગુણવત્તાનું મટિરિયલ વાપરી રોડને રીકારપેટ કરીને સજાવવામાં આવ્યો હશે? આ વિસ્તાર ના જાગૃત ગ્રામજનોએ આ હલકી કક્ષાની ગુણવત્તા વાળા બનાવેલ ડામર રોડના પોપડા હાથે થી ઉખાડયા હતા જે સહેલાઈથી ઉખડી ગયેલા.આ રસ્તો મહીસાગર જિલ્લા માર્ગ અને મકાન વિભાગ હસ્તક બનાવવામાં આવી રહ્યો છે અને એલ.જી.ચૌધરી એંજનશીના કોન્ટ્રાકટર શૈલેષ પટેલ દ્વારા તે રોડ બનાવવા માં આવેલ છે.આ કોન્ટ્રાકટર દ્વારા આવો રોડ બનાવીને કોનો વિકાસ કરવામાં આવી રહ્યો છેતે મુદ્દો હાલ ચર્ચા માં જોવાં મળે છે.. સ્થાનિકોનું કહેવું છે કે વર્ષો બાદ નવો રસ્તો બન્યો છે, પરંતુ નિમ્નસ્તરીય કામગીરીને કારણે વિકાસની આશાઓ પર પાણી ફરી વળ્યું છે આ ડામર રોડની કામગીરી માપદંડ મુજબ કરવામાં ન આવતા પેહલા દીવસે કોન્ટ્રાકટર ને ટોકવામાં આવ્યો હતો પરંતુ ગ્રામજનોનું સાંભળ્યા વિના રસ્તાની કામગીરી કોન્ટ્રાકટર દ્વારા તેની મરજી મુજબ ચાલુ રાખેલ હતી ત્યારબાદ સ્થાનિક લોકો 27000 મીટર મા દર 500 મીટરે રસ્તાને હાથથી ઉખેડીને ભ્રષ્ટાચારની પોલ ખોલતા જોવા મળી રહ્યા છે. મહીસાગર જિલ્લા નાં માર્ગને મકાન વિભાગ નાં કાર્યપાલક ઈજનેર ને નાયબકાર્યપાલક ઈજનેર તેમની એરકનડીશન ચેમ્બર માંથી બહાર નીકળી ને ચાલતા કામો પર સરપ્રાઈઝ ચેકીંગ કરતાં નાં હોઈ ને ટકાવારી નાં ચક્કર માં સૌની મીલીભગતથી વિકાસ નાં કામો માં કોન્ટ્રાકટર દ્વારા હયગય આ મહીસાગર જિલ્લામાં માં દરેક સ્તરે કરાતી જોવા મળે છે.ને તેથી મહીસાગર જિલ્લામાં ભષ્ટ્રાચાર ને કૌભાડોની બોલબાલા છે.

## સંગીતની દુનિયામાં નામ રોશન કરતી બાળ કલાકાર તેજશ્વરી રાવત



દિપક રાવલ | દાહોદ લીમખેડા

અંતેલાં પગાર કેન્દ્ર શાળા,તા - દેવગઢ બારીયા,જિ-દાહોદ નું ગૌરવ એવી બાળ કલાકાર તેજશ્વરી યોગેશભાઈ રાવત નું મૂળ વતન અંતેલા છે.અંતેલા પગાર કેન્દ્ર પ્રાથમિક શાળામાં તે ધોરણ-4 માં અભ્યાસ કરે છે.કું તેજશ્વરી રાવત જ્યારે ધોરણ -3 માં અભ્યાસ કરતી હતી ત્યારે પ્રથમવાર તેણે ' મોદીજી ગુજરાતી,ગાંધીજી ગુજરાતી' નામનું ગીત ગાયું હતું.

રાવત તેજશ્વરીએ આ વર્ષે પ્રથમવાર સરકારશ્રીના બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટેના નુત્તન અભિગમ 'કલા મહાકુંભ' જેવી મહત્વની સ્પર્ધામાં બાળકોની પ્રતિભાને બહાર લાવનારા કાર્યક્રમમાં રાવત તેજશ્વરી એ શાળા કક્ષાએ પ્રથમ,દેવગઢ બારીયા તાલુકા કક્ષાએ પ્રથમ, દાહોદ જિલ્લા કક્ષાએ પ્રથમ,તેમજ ઝોન કક્ષાએ સુરેન્દ્રનગર ખાતે યોજાયેલ સ્પર્ધામાં પણ રાજ્ય કક્ષાએ તૃતિય નંબર પ્રાપ્ત કરી સંગીતની દુનિયામાં નામ રોશન કરેલ છે.

તા-19/03/2025 નાં રોજ રાજ્ય કક્ષાના કલા મહાકુંભમાં પણ પોતાની આવડતથી તમામ નિર્ણાયકો અને શ્રોતાગણને તાળીઓના ગડગડાટે અને ગીત ગાવું અને સાથે હાર્મોનિયમ વગાડતી 09 વર્ષની તેજશ્વરીની કલા અદભૂત હતી.તેજશ્વરીએ ખરેખર ગામ,શાળા,તાલુકો,જિલ્લો,સમાજ તથા પોતાના ગુજરાત રાજ્યનું નામ રોશન કરેલ છે.સંગીત ક્ષેત્રે અભૂતપૂર્વ સિધ્ધિ પ્રાપ્ત કરવા બદલ શિક્ષણ વિભાગ તથા સમસ્ત કોળી સમાજ તરફથી ખૂબ ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

# જાફરાબાદમાં 7 કલાક બે દિલધડક રેસ્ક્યૂ ઓપરેશન

## કૂવામાં ખાબકેલી સિંહણ, ગટરમાં ફસાયેલા દિપડાને બચાવાયો



કિશોર આર. સોલંકી | જાફરાબાદ

**જાફરાબાદ રાજુલા પંથકમાં રેસ્ક્યૂ ઓપરેશન : વઢેરા ગામે ૩૫ ફૂટ ઉંડા કુવામાં સિંહણ ખાબકી જેતા ફોરેસ્ટ ઘટના સ્થળે ભારે જહેમત બાદ સિંહણ ને કુવામાંથી પાંજરે પૂરી, બીજા કિસ્સામાં રાજુલા ઉના હાઈવે પર રસ્તા ની ગટરમાં દીપડો ફસાઈ જતાં વનવિભાગ દ્વારા દીપડાને પાંજરે પૂર્યો**



જાફરાબાદ રેન્જમાં ૭ કલાક બે દિલધડક મેગા રેસ્ક્યૂ ઓપરેશન કરી વનતંત્રએ વઢેરા ગામમાં પડેલી સિંહણ ને વહેલી સવારે કુવામાંથી કાઢવા રેસ્ક્યૂ કરી બચાવી લીધી હતી જ્યારે છેલણા ગામે રાજુલા ઉના હાઈવે પર રસ્તાની ગટરમાં દીપડો ફસાઈ જતાં તેમનું રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરી બચાવી લેવામાં આવ્યો હતો જાફરાબાદ તાલુકાના વઢેરા ગામે જાફરાબાદ થી માત્ર ત્રણ કિલોમીટર દૂર છે. એ ગામના પાદરમાં મધરાતે બે વાગ્યે સિંહણ અચાનક કૂવામાં પડી ગઈ હતી તેની ખબર ગામ લોકોને પડતા લોકોએ જાફરાબાદ વાઈલ્ડ લાઈફ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને જાણ કરતા બાબરકોટ વનવિભાગ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા પ્રથમ ખાટલાને દોરડા વડે ચારેકોરથી બાંધીને ૩૫ ફૂટ ઉંડા કુવામાં ખાટલો ઉતાર્યો હતો તે ખાટલામાં સિંહણ તરત બેસી ગઈ હતી એ જ સમયે કર્મચારીઓ એ સ્લાઈડીંગ દરવાજા વાળા પાંજરાને દોરડા વડે બાંધીને કૂવામાં ઉતારી દેતાં આ સિંહણ ખાટલા ઉપરથી કૂદીને તે પાંજરામાં બેસી ગઈ હતી સમય સૂચકતા વાપરી ને એ સ્લાઈડીંગ દરવાજો તાત્કાલિક બંધ કરવામાં આવ્યો હતો ભારે વજનવાળી સિંહણ તેમજ ભારે વજનવાળુ પાંજરું તમાંમ વનવિભાગ ના કર્મચારીઓએ ખાસ્સી જહેમત બાદ બહાર કાઢી અને બાબરકોટ વાઈલ્ડ લાઈફ કેરસેન્ટરે લઈ જવામાં આવી હતી સિંહણ ને કોઈ પણ જાતની ઈજાઓ થઈ ન હતી જેથી સિંહણ ને પાંજરામાં જ રાખી બાબરકોટ વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં જ પાંજરામાં રાખવામાં આવી છે. તે બીજું રેસ્ક્યૂ રાજુલા ઉના હાઈવે પર રસ્તાની ગટરમાં દીપડો ફસાઈ ગયેલો જેને વનતંત્ર દ્વારા રેસ્ક્યૂ કરી અને તેને પણ બચાવી લેવામાં આવેલ છે. અને બંને જગ્યાએ આ પ્રાણીઓના જીવ બચાવવામાં વનવિભાગ સફળ રહ્યું હતુ એમ જાફરાબાદ ફોરેસ્ટ આર.એફ.ઓ. વાઘેલા જણાવી રહ્યા છે.

## પીડીઈયુ ખાતે ભાવિ એન્જિનિયરો માટે સ્કીલ ડેવલપમેન્ટ વર્કશોપ

(એજન્સી) અમદાવાદ | તા.22



પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટીનાં સ્કૂલ ઓફ એનર્જી ટેક્નોલોજીમાં કેમિકલ એન્જિનિયરિંગ વિભાગે 22મી માર્ચના રોજ એક દિવસીય 'હેન્ડ્સ ઓન વર્કશોપ ઓફ એક્સપેરિમેન્ટલ ટેક્નિક એન્ડ સોફ્ટવેર એનાલિસિસ'નું આયોજન કર્યું હતું. વર્કશોપમાં ગેસ સેપરેશન અને વોટર ટ્રીટમેન્ટ ક્ષેત્રે સંશોધન તકનીકો અને અત્યાધુનિક સાધનો, અને સિમ્યુલેશન-આધારિત તાલીમ માટે વિવિધ પ્લેટફોર્મ વિશે માહિતગાર કરવાનાં સત્રો હાથ ધરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓને કંટ્રોલ સિસ્ટમ્સનું વિશ્લેષણ કરવા માટે વિવિધ સામાન્ય ગણતરીના સાધનો અને અલ્ગોરિધમ્સ પણ દર્શાવવામાં આવ્યા હતા. PDEU ખાતે કેમિકલ વિભાગ વારંવાર વિદ્યાર્થીઓને નવીન શિક્ષણનો અનુભવ પ્રદાન કરવા માટે આવા ખરેખર માહિતીપ્રદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વર્કશોપમાં ગુજરાત અને ગુજરાત બહારની વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોના વિદ્યાર્થીઓએ સક્રિયપણે ભાગ લીધો હતો. તેમને કેમિકલ વિભાગની રિસર્ચ લેબોરેટરીમાં વિવિધ સુવિધાઓના જીવંત પ્રયોગનો અનુભવ કરવાની તક પૂરી પાડવામાં આવી હતી. વિભાગીય અધ્યાપકો અને સંશોધન સંલગ્ન વ્યક્તિઓ દ્વારા માહિતીપ્રદ સત્રો યોજવામાં આવ્યા હતા. તદઉપરાંત વિદ્યાર્થીઓ સાથે વર્કશોપ અંગે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો, તેમજ વિદ્યાર્થીઓ દ્વારા તેમનાં અનુભવ અંગે હકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. વિદાય સત્ર સાથે ઈવેન્ટ સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી, તમામ વિદ્યાર્થીઓને સહભાગીતા પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ઘાંડલા - દોલતીના ખેડૂતોની વર્ષો જૂની માંગણીઓનો આવશે અંત

**રૂ.80 લાખના ખર્ચે તૈયાર થનાર વેન્ટીલેટેડ કોઝ-વેનું ભુમિપુજન કરતા ધારાસભ્ય કસવાલા**



(એજન્સી) સાવરકુંડલા | તા.22

ઘાંડલા ગામના વિકાસને વધુ વેગ આપતાં, ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ આજે ઘાંડલાથી દોલતી-ભાક્ષી જામવાળી નદી ઉપર રૂ. 80 લાખના ખર્ચે તૈયાર થનાર વેન્ટીલેટેડ કોઝ-વેનું ભૂમિપૂજન કર્યું હતું. આ નવી સગવડ થી ગામના લોકોની રાહત તથા આજુબાજુના વિસ્તારોમાં જનસાધારણ માટે નવા રસ્તાના દરવાજા ખોલી રહ્યા છે. આ પ્રસંગે ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ વેન્ટીલેટેડ કોઝ-વેનું નિર્માણ થવાથી ઘાંડલા અને આસપાસના ગામોના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. ચોમાસા દરમિયાન નદીમાં પાણી ભરાઈ જવાને કારણે લોકોને પડતી મુશ્કેલીઓનો અંત આવશે. આ ઉપરાંત, ખેડૂતોને પણ પોતાના ખેતરોમાં જવા-આવવા માટે સરળતા રહેશે. આ અનુરૂપ, રૂ. ૮૦ લાખના ખર્ચે વિકસાવવામાં આવતો વેન્ટીલેટેડ કોઝ-વે દેશની બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરવાળી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી રહ્યો છે. આ યોજના તે વિસ્તારની યાત્રા વ્યવસ્થા અને વાહનચાલકો માટે ભવિષ્યમાં અદ્વિતીય સગવડતા પ્રદાન કરશે. આ પ્રસંગે ધારાસભ્યશ્રી કસવાલાએ જણાવ્યું હતું કે,આ વેન્ટીલેટેડ કોઝ-વેનું નિર્માણ એ ગામના વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું છે.આ કોઝ-વેથી લોકોને રોજિંદા જીવનમાં સરળતા રહેશે અને ગામનો વિકાસ પણ ઝડપી બનશે. આજે જ્યારે ભૂમિપુજન કરવામાં આવ્યું ત્યારે ગામના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ એના માટે ખુશીનો અવસર બન્યો હતો, કારણ કે આ વિકસીત રસ્તાઓ વિસર્જનની ક્ષમતા ધરાવતાં છે અને અનેક મોટી સમસ્યાઓના નિવારણ માટે નવા મોજું ફૂંકાવશે. આ ભૂમિપૂજન સમારોહમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રી જીતુભાઈ કાછડીયા,તાલુકા ભાજપ પ્રમુખશ્રી હિતેશભાઈ ખાત્રાણી,એ.પી.એમ. સી.ચેરમેન શ્રી દિપકભાઈ માલાણી,જીલ્લા પંચાયતના સદસ્યશ્રી લાલભાઈ મોર તથા શરદભાઈ ગૌદાની તથા તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખશ્રી જીવનભાઈ વેકરીયા,તાલુકા પંચાયતના ચેરમેનશ્રી ઘુસાભાઈ વાણીયા,તાલુકા પંચાયતના સદસ્યશ્રી વિજયભાઈ ચાવડા,સરપંચશ્રી કાળુભાઈ કાતરીયા તેમજ અન્ય આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ આ વિકાસ કાર્ય બદલ ધારાસભ્યશ્રી કસવાલાનો આભાર માન્યો હતો. તેવુ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## પીએમશ્રી કન્યાશાળાની બાળાઓએ કૉમન એન્ટ્રન્સ ટેસ્ટની પરીક્ષા આપી



નિતીન ઠાકર | ચાણસ્મા

સરકારના શિક્ષણ વિભાગ અને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષણ વિભાગની પ્રોજેક્ટ સ્કૂલ્સમાં પ્રવેશ અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ સહાય માટે પીએમશ્રી ચાણસ્મા પ્રાથમિક કન્યાશાળાની ધોરણ - 5 ની 34 તમામ બાળાઓ કૉમન એન્ટ્રન્સ ટેસ્ટ પરીક્ષામાં ઉપસ્થિત રહી , પરીક્ષા આપી.જાહેર પરીક્ષા નો પ્રથમ અનુભવ મળી રહે તે માટે શાળામાં અભ્યાસ કરતી ધોરણ-5ની બાળાઓના ઓનલાઈન આવેદનપત્ર ભરવામાં આવ્યા હતા. આ સાહિત્યના અભ્યાસ થકી બાળાઓએ પરીક્ષામાં સારો દેખાવ થાય તે માટે તમામ પાસાઓથી જેમ કે જૂના પેપર સૉલ્યુશન, મૉક ટેસ્ટ અને ઓ.એમ.આર.માં ડીકૉડીંગ કેમ કરવા..વગેરેનો મહાવરો કરવવામાં આવ્યા હતો.લાસીબેન દેસાઈના માર્ગદર્શન તળે બાળાઓને એક નવા આયામ માટે સજ્જ કરવામાં આવી.ગત વર્ષે પણ સુરેખા ચૌધરીના માર્ગદર્શન તળે જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજનામાં 7 દિકરીઓ મેરીટમાં આવી, મુખ્યમંત્રી જ્ઞાનસેતુ સ્કોલરશીપનો લાભ મળ્યો હતો.

## પાલનપુર ખાતે "વિશ્વ ચકલી દિવસ"ની ઉજવણી કરાઈ



માહિતી બ્યુરો, પાલનપુર | પાલનપુર ખાતે વિવિધ દાતાશ્રીઓના સહકારથી મોબાઈલ 'પશુ-સમાધિ' સેવા ગ્રુપ દ્વારા 'વિશ્વ ચકલી દિવસ' ની ઉજવણી કરાઈ હતી. બનાસકાંઠા જિલ્લા પોલીસ ડિપાર્ટમેન્ટના નેતૃત્વ હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં ચકલી સંવર્ધન માટે વિશેષ પ્રયાસો હાથ ધરાયા હતા. આ કાર્યક્રમમાં દરેક વ્યક્તિને ૨ ચકલીના માળા અને ૧ પાણીનું કુંડું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું, જેથી ચકલીઓ માટે સુખદ અને સુરક્ષિત આશરો ઉપલબ્ધ થઈ શકે. આ કાર્યક્રમને પ્રોત્સાહન આપવા માટે વિવિધ મહાનુભાવોએ હાજરી આપી હતી. જેમાં ડી.વાય.એસ.પી જે. જે. ગામીત, ડો. સુરેન્દ્રભાઈ ગુપ્તા, મહેન્દ્રભાઈ પરાડીયા, સહિત બનાસકાંઠા પોલીસ વિભાગના અધિકારી/કર્મચારીઓ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ITI કૂબેરનગરમાં ટુ વ્હીલર ઓટો લૅબનું ઉદ્ઘાટન કરાયું



ગાંધીનગર સંવાદદાતા | મેગા ઈન્ડસ્ટ્રીયલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યૂટ (મેગા ITI) કૂબેરનગર ખાતે આજે ટુ વ્હીલર ઓટો લૅબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ પ્રયોગશાળા હોમ ફર્સ્ટ સંસ્થાની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પ્રવૃત્તિઓ અંતર્ગત એલિક્ષિર ઓર્ગેનાઈઝેશન સાથે ભાગીદારીમાં સ્થાપવામાં આવી છે. આ નવીન લૅબ ટુ વ્હીલર ઓટો રિપેરર ટ્રેડ તેમજ ઓટોમોબાઈલ સેક્ટરના વિવિધ ટ્રેડના તાલીમાર્થીઓ માટે મહત્વપૂર્ણ તાલીમ સુવિધાઓ પૂરી પાડશે. આ ઉદ્ઘાટન સમારોહમાં હોમ ફર્સ્ટના પ્રતિનિધિઓ, મેગા ITI કૂબેરનગરના પ્રિન્સિપાલ્સ અને વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા. તેઓએ આ પ્રકારની સુવિધાઓ તાલીમાર્થીઓ માટે ઉપયોગી સાબિત થશે અને તેમની તકનીકી કૌશલ્યતાની વૃદ્ધિ માટે મજબૂત પાયાનું કામ કરશે. આ લૅબ અદ્યતન સાધનો અને ટેક્નોલોજીથી સંપૂર્ણ રીતે સજ્જ છે.

## મહેસાણાથી મુંબઈ હવાઈ સેવા શરૂ કરવાની માગ

**સાંસદ મયંક નાયકે નાગરિક ઉડ્ડયન મંત્રાલયને લખ્યો પત્ર**

(એજન્સી) મહેસાણા | તા.22



ગુજરાતના રાજ્યસભા સાંસદ મયંક નાયકે કેન્દ્રની પ્રાદેશિક કનેક્ટિવિટી યોજના, ઉડાન હેઠળ મહેસાણા અને મુંબઈ વચ્ચે સીધી હવાઈ જોડાણ શરૂ કરવા કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયને વિનંતી કરી છે. નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલને લખેલા પત્રમાં, સાંસદ મયંક નાયકે ઉત્તર ગુજરાતમાં વેપાર, પર્યટન અને પ્રાદેશિક વિકાસને વેગ આપવા માટે મહેસાણા માટે હવાઈ સેવાઓ શરૂ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

મહેસાણાને એક મુખ્ય ઔદ્યોગિક અને વાણિજ્યિક કેન્દ્ર ગણાવતા, મયંક નાયકે કહ્યું કે શહેર અને તેની આસપાસના જિલ્લાઓને લાંબા સમયથી વધુ સારી હવાઈ જોડાણની જરૂર છે. 20 માર્ચના પત્રમાં મયંક નાયકે જણાવ્યું હતું કે, 'મહેસાણા ફક્ત આપણા વડાપ્રધાનનો ગૃહ જિલ્લો જ નથી, પરંતુ ઉત્તર ગુજરાતનું એક મહત્વપૂર્ણ આર્થિક કેન્દ્ર પણ છે. આ પ્રદેશના તેલ અને ગેસ ઉદ્યોગ, ડેરી ક્ષેત્ર, કૃષિ અને વિવિધ વ્યવસાયિક પ્રવૃત્તિઓ આ પ્રદેશના અર્થતંત્રમાં નોંધપાત્ર ફાળો આપે છે.'

## માલપુરની વાત્રક નદીમાં એકબીજાને બચાવવા જતાં ત્રણ કિશોરોના ડૂબવાથી મોત



(એજન્સી) માલપુર | તા.22

અરવલ્લીના માલપુરની વાત્રક નદીમાં આજે શનિવારે (22 માર્ચ) ત્રણ કિશોર ડૂબ્યા હોવાની ઘટના સામે આવી છે. ઘટના અંગે સ્થાનિકોએ પોલીસને જાણ કરીને તરવૈયાની મદદથી તાત્કાલિક કિશોરને બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનામાં ત્રણેય કિશોરના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. અરવલ્લીના માલપુરની વાત્રક નદીના જૂના પુલ પાસે ત્રણ કિશોર ડૂબ્યા હોવાનું જાણ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી પહોંચી હતી. પાણીમાં ડૂબાયેલા કિશોર માલપુર કસબાના હોવાનું સામે આવ્યું છે. જાણવા મળ્યું હતું કે, નદીમાં ચીકણી માટી હોવાથી એક કિશોર ડૂબ્યો હતો, જ્યારે તેને બચાવવા અન્ય બે કિશોર જતાં ત્રણેય કિશોરનો પાણીમાં ગરકાવ થતાં મોત નીપજ્યું હતું. ત્રણેય મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માલપુર સી.એસ. સી. સેન્ટર મોકલવામાં આવ્યા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## CCTV:સવારે આરોગ્ય કમિશનરની મુલાકાત અને રાત્રે બાળ ચોરી

# સુરત સિવિલમાંથી નવજાત બાળકની ચોરી, અજાણી મહિલા નવજાતને લઈ ફરાર

(એજન્સી) સુરત તા 22

સુરત સિવિલ હોસ્પિટલના સ્ટેમસેલ બિલ્ડિંગમાં એક ચોંકાવનારો બનાવ બન્યો છે. મળતી માહિતી અનુસાર, 21 માર્ચને શુક્રવારે રાત્રે હોસ્પિટલના ડિલિવરી રૂમમાંથી એક નવજાત બાળકની ચોરી થયાની ઘટના સામે આવી છે. બાળક ચોરીની જાણ થતા જ હોસ્પિટલમાં ભારે હલચલ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ હોસ્પિટલ પ્રશાસન અને સુરત પોલીસ તાત્કાલિક હરકતમાં આવી ગયું હતું. સુરત ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસની ટીમોએ હોસ્પિટલમાં પહોંચી સીસીટીવી ફૂટેજ ચેક કર્યા હતાં, જેમાં એક મહિલા બાળકને લઈને જતી દેખાઈ રહી છે. હાલમાં પોલીસે સીસીટીવીના આધારે આરોપી મહિલા સુધી પહોંચવાના પ્રયત્નો હાથ ધર્યા છે.

## માતા-બાળક બીજા માળે સારવારમાં હતાં

મળતી માહિતી મુજબ, પાંડેસરા બમરોલી રોડ ખાતે આવેલ ગોવર્ધન નગરમાં 23 વર્ષીય સંધ્યા ધીરજ શુક્લા પરિવાર સાથે રહે છે. શુક્રવારે સવારે સંધ્યાને પ્રસૂતિનો દુખાવો ઉપડયો હતો, જેથી પરિવારજનો તેણીને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતા. જ્યાં સ્ટેમસેલ બિલ્ડિંગમાં તેણીને દાખલ કરવામાં આવી હતી. દરમિયાન સાંજના સમયે સંધ્યાએ બાળકને જન્મ આપ્યું હતું. બાદમાં બાળક અને સંધ્યાને બિલ્ડિંગમાં બીજા માળે વધુ સારવાર માટે દાખલ કર્યા હતા. હોસ્પિટલના CCTV ફૂટેજમાં એક અજાણી મહિલા બાળકની માતા પર લગભગ 3 કલાક સુધી નજર રાખતી જોવા મળી હતી. ત્યારબાદ, તેણી સાવચેતીપૂર્વક બાળકને હોસ્પિટલની બહાર લઈ જતી કેમેરામાં કેદ થઈ હતી.





**હોસ્પિટલ તંત્ર અને પોલીસને જાણ કરાઈ :** રાત્રે 9 વાગ્યાના સુમારે નજર ચૂકવીને એક મહિલા બાળકને થેલામાં નાખી ચોરી કરીને પલાયન થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતા પરિવારે હોસ્પિટલમાં શોધખોળ હાથ ધરી હતી. જોકે બાળકનો કોઈ પણ પત્તો લાગ્યો ન હતો. આ સાથે જ હોસ્પિટલ તંત્રને પણ જાણ કરી દેવામાં આવી હતી. ત્યારબાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અંગે ત્રિલોકેશ શુક્લા (ભોગ બનનારના મોટા ભાઈ)એ જણાવ્યું હતું

# પોલીસને ગોથે ચઢાવે તેવા કુખ્યાતોનાં ભુલભુલૈયા ઘર:અઢી ફૂટ પહોળી ગલીમાં મકાનની અંદર મકાન

(એજન્સી) સુરત તા 22

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયની સૂચના બાદ રાજ્યભરમાં 7612 અસામાજિક તત્ત્વોની યાદી તૈયાર કરવામાં આવી છે. આ યાદી તૈયાર થયા બાદ હવે તેમણે કરેલા ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવવામાં આવી રહ્યું છે. પરંતુ સુરત શહેરમાં કેટલાક હાર્ડકોર ક્રિમિનલો પોલીસથી બચવા માટે ગેરકાયદે બાંધકામ કરી રહ્યા છે, જે ભુલભુલૈયા સમાન છે. ઘણી વખત તો સ્ટ્રક્ચર બહારથી ખૂબ જ ખરાબ સ્થિતિમાં હોય છે પરંતુ આ અસામાજિક તત્વો બંગલાની અંદર લક્ઝુરિયસ લાઈફ જીવતા હોય છે. એક ઘરમાંથી બીજા ઘરમાં જવા ટેમ્પરરી બ્રિજ ગેરકાયદે બાંધકામો તોડવા સાંકડી ગલીઓમાં જવા માટે ગોથે ચઢેલી સુરત પોલીસ મનપાની મદદ લઈ રહી છે. અસામાજિક તત્ત્વોએ પોતાના ઘરો નજીક ગેરકાયદે ફૂટ ઓવર બ્રિજ, ગૂંચવાયેલા રસ્તાઓનો ઉકેલ લાવવા નકશા મંગાવી તપાસ કરવામાં આવી રહી છે. આરોપીઓ જ્યારે પણ પોલીસ પકડવા આવે ત્યારે હાથમાં ન આવે તે માટે એક મકાનથી બીજા મકાન સુધી ટેમ્પરરી બ્રિજ પણ બનાવવામાં આવ્યો છે.



**માત્ર અઢી ફૂટ પહોળી ગલી :** સુરત પોલીસે કુખ્યાત સજ્જુ કોઠારી અને સમીર માંડવાના ગેરકાયદે દબાણો પર બુલડોઝર ચલાવ્યું હતું. બીજી તરફ, અન્ડરવર્લ્ડ સાથે સંકળાયેલા અલ્તાફ પટેલ અને તેના ભાઈ ઈરફાનના ઘરોમાં ક્રાઈમ બ્રાન્ચે સર્ચ ઓપરેશન હાથ ધર્યું. માત્ર અઢી ફૂટ પહોળી ગલી ક્રોસ કર્યા બાદ આરોપી અલ્તાફનો આલિશાન બંગલો જોવા મળ્યો હતો. પોલીસ સર્ચ માટે જ્યારે અલ્તાફના બંગલે પહોંચી ત્યારે તો આખી બિલ્ડિંગ જોઈને ચોંકી ગઈ! એક મકાન સાથે બીજું અને બીજા સાથે ત્રીજું મકાન જોડાયેલું હતું.

**પોલીસથી બચવા લોખંડના ટેમ્પરરી બ્રિજ :** અલ્તાફ અને ઈરફાનના ઘર નજીક લોખંડના ટેમ્પરરી બ્રિજ જોવા મળ્યા. લગભગ 10 મીટર લાંબા આ બ્રિજ પોલીસથી બચવા માટે બનાવવામાં આવ્યા હતા. પોલીસ દરોડા પાડે અથવા ધરપકડ માટે આવે ત્યારે આરોપીઓ ઝડપાઈ ન જાય તે માટે એક મકાનથી બીજા મકાનમાં નાસી છૂટવા માટે આ બ્રિજ બનાવવામાં આવ્યા હતા. ક્રાઈમ બ્રાન્ચે અલ્તાફ, ઈરફાન અને તેમના પરિવારના નજીક રહેતા તમામ લોકોની મિલકતની વિગતો સુરત મહાનગરપાલિકા પાસેથી મંગાવી છે.

## દુકાનની આડમાં દારૂનો ધંધો:સાવલીમાં દારૂ પી આધેડે નાણાં ન ચૂકવતાં બૂટલેગર પિતા-પુત્રએ માર માર્યો

(એજન્સી) વડોદરા તા 22

જિલ્લાના સાવલીમાં ઉધારીમાં દારૂ પીતા આધેડે નાણાં ન ચૂકવતાં બૂટલેગર પિતા-પુત્રએ મારમાર્યો હતો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ઘટના બાદ આધેડના પુત્ર તથા અન્ય ચર્ચા કરવા જતા તેમની સાથે પણ ગેરવર્તણૂંક કરવામાં આવી હતી. આ બનાવ અંગે આરોપી પિતા-પુત્ર સામે સાવલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. આધેડે દારૂ પી પૈસા ન આપતા ફટકાર્યા સાવલી પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ વિગત એવી છે કે, અશોકભાઈ ભક્તિભાઇ માળી સાવલીના માળી મહોલ્લામાં રહે છે અને ફ્રુટની લારી ચલાવે છે. તેઓને ખેંચની બીમારી છે. આ તકલીફના કારણે તેઓ દારૂ પીવે છે. દારૂ પીવા પાસે પરમિટ ન હોવાથી તે સાવલી ભાદરવા ચોકડી ખાતે રહેતા અને દુકાનની આડમાં દારૂનો ધંધો કરતા બૂટલેગર પિતા-પુત્ર વિઠ્ઠલ હસમુખભાઇ માળી અને આકાશ વિઠ્ઠલ માળીની દુકાને દારૂ પીવા માટે ગયા હતા.દરમિયાન પૈસા ન હોવા છતાં દારૂની બોટલ લઈને દારૂ પી લીધો હતો. બાદમાં બુટલેગર પિતા-પુત્રએ દારૂની બોટલના પૈસા માંગતા અશોકભાઈ ન ચૂકવતાં અને પછી આપવા જણાવતાં બૂટલેગર પિતા-પુત્ર રોષે ભરાયાં હતાં અને દુકાનમાં પડેલા દંડાથી અશોકભાઈને માર માર્યો હતો. પિતાને બચાવવા દોડી આવેલા પુત્ર વિવેક બૂટલેગર પિતા-પુત્રએ તેણે પણ માર માર્યો હતો આ તકલીફના કારણે તેઓ દારૂ પીવે છે. દારૂ પીવા પાસે પરમિટ ન હોવાથી તે સાવલી ભાદરવા ચોકડી ખાતે અને આપી હતી. આ બનાવ અંગે અશોકભાઈ માળીએ બૂટલેગર પિતા-પુત્ર વિઠ્ઠલ હસમુખભાઇ માળી અને આકાશ વિઠ્ઠલભાઇ માળી (બંને રહે. સાવલી ટાઉન, સાવલી, વડોદરા ગ્રામ્ય) સામે સાવલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવી હતી. પોલીસે ફરિયાદના આધારે કાર્યવાહી હાથ ધરી છે.

## જૈનોના માઢમાં માથાભારે અલ્તાફ સિંધીએ હડપેલી જગ્યા પોલીસે ખુલ્લી કરાવી

પાલનપુર તા 22

પાલનપુરમાં શુક્રવારે પૂર્વ પોલીસની ટીમે મહત્વનું ઓપરેશન પાર પાડી ખોડા લીમડા વિસ્તારમાં ખંડણીખોર યુવક દ્વારા પચાવી પાડવામા આવેલી જૈન સમાજની જગ્યાઓ ખુલ્લી કરાવી ખંડણી ખોરના આતંકનો ખાત્મો બોલાવ્યો હતો. અહીં ગેર કાયદેસર બજાર ઊભો કરી જુદા જુદા શેડ બનાવીને તે બધા ભાડે આપી મહિને તગડું ભાડું વસૂલાતું હતું.

આ માથાભારે તત્વ બહાર રહેતા લોકોની જમીનો હડપ કરી તેમજ તેમના મકાનોનો ગોડાઉન તરીકે ઉપયોગ કરી ભાડું વસુલતો હોય તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી. પાલનપુરમાં છેલ્લા ચાર દિવસથી પોલીસે રીઢા ગુનેગારો સામે લાલ આંખ કરી છે જેમાં ગેર કાયદેસર દબાણો તોડી પાડવાની સાથે વીજ અને નળ જોડાણ કાપવામાં આવી રહ્યા છે જે વચ્ચે શહેરના ખોડા લીંબડા વિસ્તારમાં મહિલાઓનું શાકભાજી બજાર ઉપરાંત જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓનું ભાર ભરાય છે ત્યાં અલ્તાફ નજીરમિયા સિંધી એ જગ્યાઓ પર બ્થામણીઓ કબજો જમાવી લોકોને ભાડે આપી કમાણી કરતો હતો. ઉપરાંત તે અવારનવાર લોકોને ધાક ધમકી આપી તેમની પાસેથી ખંડણી વસૂલતો હતો.

ખોડા લીમડા વિસ્તારમાં મકાનો ધરાવતા અને ધંધાર્થે વર્ષોથી બહાર રહેતા જૈન સમાજના લોકોની જગ્યા હડપ કરી તેના પર ગેર કાયદેસર બાંધકામ કરી પંદર જેટલી જગ્યાઓ માસિક 3 થી 5 હજાર લેખે ભાડે આપી હતી તેમજ જૈન સમાજના લોકોના જૂના મકાનોની તોડફોડ કરી તેનો વખાર તરીકે ઉપયોગ કરી ભાડાની વસુલાત કરતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. શુક્રવારે પૂર્વ પોલીસનો કાફલો જેસીબી સાથે ખોડા લીમડા સ્થિત ઘટના સ્થળે પહોંચીને ગેર કાયદેસર કરેલ દબાણો તોડી પાડીને જગ્ગાઓ ખુલ્લી કરી લોકોમાં આ આવ્યો હતો. પાલનપુરમાં સતત ચોથા દિવસે અમે ડિમોલિશનની કામગીરી જારી રાખી છે.

## વાહનચાલકોને રોજની હાલાકીમાંથી મુક્તિ મળશે:એક સાથે 2થી 3 સિગ્નલ સળંગ પસાર કરી શકાય તે રીતે ટાઈમ રિસેટ કરાશે

(એજન્સી) સુરત તા 22

1હાલમાં શહેરમાં ઘણાં સ્થળે સીધા રોડ પર પણ 2થી 3 સિગ્નલોના સમય સરખા ન હોવાથી વાહનચાલકોએ વારંવાર થોભવું પડે છે.

રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં પોલીસ કમિશનરની અધિકારીઓને સૂચના, સમય સાથે ઈંધણની પણ બચત થશે હાલમાં શહેરમાં ઘણા સિગ્નલો નજીક-નજીક હોવાથી વાહનો વારંવાર ઊભા રાખી માનસિક યાતના થતી હોવાની ફરિયાદો મળી હતી એક સાથે નજીકમાં આવતાં 2થી 3 ટ્રાફિક સિગ્નલોમાંથી સળંગ વાહન પસાર થાય તેમ ટાઈમસેટ કરવા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં પોલીસ કમિશનર અનુપમ ગેહલોતે અધિકારીઓને સૂચના આપી છે. સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ શહેરમાં 51 કરોડના ખર્ચે 215 અદ્યતન ટ્રાફિક સિગ્નલો કાર્યરત કરાયા છે.



જો કે, હાલમાં સૌથી મોટી સમસ્યા એક સાથે નજીકના અંતરમાં આવતા 2થી 3 ટ્રાફિક સિગ્નલો છે, જેના કારણે લોકોએ વારંવાર વાહનો ઊભા રાખવા સાથે માનસિક યાતના પણ ભોગવવી પડે છે. ઉપરાંત સમય અને ઈંધણનો બગાડ થતો હતો, જેથી આવા સિગ્નલો એક સાથે પસાર થઈ શકે તે રીતે ટાઈમ રિસેટ કરવા પોલીસ કમિશનરે સૂચના આપી હતી. ઉપરાંત ઓ.એન.જી.સી. બ્રિજ પર શનિ-રવિ કે રજાઓમાં લોકો વાહનો પાર્ક કરતા હોય છે, જેથી આ બ્રિજ પર ભારે વાહનો પસાર થતા હોવાથી મોટા અકસ્માતનો ભય રહે છે, જેથી આ અંગે સાઈન બોર્ડ લગાવીને લોકોને વાહનો પાર્ક ન કરવા તાકીદ કરવામાં આવી છે.

આ બેઠકમાં પોલીસ કમિશનરે શહેરના દરેક ઝોન વિસ્તારમાં રિક્ષાઓ માટે નિયત કરેલા સ્ટેન્ડમાં સાઈન બોર્ડ, પાર્કિંગના પટ્ટા લગાવવા માટે પણ પાલિકાના અધિકારીઓને સૂચના આપી હતી. રિક્ષાઓમાં હેવી સાઉન્ડ સિસ્ટમ રાખનારા ચાલકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત શહેરમાં પ્રતિબંધિત વિસ્તારોમાં ભારે વાહનો માટે સાઈન બોર્ડ લગાવવા પણ પાલિકાના અધિકારીઓને સૂચના અપાઈ હતી.

**ઘોડદોડ, પાલ ગેલેક્સી સર્કલ, અઠવાના સિગ્નલ રિસેટ કરી દેવાયા :** શહેરમાં 215 ટ્રાફિક સિગ્નલ છે, જેમાં અત્યંત નજીકમાં 2થી 3 આવતા હોય તેવા ઘોડદોડ રોડ, પાલ ગેલેક્સી સર્કલ, અઠવાલાઈન્સ સર્કીટ હાઉસથી સીપી ઓફિસ સુધીના ટ્રાફિક સિગ્નલ પર ટાઈમીંગ સેટ કરવામાં આવ્યા છે. પોલીસ કમિશનરની સુચના પછી ટ્રાફિક પોલીસ અને પાલિકાની ટીમ સર્વે કરી અન્ય સ્થળો પર નજીકમાં આવતા સિગ્નલો પર ટાઈમીંગ સેટ કરવાની કામગીરી હાથ ધરશે. જેથી શહેરીજનોને ભવિષ્યમાં થોડી રાહત મળશે.

**આગામી મહિનામાં ગભેણી-બુડિયા બ્રિજ ખુલ્લો મુકાશે :** રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં નેશનલ હાઈવેના અધિકારીઓએ બુડિયા અને ગભેણી ઓવરબ્રિજની કામગીરી આગામી મહિનામાં પૂર્ણ થતાં ખુલ્લા મુકવામાં આવનાર હોવાની વિગતો આપી હતી, જેથી હાલ બ્રિજના કામને લઈ થતી તેમજ બ્રિજ શરૂ થતા હાલની ટ્રાફિકની સમસ્યા ઉકેલાઈ જશે. જ્યારે કમિશનરે શહેરી વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર વિરુદ્ધ લેનમાં ચાલનારા ભારે વાહનો સામે પણ કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

## જાટ યુવાન રાજકુમારના અકસ્માતે મૃત્યુ કેસ

(એજન્સી) ગોંડલ તા 22

ગોંડલના જાટ યુવાન રાજકુમારના અકસ્માતે મૃત્યુ કેસમાં થોડી ઘણી પણ જે શંકાઓ છે તે સ્પષ્ટ થવાની સંભાવના

વાહનોમાં આવેલા લોકો કોણ? કુવાડવાના પીઆઈએ કહ્યું, અમને ફૂટેજ મળ્યા છે હવે તેના પર તપાસ ચાલુ છે

ગોંડલના જાટ યુવાનના અકસ્માતમાં થયેલા મૃત્યુ કેસમાં દિવ્ય ભાસ્કરે ગત 12 માર્ચે જે સ્થળે અકસ્માત થયો ત્યાં સ્કોર્પિયો અને ફોર્ચ્યુનર જેવા બે એસયુવી અને એક બાઈક સહિતનાં વાહનો શંકાસ્પદ રીતે આવ્યા હોવાનો પર્દાફાશ કર્યો હતો. તેમાં બે વાહન રોંગ સાઈડમાંથી શા માટે આવ્યાં તે અંગે પણ અનેક સવાલો ઉઠાવ્યા હતા. જો કે આ બાબતે પોલીસ પાસે કોઈ આધારપુરાવા ન હતા હવે પોલીસ પાસે અકસ્માતના સ્થળ પરના ફૂટેજ આવી ગયા છે.

આ અંગે તપાસનીશ પોલીસ અધિકારી કુવાડવા પોલીસ મથકના પોલીસ ઈન્સપેક્ટર બી.પી. રજયાને જ્યારે ભાસ્કરે સવાલ કર્યો કે, તમારી પાસે સ્થળ પરના ફૂટેજ આવ્યા છે ? તો તેઓએ કહ્યું હતું કે હા, ફૂટેજ મળી ગયા છે પરંતુ હાલ તપાસ ચાલુ છે તેથી વિશેષ કાઈ નહીં કહી શકું.ગોંડલમાં રહેતા અને પાઉંભાજીનો ધંધો કરતા રતનલાલ જાટનો પુત્ર રાજકુમાર ગોંડલમાંથી લાપતા થયા બાદ તેની લાશ રાજકોટ નજીક તરઘડિયા ગામ પાસે ઓવરબ્રિજ પરથી 4 માર્ચે વહેલી સવારે ત્રણેક વાગ્યા આસપાસ મળી હતી.

પોલીસે પોસ્ટમોર્ટમ કરાવતા આ બનાવ અકસ્માતનો હોવાનું સ્પષ્ટ થયું હતું. જો કે તે પહેલા રતનલાલ જાટે ગંભીર આક્ષેપો કરીને તેના પુત્રનું અપહરણ કરીને હત્યા કરાયાનું કહ્યું હતું. રાજકોટ જિલ્લા પોલીસવડા હિમકરસિંહ અને તેની ટીમે સીસીટીવી ફૂટેજ ચેક કરીને એ પણ સ્પષ્ટ કરી દીધું હતું કે ચોથી માર્ચે વહેલી સવારે રાજકુમાર જાટનું જે ઓવરબ્રિજ પર મૃત્યુ થયું તેની પહેલા તે તેના ઘેરથી ચાલીને વાયા રામધામ આશ્રમમાં રોકાયા બાદ ઓવરબ્રિજ પર ચાલીને પહોંચ્યો હતો અને ત્યાં ખાનગી ટ્રાવેલ્સની બસની ઠોકર લાગવાથી મોત થયું હતું.

## વડોદરાના નકશા પરથી 30માંથી 13 તળાવ ગાયબ, પુરાણ કરી 17ને સાંકડાં કરી નાખ્યાં

(એજન્સી) વડોદરા તા 22

વડોદરાએ ગાયકવાડી શાસનકાળથી ઉત્કૃષ્ટ નગર આયોજન માટે દેશભરમાં ખ્યાતિ મેળવેલી હતી. જેમાં વિવિધ વિસ્તારોમાં બનાવાયેલાં તળાવો શહેરની આગવી ઓળખ હતાં. આ તળાવોને કારણે દરેક વિસ્તારમાં પાણીની સમસ્યાનો સરળતાથી નિકાલ થતો હતો, સાથે ભૂગર્ભ જળ પણ ઊંચાં રહેતાં હતાં. ગાયકવાડી શાસનમાં નાનાં-મોટાં 30 જેટલાં તળાવો હતાં, જે આઝાદી બાદ ધીમે ધીમે લુપ્ત થતાં ગયાં. હાલ શહેરમાં 13 જેટલાં તળાવો ગાયબ થઇ ગયાં છે, જ્યારે 17માં પુરાણ કરી દેવાતાં સાંકડાં થઈ ગયાં છે. જોકે તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાતાં નથી.

આર્કિટેક્ટ અને અર્બનિસ્ટ એવોર્ડ વિજેતા સંજીવ જોશીએ કહ્યું કે, ભૂતકાળમાં શહેરમાં 30 જેટલાં તળાવો હતા. આ બધાં જ તળાવો ઉત્કૃષ્ટ નગર આયોજનને કારણે એકબીજા સાથે લિંક હતાં. જેથી ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિનું નિર્માણ થાય તો શહેરી વિસ્તારોમાં ભરાયેલાં પાણી તાકીદે તળાવોમાં ઊતરી જાય. જો એક તળાવ ભરાય તો બીજા સાથે લિંક હોવાથી પાણી અન્ય તળાવમાં જતું રહે અને શહેરમાં પાણી ભરાવાની સમસ્યાનો નિકાલ આવી જાય. જોકે કુશળ વહીવટના અભાવે સમયાંતરે 40 ટકા જેટલાં તળાવો નકશા પરથી ગાયબ થઇ ગયાં છે કે પછી પુરાણને કારણે નાનાં થઇ ગયાં છે. 2006-08ના સરવેના આધારે ગાયકવાડી શાસન વેળાના 30 પૈકીનાં 13 તળાવો નકશા પરથી ગાયબ થઇ ગયાં હતાં. જ્યારે બાકી રહેલાં 17 તળાવે પુરાણને કારણે સાંકડાં થઇ ગયાં હતાં. આ સરવે માટે સેટેલાઇટ ફોટો સહિત સ્થળ પર તપાસ કરાઈ હતી. આ રિપોર્ટ વિશે આર્ટિકલ તૈયાર કરી રજૂ કરાયો હતો. જેને 2009માં 'વાસ્તુ

19મી સદીમાં વડોદરાના કુલ વિસ્તારમાંથી તે વખતનાં 30 તળાવોનો કુલ વિસ્તાર અંદાજે 150 એકર હતો. અત્યારના સરવેના આધારે કુલ તળાવોના વિસ્તારમાંથી 25 એકરનાં 13 તળાવ ગાયબ થઇ ગયાં છે અને બાકીનાં 17 તળાવોમાંથી અનેક પુરાણને કારણે સાંકડાં થઇ ગયાં છે.

## પંચમ કો.ઓ.સોસાયટી ઊઠી ગઇ હોવાની વાતે ખાતેદાર દોડતા થયા

(એજન્સી) વડોદરા તા 22

વારસિયા રોડની પંચમ કો.ઓપ. સોસાયટી ઊઠી જવાની અફવાથી ખાતેદારો દોડતા થયા હતા. જોકે પંચમ કો. ઓપ. સોસાયટીના વહીવટમાં નિષ્કાળજીથી કમિટીને હટાવાઈ હોવાનું જાણવા મળ્યું હતું. સોસાયટીમાં 5 હજારથી વધારે ખાતેદારોના 60 લાખ જમા છે. વારસિયા રોડની પંચમ કો.ઓપ. સોસાયટી ઊઠી ગઈ હોવાની વાત વહેતી થતાં શુક્રવાર મોટી સંખ્યામાં ખાતેદારો સોસાયટી ખાતે એકત્રિત થયા હતા. ખાતેદાર પવન ગુપ્તાએ કહ્યું કે, 4 દિવસથી પંચમ કો.ઓપ. સોસાયટીની કમિટીના સભ્યો દેખાતા ન હોવાની વાત જાણવા મળી હતી.

શુક્રવારે સવારે કમિટીના સભ્યો ભાગી ગયા હોવાની વાત બહાર આવતાં ખાતેદારો પૈસા લેવા પહોંચ્યા હતા.

જોકે ત્યાં કોઈ હાજર નહતું. બાદમાં સહકારી મંડળીના અધિકારી પહોંચ્યા હતા અને તેમણે ખાતેદારોને કહ્યું કે, કમિટીના સભ્યો વહીવટ યોગ્ય રીતે કરતા ન હોવાથી હટાવ્યા છે. નવી કમિટી બનાવાયા બાદ ખાતેદારોને રૂપિયા પરત અપાશે. સાથે લોનની રિકવરી કાર્યવાહી કરાશે. પંચમ કો.ઓપ. સોસાયટીના વહીવટમાં નિષ્કાળજી બહાર આવી છે.


જેને કારણે કમિટીના સભ્યોને દૂર કરાયા છે. નવી કમિટી નિમવાની પ્રક્રિયા કરાશે. કમિટીના સભ્યો સભાસદોની લોનની રિકવરી કરી શક્યા નહતા. પંચમ કો.ઓપ. સોસાયટી ઊઠી ગઇ હોવાની વાત માત્ર અફવા છે.

## આધેડ પગ લપસતાં નદીમાં ગરક:નદી કાંઠેથી જીવાપરના આધેડનું સ્કૂટર મળ્યા

(એજન્સી) આટકોટ તા 22

આટકોટ અંબાજી મંદિર પાછળથી વહેતી નદીમાં માછલી પકડવા ગયેલા આધેડ કોઈ કારણોસર પાણીમાં ગરક થઇ ગયા હતા. આસપાસના લોકોને જાણ થતાં જસદણ ફાયરની ટીમને જાણ કરાઇ હતી અને તરવૈયાઓએ વ્યાપક શોધખોળ હાથ ધરી છે. તો બીજી તરફ અંધારું થઇ જતાં રેસક્યુ ઓપરેશન થંભાવી દેવાયું હતું અને આજે શનિવારે ગોંડલથી ફાયરની ટીમ આવી આધેડની શોધ ચલાવશે. નદી કાંઠેથી માછલી પકડવાની જાળ, સ્કૂટર અને ફોન તેમજ ચપ્પલ મળી આવ્યા છે.

આટકોટના અંબાજી મંદિર નજીક 45 વર્ષીય આધેડ વિજય લાખા સાથળિયા નદીમાં ખાબક્યો હોવાની જાણ થતાં જસદણ ફાયર બ્રિગેડની ટીમ ધસી ગઇ હતી. આ અંગે પરિવારને જાણ કરાતાં જાણવા મળ્યું હતું કે તેઓ ઘરેથી ગઇકાલે બપોરે નીકળી ગયા હતા અને પછીથી ફોન પણ બંધ થઇ ગયો હતો. નદી કિનારેથી આધેડના કપડા, ફોન,



ટુ-વ્હીલર તેમજ માછલી પકડવાની જાળ મળી આવી હતી. પરિવાર સાથે બે દિવસ પહેલાં ઝગડો થયો હતો અને ઘર છોડીને નીકળી ગયા હતા. તેમને સંતાનોમાં બે દીકરા અને એક દીકરી છે અને મજૂરી કરી પરીવારનું ગુજરાત ચલાવતા હતાં. આટકોટ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે. આધેડને શોધવા જસદણના ફાયરના જવાનોએ નદીના પાણી ડહોળ્યા હતા અને આજે ગોંડલથી ટીમ આવશે.

**મહિલા સાથે નેતા એક વર્ષ પૂર્વે સોશિયલ મીડિયામાં સંપર્કમાં આવ્યા હતા**

## ભાજપ સાશિત તળાજા પાલિકાના ઉપપ્રમુખે લગ્નની લાલચ આપી મહિલા સાથે શરીર સંબંધ બાંધ્યા



(એજન્સી) તળાજા। તા. 22

ભાજપ સાશિત તળાજા નગરપાલિકાના ઉપપ્રમુખ સામે લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધ્યાની તળાજા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. તાજેતરમાં જ તળાજા નગરપાલિકાના ઉપપ્રમુખ તરીકે વરાયેલા ભાજપના નેતા એક વર્ષ પૂર્વે સોશિયલ મીડિયામાં મહિલા સાથે સંપર્કમાં આવ્યા હતા અને મહિલાને લગ્નની લાલચ આપી શરીર સંબંધ બાંધ્યો હતો. પરંતુ નગરપાલિકાના ઉપપ્રમુખ બન્યા બાદ લગ્ન લગ્ન કરવાની ના પાડતા પીડિતાએ તળાજા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. તાજેતરમાં યોજાયેલી તળાજા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને બહુમતિ મળતા પાર્ટીએ નગરપાલિકાના ઉપપ્રમુખ તરીકે ધર્મેન્દ્રસિંહ હારિતસિંહ વાળાની તાજપોશી કરી હતી. ભાજપ યુવા મોર્ચાના શહેર અધ્યક્ષપદે રહી ચુકેલા અને હાલ નગરપાલિકાના ઉપપ્રમુખ પદે રહેલા ધર્મેન્દ્રસિંહ હારિતસિંહ વાળા સામે તળાજા પંથકની એક મહિલાએ આરોપ લગાવ્યો હતો કે, એક વર્ષ પહેલા સોશિયલ મીડિયાના માધ્યમથી તેઓ બન્ને સંપર્કમાં આવ્યા હતા અને મહિલાની માતાની તબિયત નાદુરસ્ત થતાં તેઓ રૂબરૂ મળ્યા હતા અને ત્યારે ધર્મેન્દ્રસિંહે લગ્નનું વચન આપી પ્રેમનો એકરાર કર્યો હતો અને લગ્નનું વચન આપતા તળાજા તથા અન્ય સ્થળોએ મરજીથી શરીર સંબંધ બાંધ્યા હતા પરંતુ ઉપપ્રમુખ બન્યા બાદ મહિલાએ લગ્ન કરવાનું કહેતા તેણે લગ્નનો ઈનકાર કર્યો હતો. આ અંગે મહિલાએ તળાજા પોલીસ મથકમાં ધર્મેન્દ્રસિંહ હારિતસિંહ વાળા વિરૂદ્ધ લગ્નની લાલચ આપી મરજીથી શરીર સબંધ બાંધી લગ્ન ન કરી માર માર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસે બી.એન.એસ.ની કલમ ૬૯ તથા ૧૧૫ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. ઉપરાંત આ મામલે મહિલાએ પ્રદેશ ભાજપ સુધી રજૂઆત કરી હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ આ આક્ષેપોને ફગાવતા આરોપી ધર્મેન્દ્રસિંહ વાળાએ જણાવ્યું હતું કે, મહિલા માત્ર મિત્ર હતી શરીર સંબંધ બાંધ્યા નથી. રાજકીય અને સામાજીક કારકિર્દીને ખતમ કરવાનું ષડયંત્ર હોવાનો બચાવ કર્યો હતો. જ્યારે આ મામલે શહેર ભાજપ અધ્યક્ષ આઈ.કે.વાળાએ સમગ્ર ઘટના અને પોલીસ ફરિયાદ મામલે પક્ષના મોવડી મંડળનું ધ્યાન દોરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

**રેલવે વર્કશોપના ૯૦૦ કર્મચારીના સતત બીજા દિવસે ધરણાં**

# ઓ.એસ.ના મોતનો વિવાદ : આંદોલનને કચડવા પ્રયાસ થતો હોવાનો ગંભીર આક્ષેપ

(એજન્સી) ભાવનગર તા. 22

ભાવનગર રેલવે વર્કશોપના ઓ. એસ.એ ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કર્યાની ઘટનાનો વિવાદ બીજા દિવસે પણ શમ્યો નથી. વર્કશોપના આશરે ૯૦૦ જેટલા કર્મચારીએ સતત બીજા દિવસે ધરણાં શરૂ રાખ્યા હતા અને રેલવે પ્રશાસન દ્વારા આંદોલને કચવાડાના પ્રયાસ થઈ રહ્યાના ગંભીર આક્ષેપ સાથે ત્વરિત પડતર માંગણીઓને સ્વીકારવાની માંગને દહોરાવી હતી. બનાવની વિગત એવી છે કે, ભાવનગર રેલવે વર્કશોપના ઓફિસ સુપ્રિ. (ઓ.એસ.) ઘનશ્યામભાઈ ચૌહાણે ગત ગુરૂવારે ભાવનગર પરા રેલવે સ્ટેશન ખાતે જઈ ટ્રેન નીચે પડતું મુકી આત્મહત્યા કરી હતી. જવાબદાર અધિકારી દ્વારા યેનકેન પ્રકારે હેરાન-પરેશાન કરી વીઆરએસ લઈ નોકરી મુકી દેવાના દબાણ કરવામાં આવતા હોવાના કારણે ઓ.એસ.એ અંતિમ પગલું ભર્યાની આક્ષેપ થતાં ભાવનગર રેલ મડંળમાં ચકચાર મચી હતી. બીજી તરફ, કર્મચારીના આપઘાતની ઘટના બાદ વર્કશોપના કર્મચારીઓમાં ભારે રોષ ફેલાયો હતો અને રેલવેના પાંચેય યુનિયનના નેજા હેઠળ વર્કશોપના કર્મચારીઓ કામ બંધ કરી જવાબદાર અધિકારીને સસ્પેન્ડ કરવાની માંગણી સાથે એડમિન ઓફિસ સામે ધરણાં પર બેસી ગયા હતા.આ ધરણાં કાર્યક્રમ આજે સતત બીજા દિવસે પણ શરૂ રહ્યો હતો. દરમિયાનમાં રેલવેના અધિકારીઓએ યુનિયનના પ્રતિનિધિઓ સાથે બેઠકો યોજી હતી. જેમાં મંત્રણા સફળ ન રહેતાં યુનિયને મૃતકને ન્યાય ન મળે અને ન્યાયિક પ્રશ્નોનું નિરાકણ ન આવે ત્યાં સુધી આંદોલન યથાવત રાખવાનો હુંકાર ભર્યો હતો. શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરી રહેલા કર્મચારીઓએ આજે ભાવનગર પરા સ્થિત મુખ્ય કારખાના પ્રબંધકને પત્ર પણ લખ્યો હતો. બીજી તરફ, ધરણાંના પગલે વર્કશોપમાં આરપીએ, જીઆરપીએફ અને સ્થાનિક પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવતા સ્થાનિક સ્તરે તણાવ વધ્યો હતો. આ તકે, યુનિયનોએ પોલીસ ફોર્સ તરફથી કોઈ કઠોર કાર્યવાહી કરવાની માંગ સાથે કર્મચારી કે તેમના પરિવાર સાથે કોઈ અનિચ્છનિય ઘટના ઘટે તો સીડબ્લ્યુએમ, ડેપ્યુટી સીએમઈ, ડબ્લ્યુએમ, એડબ્લ્યુએમ જવાબદાર રહેશે તેવી ચિમકી ઉચ્ચારતાં મામલો વધુ ગરમાયો હતો. આ ઉપરાંત કર્મચારીઓ સતત બે દિવસથી ધરણાં પર ભૂખ્યાં બેઠા હોય, તેમના સ્વાસ્થ્યને ધ્યાનરમાં રાખી એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવે તેવી પણ માંગ ઉચ્ચારવામાં આવી હતી.

### આ પ્રશ્નોનું નિરાકરણ લાવવા કર્મચારીઓની માંગ



સહાયક કાર્મિક અધિકારી દિનાનાથ વર્માને તાત્કાલિક સસ્પેન્ડ કરી ટ્રાન્સફર કરવામાં આવે. સહાયક કારખાના પ્રબંધક અને કારખાના પ્રબંધકની બદલી કરાઈ. કેડરના અનુસાર આઉટટર્ન નિર્ધારિત કરાઈ. એપ્રેન્ટીસને પ્રશિક્ષ સમજવામાં આવે, તેમાં રેલવેના સંતાનોને કામ પર ન લેવાઈ. ટાઈમ સ્ટડી કરી તેના આધારે જ કેડર નિર્ધારિત કરવામાં આવે. આઉટ ટર્ન વધારવા માટે કર્મચારીઓ ઉપર દબાણ ન લાવવામાં આવે, કોઈ કારણ વિના અને ખોટી રીતે ચાર્જશીટ ન દેવામાં આવે, ચાર્જશીટને દબાણ વધારવા માટેનું હથિયાર તરીકે ઉપયોગમાં ન લવાઈ અને બીજા રેલવે વર્કશોપની જેમ ભાવનગર રેલવના કર્મચારીઓ માટે પણ ઈન્સેન્ટિવને વહેલીતકે લાગું કરવામાં આવે.

**છેલ્લે લોકર ખોલનારા કર્મચારી પર શંકા જતા કાર્યવાહી**

## આણંદમાં બેંકના લોકરમાંથી 60 તોલા દાગીના, રોકડની ચોરીમાં પ્યૂનની ધરપકડ

(એજન્સી) આણંદ તા. 22

આણંદના ચિખોદરા ગામની બેંક ઓફ બરોડાના લોકમાંથી ૬૦ તોલા સોનાના દાગીને અને ૧૦ લાખની રોકડની ચોરી થઈ છે. બેંકના પટાવાળા પણ શંકા વ્યક્ત કરાઈ છે. આ મામલે પોલીસે ગુનો નોંધીને એલસીબીને તપાસ સોંપી હતી અને પટાવાળાની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરતા સાત દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. આણંદના વઘાસી ગામના સુભાષ કાંતિભાઈ પટેલે ચિખોદરાની બેંક ઓફ બરોડામાં પોતાની પત્નીના નામનું સંયુક્ત લોકર ખોલાવ્યું હતું. તા. ૭મી ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ તેમણે લોકર ખોલ્યૂ હતું અને તે વખતે બેંકના પટાવાળા વિપુલ વિનુ કેસરિયા લોકરની ચાલી લઈને આવ્યો હતો. બાદ સુભાષભાઈએ લોકરનો ઉપયોગ કરી તેને બંધ કરી રજિસ્ટરમાં નોધ કરી હતી. બાદમાં ૧૮મી સપ્ટેમ્બરના રોજ સુભાષબાઈ પુત્ર સાથે બેંકમાં ગયા હતા અને લોકર ખોલતા ૬૦ તોલા સોનાના દાગીના અને દસ રોકડ રૂપિયા ગાયબ હોવાનું જાણવા મળતા હેબતાઈ ગયા હતા. જોકે, લોકરમાંથી માત્ર ઘડિયાળસ સોનાની બુટ્ટી, ચાંદીના સિક્કા અને ઝુમ્મર મળ્યા હતા. તેઓએ બ્રાન્ચ મેનેજરને જાણ કરી હતી. એક ચાવી ખાતેદાર અને એક ચાવી બેંક પાસે રહે છે. બેંકના કોઇ કર્મચારીએ આ કરતૂત કર્યું હોવાની આશંકા વ્યકત કરાઇ હતી. આરોપી વિપુલ કેસરીયાએ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટમાં આગોતરી જામીન અરજી કરી હતી.

**બ્લોકના કારણે અગાઉ મે માસની ટ્રીપો કેન્સલ કરાઈ હતી**

## ભાવનગર-હરિદ્વાર ટ્રેનને રદ્દ કરવાના બદલે ડાયવર્ટ રૂટ પર ચલાવવા નિર્ણય

(એજન્સી) ભાવનગર તા. 22

બીકાનેર મંડળમાં લેવાયેલા બ્લોકના કારણે ભાવનગર-હરિદ્વાર-ભાવનગર ટ્રેનને વેકેશનના મહત્વના સમયગાળામાં જ રદ્દ કરવાનો નિર્ણય લેવાયો હતો. જો કે, આ નિર્ણયને રેલવે તંત્રએ હવે પાછો ખેંચી મે માસની કેન્સલ ટ્રીપોને ડાયવર્ટ રૂટ પર ચલાવવામાં આવશે.ઉત્તર પશ્ચિમ રેલવેના બીકાનેર મંડળના મોલીસર અને ચૂરૂ સ્ટેશન વચ્ચે પેચ ડબલિંગના કામ માટે બ્લોક લેવાયો હતો. આ કારણે ભાવનગર મંડળની ભાવનગર-હરિદ્વાર-ભાવનગર એક્સપ્રેસ ટ્રેનને મે માસમાં કેન્સલ કરાઈ હતી. પરંતુ યાત્રિકોની સુવિધા અને ટ્રાફિકને જોતા રેલવે તંત્રએ ગહન ચર્ચા કર્યા બાદ હરિદ્વાર ટ્રેનને પરિવર્તિત માર્ગથી ચલાવવાનો નિર્ણય લીધો છે. જેમાં કારણે ભાવનગર ટર્મિનસથી ઉપડતી હરિદ્વાર ટ્રેન તા.૮, તા.૧૨, તા.૧૫, તા.૧૯, તા.૨૨અને તા.૨૬ મેના રોજ મેડતા રોડ, ડેગાના જં., રતનગઢ જં., હિસાર જં., જાખલ જં., ધુરી જં.ના બદલે મેડતા રોડ, બીકાનેર જં., બઠિણ્ડા જં. અને ધૂરી જં. થઈ ચાલશે. જ્યારે હરિદ્વારથી ભાવનગર આવતી ટ્રેન તા.૧૦, તા.૧૪, તા.૧૭, તા.૨૧, તા.૨૪ અને તા.૨૮મેના રોજ નિર્ધારીત રૂટ ધૂરી જં., જાખલ જં., હિસાર જં., રતનગઢ જં. ડેગાના જં., મેડતા રોડના બદલે ડાયવર્ટ રૂટ ધૂરી જં, બઠિણ્ડા જં., મેડતા રોડ થઈને ચાલશે. આ ટ્રેનોની ટિકિટનું બુકિંગ આવતીકાલ તા.૨૨ માર્ચને શનિવારથી શરૂ થશે.

**ફરિયાદો કરવા છતાં કોઈ સાંભળતું ન હોવાનો કકળાટ**

## સિહોરમાં ગટર અને પાણીના પ્રશ્ને હાઈવે ચક્કાજામ - વિરોધ પ્રદર્શન

(એજન્સી) સિહોર । તા. 21



સિહોરમાં ગટર અને પાણીના પ્રશ્નથી કંટાળી ગયેલા મુસ્લિમ સમાજના લોકોએ હાઈવે ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. ચક્કાજામના કાર્યક્રમને લઈ પોલીસ દોડી ગઈ હતી.સિહોરમાં રોડ-રસ્તા, દૂષિત પાણી સહિતના જીવન જરૂરિયાતના પ્રશ્નોને લઈ લોકો ગળે આવી ગયા છે. રોજ-બરોજ અસંખ્ય ફરિયાદો કરવા છતાં પણ નગરપાલિકા તંત્ર, અધિકારી-કર્મચારીઓ કોઈનું સાંભળતા ન હોવાનો પણ કાયમી કકળાટ રહે છે. આવા સંજોગોમાં રાજકોટ રોડ પર ગરીબશાપીરની દરગાહ પાસે ઉભરાતી ગટરના કારણે મુસ્લિમ સમાજના લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તેમજ પીવાના પાણીની અનિયમિતતાથી પણ સ્થાનિકો ગળે આવી ગયા છે. પાણીની લાઈન લીકેજ, તૂટેલા વાલ્વનું રિપેરીંગ થતું ન હોવાના આક્ષેપ સાથે રોષે ભરાયેલા મુસ્લિમ સમાજના લોકોએ તા.૨૧-૩ને શુક્રવારે ભાવનગર-રાજકોટ હાઈવે પર ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું અને જો સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં લાવવામાં આવે તો આંદોલન શરૂ રાખી આગામી સમયમાં રેલવે લાઈન પણ બંધ કરવામાં આવશે તેવી ચિમકી ઉચ્ચારી હતી.

# બોરિયાવી પાલિકાના ભાજપના કારોબારી ચેરમેનની મોડલિંગ કરતી પત્નીનો આપઘાત

**લાંભવેલ નહેરમાં ઝંપલાવ્યું : બેચરપુરા પાસેથી મૃતદેહ મળ્યો : યુવતી મોડલિંગ- ઈનફ્લ્યુએન્સર તરીકે કામ કરતી હતી : આપઘાતનું કારણ અકબંધ : તપાસ નાયબ પોલીસ અધિક્ષકને સોંપાઈ**

(એજન્સી) નડિયાદ તા. 22



આણંદની બોરિયાવી નગરપાલિકાના ભાજપના કારોબારી ચેરમેન રૂષીન પટેલના પત્ની અને મોડલિંગ- ઈનફ્લ્યુએન્સર તરીકે કામ કરતી ૨૬ વર્ષીય યુવતીએ ગુરૂવારની મોડી રાત્રે કોઈ અગમ્ય કારણોસર લાંભવેલ નહેરમાં પડી આપઘાત કરી લીધો હતો. પરિવારજનોને જાણ થતાં શોધખોળ બાદ યુવતીનો મૃતદેહ કણજરીના બેચરપુરા પાસેથી મળ્યો હતો. આ અંગે વડતાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષકને સોંપાઈ છે.આણંદ શહેરના ૧૦૦ ફૂટ રોડ ઉપર આવેલા અક્ષર બંગ્લોઝમાં રહેતા હિરેનભાઈ નંદલાલ સુથારની પુત્રી રિધ્ધીબહેને ચાર વર્ષ પહેલા બોરિયાવીમાં રહેતા રૂષીન અશોકભાઈ પટેલ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્નજીવનમાં દોઢેક વર્ષ પહેલા તેમને પુત્રનો જન્મ પણ થયો હતો. ઉપરાંત તાજેતરમાં બોરિયાવી પાલિકાની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટ પરથી રૂષીન પટેલનો વિજય થયો હતો અને તેમને બોરિયાવી પાલિકાના કારોબારી ચેરમેન પણ બનાવવામાં આવ્યાં હતાં. આમ, શાંતિથી ચાલતા આ દાંપત્ય જીવનમાં ગુરૂવારની રોજ અચાનક જ વળાંક આવ્યો હતો. રિધ્ધીબહેન પટેલ (ઉં.વ. ૨૬)એ ગુરૂવારની મોડી રાતે કોઈ અગમ્ય કારણોસર લાંભવેલ નહેરમાં કુદી આપઘાત કરી લીધો હતો.

આ અંગે પરિવારજનોને જાણ થતાં તેઓ ચોંકી ગયાં હતાં અને શોધખોળ હાથ ધરી હતી. દરમિયાનમાં કણજરી- બેજરપુરા કેનાલ પાસેથી રિધ્ધીબેનનો મૃતદેહ મળ્યો હતો. આ અંગેની જાણ થતાં વડતાલ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને બહાર કાઢી તેને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો હતો. આ અંગે પ્રાથમિક તપાસના અંતે વડતાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ નાયબ પોલીસ અધિક્ષકને સોંપી દીધી છે. રિધ્ધીબહેન મોડેલિંગ અને ઈનફ્લ્યુએન્સર તરીકે કામ કરતાં હતાં. તેના હજારો ફોલોઅર્સ પણ હતા. રિધ્ધીબહેનના આપઘાતના પગલે બોરિયાવી ગામમાં પણ ચકચાર મચી ગઈ છે. પોલીસે આપઘાતનું કારણ જાણવા પરિવારજનોની પૂછપરછ હાથ ધરી છે.

# 90 પૈકી 20 ગુનેગારની મિલકતની તપાસ શરૂ ગેરકાયદે દબાણ હશે તો બૂલડોઝર ફરશે

(એજન્સી) ભાવનગર તા. 22

રાજ્યના પોલીસ વડાની સૂચનાથી ભાવનગર પોલીસે શહેર અને જિલ્લાના ૯૦ રીઢા ગુનેગારોનું લિસ્ટ બનાવ્યા બાદ તે પૈકીના ૨૦ ગુનેગારોના મિલકતની તપાસ હાથ ધરી છે. જેમાં આ ગુનેગારોએ પોતાના રહેણાંક અને ધંધા-રોજગારના સ્થળે દબાણ કર્યું છે કે કેમ? તે દિશામાં ગુપ્ત રાહે તપાસ શરૂ કરી છે. જેમાં ગુનેગારો દ્વારા ગેરકાયદે બાંધકામ કરાયું હોવાનું જણાશે તો પોલીસ મહાપાલિકાને સાથે રાખી આવા દબાણો પર બૂલડોઝર ફેરવશે.




અમદાવાદના વસ્ત્રાલમાં જાહેરમાં મારામારી કરનાર આરોપીઓનું પોલીસે જાહેરમાં સરઘસ કાઢ્યા બાદ તેમના ગેરકાયદે બાંધકામો પર પણ બૂલડોઝર ફેરવી ગુનેગારો અને ગુનાખોરી ડામવાની દિશામાં અનુકરણીય પગલું લીધું છે. જો કે, હવે આ કાર્યવાહી માત્ર અમદાવાદ પુરતી સિમિત ન રહેતાં ભાવનગર સુધી લંબાય તેવી શક્યતા વધી છે. ભાવનગર પોલીસ બેડાના સૂત્રોના જણાવ્યાનુંસાર, તાજેતરમાં રાજ્યના પોલીસ વડાની સૂચનાથી ભાવનગર શહેર અને જિલ્લામાં એકથી વધુ ગંભીર ગુના આચર્યા હોય તેવા ગુનેગારોનું લિસ્ટ બનાવવામાં આવ્યું છે.હાલ આ ગુનેગારોને ગુનાના પ્રકાર અને ગંભીરતના આધારે અલગ તારવવામાં આવી રહ્યા છે. તેમ જણાવતાં સૂત્રોઓ ઉમેર્યું કે, હાલ આ લિસ્ટમાં પ્રાથમિક દ્રષ્ટીએ ૨૦ ગુનેગારોની નામાવલી અલગ તારવવામાં આવી છે જે તમામે તેમના પોતાના રહેણાંકી અને ધંધા-રોજગારના સ્થળે ગેરકાયદે દબાણ કર્યું છે કે કેમ? તે દિશામાં ગુપ્ત રાહે તપાસ આદરી છે.પોલીસની તપાસમાં ૨૦ પૈકીના જે ગુનેગારો દ્વારા ગેરકાયદે બાંધકામ કરાયું હોવાનું માલૂમ પડશે તો ખરાઈ અર્થે સંબંધિત સરકારી કચેરીને જાણ કરી ગેરકાયદે બાંધકામ પર બૂલડોઝર ફેરવવા સુધીની કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમ સૂત્રોએ માહિતી આપતાં અંતમાં જણાવ્યું હતું. પોલીસની આ ગુપ્ત કાર્યવાહીની જાણ ગુનેગારોમાં થતાં રીતસર ફફડાટ ફેલાઈ ગયો છે.

### 10 દિવસમાં તપાસ અહેવાલ આવશે તેના આધારે કાર્યવાહી થશેઃ જિલ્લા પોલીસ વડા

ભાવનગર શહેર અને જિલ્લામાં ૨૦ ગુનેગારોએ પૈકી કોઈએ પોતાના રહેણાંક અને ધંધા-રોજગારના સ્થળે ગેરકાયદે દબાણ કે બાંધકામ કર્યા છે કે કેમ? તેની પોલીસ તપાસ ચાલી રહી હોવાનું ભાવનગર જિલ્લા પોલીસ વડા ડૉ. હર્ષદ પટેલે સમર્થન આપ્યું હતું. અને જણાવ્યું કે, તપાસનીશ ટીમને સ્થળ મુલાકાત લઈ દબાણ છે કે નહીં? તેની ફોટોગ્રાફસ, ગૂગલ લોકેશન સાથે ૧૦ દિવસમાં તપાસ અહેવાલ આપવા તાકિદ કરાઈ છે. અહેવાલમાં ગુનેગારો દ્વારા દબાણ કરાયું હોવાનું માલૂમ પડશે તો શહેર અને જિલ્લાના સબંધિત સરકારી કચેરીને જાણ કરી તેને નોટિસ આપવાથી લઈ તેનું બાંધકામ તોડી પાડવા પોલીસ વિભાગ અન્ય કચેરી સાથે રહીને સયુંકત કામગીરી કરશે. તેમ તેમણે અતંમાં જણાવ્યું હતું.

**200 મીટર દબાણ દૂર કરાયું છે. જેની કિંમત અંદાજે 20 લાખ રૂપિયા આંકવામાં આવી**

## કચ્છમાં માથાભારેના મકાન બાદ વરસામેડીમાં બુટલેગરના મકાન પર બુલડોઝરવાળી....

(એજન્સી) ગાંધીધામ તા. 22

રાજ્યમાં અસામાજિક તત્વોની યાદી બનાવી ગેરકાયદે મકાન, વીજ કનેક્શન કાપી કડક કાર્યવાહી સૂચના અપાઈ છે, ત્યારે પૂર્વ કચ્છમાં શિકારપુરમાં માથાભારે શખ્સનું મકાન તોડી પાડવામાં આવ્યું હતું. જે બાદ હવે અંજાર પોલીસ દ્વારા વહીવટી તંત્રને સાથે રાખી વરસામેડીમાં બુટલેગરે બનાવેલું મકાન તોડી પાડવામાં આવ્યું હતું.



આ બાબતે અંજાર પોલીસ મથકના પી.આઈ. એ.આર. ગોહિલે વિગતો આપતા જણાવ્યુ હતું કે, મૂળ અંજાર તાલુકાના લાખાપરના અને હવે વરસામેડીમાં રહેતા બુટલેગર ૫૧ વર્ષીય સુજા દેવા રબારી વિરૂદ્ધ દારૂના 16 ગુનાઓ નોંધાવેલા છે. વરસામેડીમાં અંબાજીનગર - 1ના ગેટ પાસે ગ્રામ પંચાયતની સરકારી જમીન પર બુટલેગરે ઓરડી બનાવી ભાડે આપવા સાથે પોતાના રહેવા માટે ઉપયોગ કરતો હોવાનું ખુલતાં કામગીરી કરાઈ હતી અને મહેસુલી વિભાગને સાથે રાખી આ દબાણ દુર કરવામાં આવ્યું છે. પોલીસની આ કામગીરીમાં 200 મીટર દબાણ દૂર કરાયું છે. જેની કિંમત અંદાજે 20 લાખ રૂપિયા આંકવામાં આવી છે.દારૂનો ધંધો કરે છે એટલે તંત્ર તેના ખિસ્સામાં છે તેવી શેખી મારતા બુટલેગરના દબાણ પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. કડક પોલીસ બંદોબસ્ત સાથે કરવામાં આવેલી આ કામગીરી સમયે જ્યારે બુલડોઝર દબાણ તોડવા જઈ રહ્યું હતું ત્યારે બુટલેગરે તેના સામે કૂદી જઈ દબાણ ન તોડવા અને તેને રોકવાનો પ્રયત્ન કર્યો હતો. જોકે પોલીસે તેને ત્યાંથી ખસેડી દબાણ પર બુલડોઝર ફેરવી દીધું હતું.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**

આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. તમારું ધન ક્યાં ખર્ચ થાય છે આના ઉપર તમારે નજર રાખવાની જરૂર છે.




**વૃષભ (બ,વ,ઉ)**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે. પરિવારમાંના કોઈ મોટી વયની વ્યક્તિની તબિયત તાણ ઊભી કરી શકે છે.



**મિથુન (ક,છ,ઘ)**

તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરતા નહીં, કેમ કે આવું કરવાથી તમારી બીમારી વકરી શકે છે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો.



**કર્ક (ડ,હ)**

ખુશ થાવ કેમ કે સારો સમય આવી રહ્યો છે અને તમારામાં વધારાની ઊર્જાનો સંચાર થશે. આજનો જ વિચાર કરીને જીવનના તમારા અભિગમને તથા મનોરંજન પાછળ વધુ પડતો સમય અને નાણાં ખર્ચવાના તમારા વલણ પર અંકુશ રાખો.



**સિંહ (મ,ટ)**

કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. જે લોકો શેરબજાર માં રોકાણ કરે છે તેમના પૈસા આજે ડૂબી શકે છે. સમય રહેતા સાવચેત થયી જવું તમારા માટે સારું રહેશે.



**કન્યા (પ,ઠ,ણ)**

તમારૂં વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો.



**તુલા (ર,ત)**

તમે નવરાશની લહેજત માણવાના છો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું જેઓ સંવેદનશીલ પુનરાશ્વાસન શોધી રહ્યા છે તેમની મદદે તેમના વડીલો આવશે.



**વૃશ્ચિક (ન,ય)**

આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.



**ધન (ભ,ધ,ફ)**

સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે.



**મકર (ખ,જ)**

લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શક્યતા છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. પારિવારિક મોરચો ખુશખુશાલ તથા સરળ નથી લાગતો.



**કુંભ (ગ,શ,સ)**

તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ.



**મીન (દ,ચ,ઝ,થ)**

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. વધારાનાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. ખુશખુશાલ-ઊર્જાસભર-પ્રેમાળ મૂડમાં-તમારો આનંદી સ્વભાવ તમારી આસપાસના લોકો માટે ખુશી તથા આનંદ લાવશે.

# સીપ્ઝના જ્વેલરી એકમોને સ્થાનિકમાં માલ વેચવાની છૂટ આપવા માટે રજૂઆત



(એજન્સી) મુંબઈ | તા 22

અમેરિકા દ્વારા રેસિપ્રોકલ ટેરિફ નીતિને ધ્યાનમાં રાખી મુંબઈના સાંતાક્રુઝ ઈલેકટ્રોનિક્સ એક્સપોર્ટ પ્રોસેસિંગ ઝોન્સ (સીપ્ઝ) ખાતે કાર્યરત જ્વેલરી નિકાસ એકમોએ પોતાને ત્યાં તૈયાર થતી જ્વેલરીને સ્થાનિક બજારમાં વેચાણની છૂટ આપવા સરકાર સમક્ષ રજૂઆત કરી છે. સીપ્ઝ ખાતેથી વર્ષે અંદાજે રૂપિયા ૨૭થી ૨૮ હજાર કરોડની જ્વેલરીની નિકાસ થાય છે, જેમાંથી ૮૦ ટકાથી વધુ નિકાસ અમેરિકામાં થાય છે. આ રજૂઆતને સરકારે ધ્યાનમાં લીધી છે અને તે વિચારણા હેઠળ છે એમ સીપ્ઝ જેમ એન્ડ જ્વેલરી મેન્યુફેકચરર્સ એસોસિએશનના સુત્રોએ જણાવ્યું હતું. સીપ્ઝમાંના જ્વેલરી ઉત્પાદન એકમોને સ્થાનિકમાં વેચાણની છૂટ આપવા માટે સરકારે સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન્સ (એસઈઝેડ)નો દરજ્જો બદલવા ખાસ નોટિફિકેશન જારી કરવાનું રહેશે. સીપ્ઝમાં અંદાજે ૨૦૦ જેટલા જ્વેલરી ઉત્પાદન એકમો આવેલા છે જ્યાં એક લાખ જેટલા લોકોને રોજગાર પૂરો પાડવામાં આવે છે. સીપ્ઝ ખાતેના ઉત્પાદન એકમો આંતરરાષ્ટ્રીય ધોરણના પ્રોડકટસ પૂરા પાડે છે, માટે જો તેમને સ્થાનિકમાં વેચાણની છૂટ અપાશે તો ઘરઆંગણે વૈશ્વિક સ્તરના પ્રોડકટસ જોવા મળશે. અમેરિકાની રેસિપ્રોકલ ટેરિફ નીતિની દેશના ગોલ્ડ તથા ડાયમન્ડ જ્વેલરીના નિકાસકારોને મોટો ફટકો પડવાની ભીતિ રહેલી છે. અમેરિકન ગોલ્ડ જ્વેલરી પર ભારત વીસ ટકા ડ્યૂટી વસૂલે છે જ્યારે ભારતની જ્વ ેલરી પર અમેરિકામાં ૫.૫૦થી ૭ ટકા ડ્યૂટી વસૂલવામાં આવે છે. આ ઉપરાંત કટ તથા પોલિશ્ડ ડાયમન્ડસ પર ભારતમાં પાંચ ટકા ડ્યૂટી વસૂલવામાં આવે છે જ્યારે ભારતના આ પ્રોડકટસ પર અમેરિકા કોઈ ડ્યૂટી વસૂલતુ નથી. રેસિપ્રોકલ યોજના હેઠળ અમેરિકા વિવિધ પ્રોડકટસની જેમ જ્વેલરી પર પણ વધુ ડ્યૂટી લાગુ કરશે તેવી શકયતા નકારાતી નથી. દરમિયાન અમેરિકા તથા ચીન ખાતેથી માગ મંદ પડતા વર્તમાન વર્ષના ફેબ્રુઆરીમાં દેશમાંથી જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસ વાર્ષિક ધોરણે ૨૩.૫૦ ટકા ઘટી રૂપિયા ૨૧૦૮૫ કરોડ રહી હોવાનું જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે આ અગાઉ જણાવ્યું હતું. ઊંચા ટેરિફની સ્થિતિમાં નિકાસમાં વધુ ઘટાડો નકારી શકાય એમ નહીં હોવાનું પણ કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું.

**માઈક્રોફાઈનાન્સ લોન પોર્ટફોલિયોમાં પણ ૨૭ ટકાની વૃદ્ધિ થતા રૂ. ૪.૪ લાખ કરોડ પહોંચ્યો**

## નાણાકીય વર્ષ 2024માં MSME લોન પોર્ટફોલિયો 18% વધીને 64 લાખ કરોડ

(એજન્સી) મુંબઈ | તા 22

સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોના (MSME) લોન પોર્ટફોલિયોમાં ૧૭.૮ ટકાનો વધારો જોવા મળ્યો હતો, જે માર્ચ ૨૦૨૪ સુધીમાં ગયા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં રૂ. ૬૪.૧ લાખ કરોડ સુધી પહોંચ્યો હતો. MSME લોનમાં રૂ. ૫૦ કરોડ સુધીના કુલ ક્રેડિટ એક્સપોઝર ધરાવતી સંસ્થાઓ તેમજ સ્વ-રોજગાર ધરાવતા વ્યક્તિઓને આપવામાં આવતી ક્રેડિટનો સમાવેશ થાય છે. અહેવાલમાં સ્વ-રોજગાર ધરાવતા વ્યક્તિઓને આપવામાં આવતી લોનમાં નોંધપાત્ર વધારો થયો છે, જે ૨૮.૯ ટકા વધીને રૂ. ૩૫.૭ લાખ કરોડ થયો છે, જ્યારે MSME સંસ્થાઓને આપવામાં આવતી લોનમાં ૬.૬ ટકાનો સામાન્ય વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪ દરમિયાન, કુલ ૨૭.૪ મિલિયન MSME લોન મંજૂર કરવામાં આવી હતી, જે રૂ. ૫૪.૨ લાખ કરોડ થઈ હતી. જે વોલ્યુમમાં




૧૯.૩ ટકા અને મૂલ્યમાં ૫.૪ ટકાનો વધારો દર્શાવે છે. ડેટા દર્શાવે છે કે MSME સંસ્થાઓ માટે મૂળ મૂલ્યમાં વાર્ષિક ધોરણે ૩.૧ ટકાનો વધારો થયો છે, જેમાં વોલ્યુમમાં ૧૮.૯ ટકાનો વધુ મજબૂત વધારો થયો છે. વ્યક્તિગત MSME એ સમાન સમયગાળા દરમિયાન મૂળ મૂલ્યમાં વાર્ષિક ધોરણે ૧૨.૬ ટકા અને વોલ્યુમમાં ૧૯.૪ ટકાનો વધારો નોંધાવ્યો છે. વ્યક્તિગત MSMEના પોર્ટફોલિયો ગુણવત્તામાં સુધારાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ૩૧-૯૦ દિવસ માટે પોર્ટફોલિયો એટ રિસ્ક (PAR) માર્ચ ૨૦૨૪ સુધીમાં ઘટીને ૨૯.૭ ટકા થયો હતો, જે માર્ચ ૨૦૮૮૨૩માં ૩ ટકા હતો. જોકે, MSME એન્ટિટી સેગમેન્ટમાં પોર્ટફોલિયો ગુણવત્તામાં ઘટાડો જોવા મળ્યો છે, જેમાં PAR ૩૧.૯૦ વધીને ૨.૫ ટકા થયો, અને PAR ૯૧-૧૮૦ થોડો વધીને ૧.૧ ટકા થયો, જે માર્ચ ૨૦૨૩માં ૨.૧ ટકા અને ૧ ટકા હતો. નાણાકીય વર્ષ ૨૪ દરમિયાન MSME લોન ઉપરાંત, માઈક્રોફાઈનાન્સ લોન પોર્ટફોલિયોમાં પણ નોંધપાત્ર વધારો થયો છે, જે ૨૬.૮ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪.૪ લાખ કરોડ થયો છે. મૂળ વોલ્યુમમાં ૬ ટકાનો વધારો થયો, જેમાં કુલ ૮૩.૫ મિલિયન લોન મંજૂર કરવામાં આવી, જે રૂ. ૩.૮ લાખ કરોડ થઈ છે, જે ૧૯ ટકા વૃદ્ધિ દર્શાવે છે.

**અમેરિકા તથા ચીન ખાતેથી માંગ મંદ પડતા જોવા મળેલી અસર**

## જેમ્સ-જ્વેલરીની નિકાસમાં 23 ટકા જેટલાનો ઘટાડો

(એજન્સી) મુંબઈ | તા 22

અમેરિકા તથા ચીન ખાતેથી માગ મંદ પડતા વર્તમાન વર્ષના ફેબ્રુઆરીમાં દેશમાંથી જેમ્સ એન્ડ જ્વેલરીની નિકાસ વાર્ષિક ધોરણે ૨૩.૫૦ ટકા ઘટી રૂપિયા ૨૧૦૮૫ કરોડ રહી હોવાનું જેમ એન્ડ જ્વેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું. ૨૦૨૪ના ફેબ્રુઆરીનો નિકાસ આંક રૂપિયા ૨૬૨૬૮ કરોડ રહ્યો હતો. વર્તમાન નાણાં વર્ષના અગિયાર મહિનામાં નિકાસ ૧૩.૪૦ ટકા ઘટી રૂપિયા ૨,૧૭,૧૪૮ કરોડ રહી છે, જે ગયા નાણાં વર્ષના આ ગાળામાં રૂપિયા ૨,૪૬,૧૦૫ કરોડ રહી હોવાનું પણ કાઉન્સિલ વતિ જણાવાયુ હતુ. અમેરિકા તથા ચીન ખાતેથી માગ મંદ રહેતા નિકાસમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું. હાલમાં ચાલી રહેલી ભૌગોલિકરાજકીય તાણને કારણે મુખ્ય નિકાસ મથકો જેમ કે ચીન, અમેરિકા તથા જી૭ દેશો ખાતેથી માગ ઘટી ગઈ છે. રફ ડાયમન્ડસના ભાવમાં ૧૦થી ૧૨ ટકાના કરેકશનને કારણે જ્વેલરીના ભાવ પર અસર પડી છે જે પણ નિકાસમાં ઘટાડા માટે જવાબદાર છે. દરમિયાન કટ તથા પોલિશ્ડ ડાયમન્ડસની નિકાસ ફેબ્રુઆરીમાં વીસ ટકા ઘટી રૂપિયા ૧૧૮૬૦ કરોડ રહી છે જે ગયા વર્ષના ફેબ્રુઆરીમાં રૂપિયા ૧૪૧૬૪ કરોડ જોવા મળી હતી. ગોલ્ડ જ્વેલરીની નિકાસ પર પણ મંદ માગની અસર પડી છે. લેબોરેટરીમાં વિકસેલા ડાયમન્ડસ માટેનું આકર્ષણ પણ હાલમાં ઘટી રહ્યાનું પ્રાપ્ત ડેટામાં જણાવાયુ હતુ. ગત મહિને કૃત્રિમ ડાયમન્ડસની નિકાસ ૧૯.૬૦ ટકા જેટલી ઘટી રૂપિયા ૯૭૫.૨૦ કરોડ રહી હોવાનું પણ સુત્રોએ વધુમાં જણાવ્યુ હતુ. વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતા વચ્ચે વપરાશકારો ડાયમન્ડસને બદલે ગોલ્ડમાં રોકાણ કરવાનું વધુ મુનાસિબ માની રહ્યા છે. જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગ હાલમાં ટ્રમ્પના ટેરિફ વોરની અસરનો અંદાજ મેળવી રહ્યા છે કારણ કે ભારતની જ્વેલરીની અમેરિકામાં મોટી માગ રહે છે. દેશમાં હાલમાં સોનાના વિક્રમી ભાવને ધ્યાનમાં રાખતા હાલમાં ચાલી રહેલી લગ્નસરાની મોસમ વચ્ચે ઘરઆંગણે જ્વેલરીની માગ નબળી પડી હોવાનું સ્થાનિક બજારના સુત્રોએ જણાવ્યું હતુ.

## કેન્દ્રીય સરકારી કર્મચારીઓના પગારમાં 20 ટકાનો થશે વધારો

(એજન્સી) મુંબઈ | તા 22

કેન્દ્રીય કર્મચારીઓ માટે ખુશીના સમાચાર સામે આવ્યા છે. જેની તેઓ ઘણા સમયથી રાહ જોતા હતા તે આઠમાં પગાર પંચનું કામ ટુંક સમયમાં જ શરુ થઇ જશે. વ8મા પગાર પંચ હેઠળ 50 લાખથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને 65 લાખ પેન્શનરોને પગાર વધારાનો લાભ મળશે. આ ક્યારે અમલમાં આવશે? તે અંગેની વિગત અમે તમને જણાવીશું. કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે 8મા પગાર પંચની રાહ ઝડપથી વધી રહી છે. એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કેન્દ્રીય કર્મચારીઓના પગારમાં 20 થી 30 ટકાનો ઉછાળો જોવા મળી શકે છે. પરંતુ લોકોના મનમાં ઘણા પ્રશ્નો છે જેમ કે કયા પગાર સ્તરે કેટલો પગાર હશે અને ફિટમેન્ટ ફેક્ટર શું હોઈ શકે છે, તો ચાલો અમે તમને આ બધા પ્રશ્નોના જવાબો જણાવીએ. 50 લાખથી વધુ કેન્દ્રીય કર્મચારીઓ અને 65 લાખ પેન્શનરોને 8મા પગાર પંચ હેઠળ પગાર વધારાનો લાભ મળશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 8મા પગાર પંચનું કામકાજ એપ્રિલ 2025 થી શરૂ થશે અને તેનો અમલ 1 જાન્યુઆરી, 2026 થી થઈ શકે છે. જોકે, આ માટે સમગ્ર પ્રક્રિયા પૂર્ણ કરવી પડશે. 7મું પગાર પંચ 1 જાન્યુઆરી, 2016 થી લાગુ કરવામાં આવ્યું હતું અને તેનો કાર્યકાળ 31 ડિસેમ્બર, 2025 સુધી રહેશે. પરંતુ સમગ્ર કમિશનિંગ પ્રક્રિયામાં 18 મહિનાનો સમય લાગે છે.

## SEZમાંથી 5મી ફેબ્રુઆરી સુધીની નિકાસને RODTEP સ્કીમના લાભ હવે મળી રહેશે

**સ્થાનિક ટેરિફ વિસ્તારના એકમો (એસઈઝેડ તથા નિકાસ લક્ષી એકમોની બહારના)ને આ સ્કીમ હેઠળ 30 સપ્ટેમ્બર સુધી લાભો મળવાનું ચાલુ રહેશે**

(એજન્સી) મુંબઈ | તા 22

વર્તમાન વર્ષના પાંચમી ફેબ્રુઆરી સુધીમાં સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન્સ (એસઈઝેડ) અને નિકાસ લક્ષી એકમો ખાતેથી જે કંપનીઓએ માલસામાનની નિકાસ કરી છે તેઓ રેમિસન ઓફ ડ્યૂટીસ એન્ડ ટેકસિસ ઓન એકસપોર્ટડ પ્રોડકટસ (આરઓડીટીઈપી) સ્કીમ હેઠળના લાભો માટે દાવા કરી શકે છે. આ અગાઉ સરકારે દાવા માટેની અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ નિશ્ચિત કરી હતી. રાજ્યો તથા કેન્દ્ર દ્વારા ઈનપુટ પ્રોડકટસ તથા અન્ય પર વસૂલવામાં આવતી ડ્યૂટીસ, ટેકસિસ



તથા લેવીસનું સદર સ્કીમ હેઠળ નિકાસકારોને રિફન્ડ અપાય છે. એડવાન્સ ઓથોરાઈઝેશન, એસઈઝેડ તથા નિકાસ લક્ષી એકમો ખાતે ઉત્પાદિત માલસામાનની નિકાસને આરઓડીટીઈપી સ્કીમ હેઠળના ટેકાને પાંચમી ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવ્યો છે, એમ ડાયરેકટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા એક નોટિફિકેશનમા જણાવાયું છે. જો કે ૬ ફેબ્રુઆરી બાદની નિકાસને આ લાભો મળી શકશે નહીં તેવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. અન્ય શ્રેણીઓ માટે એટલે કે સ્થાનિક ટેરિફ વિસ્તારના એકમો (એસઈઝેડ તથા નિકાસ લક્ષી એકમોની બહારના)ને આ સ્કીમ હેઠળ ૩૦ સપ્ટેમ્બર સુધી લાભો મળવાનું ચાલુ રહેશે.

## LGથી લઈને ટાટા કેપિટલ, આ વર્ષે દિગ્ગજ કંપનીઓના આવશે IPO

(એજન્સી) મુંબઈ | તા 22

વર્તમાન સમયમાં પ્રાઈમરી માર્કેટમાં કોઈ હલચલ જોવા મળી રહી નથી. પરંતુ આવનારા સમયમાં ઘણી દિગ્ગજ કંપનીઓ શેર બજારમાં એન્ટ્રી કરવાની છે. આ કંપનીઓના લિસ્ટમાં એનએસઈ, એનએસડીએલ, એચડીબી ફાઈનાન્શિયલ સર્વિસ, બોટ, એલટી, રિલાયન્સ જિયો, જેએસડબ્લ્યૂ સીમેન્ટ, એથર એનર્જી, ઝેપ્ટો, ફોનપે, ટાટા કેપિટલ અને ફ્લિપકાર્ટ સામેલ છે. તેવામાં આ કંપનીઓનો આઈપીઓ આવવાથી સેકેન્ડ્રી માર્કેટમાં પણ હલચલ જોવા મળી શકે છે. વર્તમાન સમયમાં શેર બજારની બદલાયેલી સ્થિતિને કારણે મેનબોર્ડ આઈપીઓમાં ઘટાડો થયો છે. એક્સપર્ટ પ્રમાણે પ્રમોટર્સ અને ઈન્વેસ્ટમેન્ટ બેન્કર્સ વર્તમાન સમયમાં પ્રતીક્ષા કરી રહ્યાં છે. આ કંપનીઓની નજર તે વાત પર પણ છે કે એફઆઈઆઈના વેચાણમાં ઘટાડો થાય, ટ્રમ્પના ટેરિફ પ્લાનની સંપૂર્ણ જાણકારી સામે આવી જાય. એકવાર આ તમામ વિષયો પર સ્પષ્ટતા આવ્યા બાદ કોઈ દિગ્ગજ કંપનીના આઈપીઓમાં આશા રાખવી જોઈએ. માનવામાં આવી રહ્યું છે કે આગામી નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં ઘણી મોટી કંપનીઓના આઈપીઓ આવી શકે છે. વૈશ્વિક સ્તર પર અસ્થિરતા વચ્ચે છેલ્લા બે-ત્રણ સપ્તાહ દરમિયાન નિફ્ટીમાં રિકવરી જોવા મળી છે. માર્ચ 21964 પોઈન્ટથી નિફ્ટીમાં 1400 પોઈન્ટ કે પછી 6.5 ટકાની તેજી જોવા મળી છે.

## સુનિયોજિત ડેબ્ટ (Debt) ઈન્વેસ્ટિંગ માટે G-Sec ETF શા માટે આદર્શ છે?

મુંબઈ | RBI એ તાજેતરમાં જ ઘટતા આર્થિક વિકાસ અને શહેરી વપરાશ અંગે ચિંતા દર્શાવીને બેન્ચમાર્ક રેપો રેટમાં 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આ દર ઘટાડાથી ડેબ્ટ રોકાણોમાં રોકાણ કરવા માટે અનુકૂળ વાતાવરણ ઊભું થયું છે, ખાસ કરીને સરકારી સિક્યોરિટીઝ ETF (G-Sec એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ) દ્વારા. જ્યારે વ્યાજ દર ઘટે છે, ત્યારે લાંબા ગાળાના બોન્ડનું મૂલ્ય વધે છે.

હાલમાં G-Sec ETF 5 વર્ષ, 10 વર્ષ અને 8-13 વર્ષના સમયગાળા માટે ઉપલબ્ધ છે. ટૂંકા ગાળામાં અસ્થિરતા ઓછી હોય છે, પરંતુ લાંબા ગાળામાં વળતર વ્યાજ દરની સંવેદનશીલતામાં વધારા સાથે આવે છે. NSE બેન્ચમાર્કમાં વોલ્યુમ અને આઉટસ્ટેન્ડિંગના આધારે 3 પેપર્સનો સમાવેશ થાય છે. ૧૦-વર્ષના G-Sec ETF માં સૌથી વધુ વોલ્યુમ જોવા મળે છે, તેથી ૧૦-વર્ષના બેન્ચમાર્કને વધુ ફાળવણી આપવામાં આવી છે. આ સ્ટ્રક્ચર્ડ ડેબ્ટ પ્રોડક્ટ મુખ્યત્વે 8 થી 13 વર્ષના સમયગાળા માટે સરકારી સિક્યોરિટીઝમાં રોકાણ કરે છે, જે સરકારી સિક્યોરિટીઝની સાથે વળતરની સંભાવના પણ પ્રદાન કરે છે. હાલમાં આ પ્રોડક્ટ બજારમાં બહુ ઓછી એસેટ મેનેજમેન્ટ કંપનીઓ (AMCs) દ્વારા ઓફર કરવામાં આવી રહી છે. સૌથી જૂની પ્રોડક્ટ 2014 માં LIC મ્યુચ્યુઅલ ફંડ (MF) દ્વારા લોન્ચ કરવામાં આવી હતી.

ઈન્ડેક્સેશન નાબૂદ થયા પછી, ડેબ્ટ રોકાણો સુનિયોજિત તકો તરફ આગળ વધ્યા છે, જેમાં G-Sec ETF સૌથી અગ્રણી છે કારણ કે તે સરકારી રક્ષણ અને ન્યૂનતમ ખર્ચ ગુણોત્તર સાથે વળતર આપે છે. વધુમાં, G-Sec ETF માં, દર બે કલાકે NAV અપડેટ કરવું ફરજિયાત છે, જેથી રોકાણકારોને ચોક્કસ એન્ટ્રી પોઈન્ટ મળી શકે. વારંવાર NAV અપડેટ્સ પારદર્શિતા પ્રદાન કરે છે, જે રોકાણકારોને કિંમતની વિસંગતતાઓમાં (discrepancies) પડ્યા વિના જાણકાર નિર્ણયો લેવામાં મદદ કરે છે.

તે ઉત્પાદનની ઉપલબ્ધતા સાથે તરલતા પણ પ્રદાન કરે છે. AMC સાથે સીધા રોકાણ માટે રૂ. 25



કરોડની જરૂર પડે છે, પરંતુ એક્સચેન્જ પ્લેટફોર્મ પર રોકાણ 1 યુનિટથી શરૂ થાય છે અને બજાર નિર્માતાઓ દ્વારા બે રીતે ક્વોટ કરવામાં આવે છે. આ સિસ્ટમ રિટેલ રોકાણકારોને મજબૂત secondary market દ્વારા સરકારી સિક્યોરિટીઝમાં રોકાણ કરવાની તક પૂરી પાડે છે. બજાર નિર્માતાઓ કાર્યક્ષમ ભાવ શોધ અને સરળ અમલીકરણને સક્ષમ બનાવે છે, જે આ ETF ને સુનિયોજિત સ્થિતિ શોધતા રોકાણકારો માટે આકર્ષક બનાવે છે. ઉચ્ચ નેટવર્થ ધરાવતા રોકાણકારો ખાસ કરીને આ ઓપન-એન્ડેડ પ્રોડક્ટની સુગમતા પસંદ કરે છે કારણ કે તેઓ ગમે ત્યારે બહાર નીકળી શકે છે. બજારમાં સારી ટ્રેડિંગ તકો ઊભી થાય ત્યારે આ સુવિધા ખૂબ જ મહત્વપૂર્ણ છે.

વર્તમાન બજારની પરિસ્થિતિમાં જ્યાં ડેબ્ટ રોકાણોમાં સુનિયોજિત ફાળવણી જરૂરી બની ગઈ છે, ત્યાં સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી સુરક્ષાને કારણે G-Sec ETF એક આકર્ષક વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. તેમની કિંમત નિર્ધારણ પ્રક્રિયા પ્રભાવશાળી છે. અને પ્રવાહિતા (Liquidity) ખૂબ ઊંચી છે. તેથી, તે પરંપરાગત ડેબ્ટ સાધનો કરતાં વધુ સારો વિકલ્પ પૂરો પાડે છે, કારણ કે તેમને પરિપક્વતા સુધી રાખવાની જરૂર છે. બદલાતા વ્યાજ દરના સંજોગોમાં સ્થિરતા ઈચ્છતા રોકાણકારો માટે, આ ETF એક સીધો અને સરળ ઉકેલ પ્રદાન કરે છે જે સુનિયોજિત અને વ્યૂહાત્મક પોર્ટફોલિયો ઉદ્દેશ્યો બંનેને અનુરૂપ છે.

**- મર્ઝબાન ઈરાની, સીઆઈઓ - ફિક્સ્ડ ઈન્કમ, એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ એએમસી**

## એટીસી એનર્જીઝ સિસ્ટમ લિમિટેડનો આઈપીઓ 25 માર્ચ, 2025ના રોજ ખુલશે

મુંબઈ | એટીસી એનર્જી સિસ્ટમ લિમિટેડ ("એટીસી", "ધ કંપની") એ એડવાંસ્ડ લિથિયમ-આયન બેટરી સોલ્યુશન્સની અગ્રણી મેન્યૂફેક્ચરર અને એસેમ્બલર પૈકીની એક છે, તેણે મંગળવાર, 25 માર્ચ, 2025ના રોજ તેનો ઈનિશિયલ પબ્લિક ઑફરિંગ ખોલવાની દરખાસ્ત કરી છે, જેનો ઉદ્દેશ્ય 63.76 કરોડ (અપર પ્રાઇઝ બેન્ડ પર) એકત્ર કરવાનો છે, જેમાં શેર એનએસઈ ઈમર્જ પ્લેટફોર્મ પર લિસ્ટેડ થશે. આ આઈપીઓમાંથી પ્રાપ્ત ચોખ્ખી રકમનો ઉપયોગ નોઈડા ફેક્ટરીની ખરીદી માટે લેવામાં આવેલા ઉધારની સંપૂર્ણ ચુકવણી અને પૂર્વ-ચુકવણી માટે કરવામાં આવશે, જેમાં જમીન અને મકાન, નોઈડા ફેક્ટરીમાં નવીનીકરણ, સિવિલ વર્ક અને અપગ્રેડ માટે મૂડી ખર્ચની જરૂરિયાતો માટે ભંડોળ પૂરૂં પાડવું, નોઈડા અને વસઈ ફેક્ટરીઓ બંનેમાં આઈટી અપગ્રેડ માટે મૂડી ખર્ચની જરૂરિયાતો માટે ભંડોળ પૂરૂં પાડવું, તેમજ રજિસ્ટર્ડ ઓફિસ, કાર્યકારી મૂડીની જરૂરિયાતો માટે ભંડોળ પૂરૂં પાડવું અને સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટેનો સમાવેશ થાય છે. એન્કર પોર્શન 24 માર્ચ, 2025ના રોજ ખુલશે અને ઈશ્યુ 27 માર્ચ, 2025ના રોજ બંધ થશે.

ઈશ્યુના બુક રનિંગ લીડ મેનેજર ઈન્ડોરિયન્ટ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ છે, જ્યારે ઈશ્યુના રજિસ્ટ્રાર કેફિન ટેક્નોલોજીસ લિમિટેડ છે. એટીસી એનર્જી સિસ્ટમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંદીપ ગંગાભીશન બાજોરિયાએ જણાવ્યું, 'અમે એનર્જી સ્ટોરેજ સૉલ્યુશન્સમાં ક્રાંતિ લાવવાના અમારા મિશનમાં આગામી પગલું ભરી રહ્યા હોવાથી અમારા આઈપીઓનું લૉન્ચિંગ કંપની માટે એક પરિવર્તનશીલ ક્ષણ છે. 2020માં અમારી સ્થાપના થઈ ત્યારથી, અમે ઈવી, રીન્યૂએબલ એનર્જી અને ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન જેવા ઉદ્યોગો માટે એડવાંસ્ડ લિથિયમ-આયન બેટરી સોલ્યુશન્સ પહોંચાડવા માટે સમર્પિત છીએ.

એકત્ર કરાયેલી મૂડી અમને અમારી ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત બનાવવા, અમારી નોઈડા અને વસઈ સુવિધાઓને આધુનિક બનાવવા અને ઉર્જાની વધતી માંગને પહોંચી વળવા માટે નવીનતાને પ્રોત્સાહન આપવા સક્ષમ બનાવશે. ગુણવત્તા અને ટકાઉપણાં પ્રત્યે મજબૂત પ્રતિબદ્ધતા સાથે, અમે આ નવા અધ્યાયનો પ્રારંભ કરવા અને હરિયાળા ભવિષ્યને આગળ વધારવાને લઈને ઉત્સાહિત છીએ.'

ઈન્ડોરિયન્ટ ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સૌમ્ય પાધીએ જણાવ્યું, 'આ રોમાંચક આઈપીઓ સફરમાં એટીસી એનર્જીઝ સિસ્ટમ લિમિટેડને સમર્થન આપવા બદલ અમને આનંદ થઈ રહ્યો છે. ઝડપથી વિસ્તરી રહેલા એનર્જી સ્ટોરેજ ઈન્ડસ્ટ્રીમાં એક મુખ્ય સંશોધક તરીકે, કંપનીએ ઈલેક્ટ્રિક વાહનો, રીન્યૂએબલ એનર્જી અને ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા, ટકાઉ લિથિયમ-આયન બેટરી સોલ્યુશન્સ પહોંચાડવામાં પોતાને એક અગ્રણી તરીકે સ્થાપિત કર્યું છે.

## સોનાની કિંમતમાં ઘટાડા સાથે સોની બજારમાં ગ્રાહકોની ભીડ જામી

(એજન્સી) મુંબઈ | તા 22

શનિવારે સોનાના ભાવમાં થોડો ઘટાડો જોવા મળ્યો હતો. ભારતમાં 24 કેરેટ સોનાનો ભાવ પ્રતિ ગ્રામ 9038.3 રૂપિયા છે. જે 460.0 રૂપિયાનો ઘટાડો દર્શાવે છે. ભારતમાં 22 કેરેટ સોનાનો ભાવ પ્રતિ ગ્રામ 8286.3 રૂપિયા છે. જે 420.0 રૂપિયાનો ઘટાડો દર્શાવે છે. ગયા અઠવાડિયે, 24 કેરેટ સોનાના ભાવમાં વધઘટ -0.86% નોંધાઈ હતી. જ્યારે ગયા મહિને આ ફેરફાર -2.65% હતો. ભારતમાં ચાંદીનો વર્તમાન ભાવ 106000.0 પ્રતિ કિલો છે. જે 2300.0 પ્રતિ કિલોનો ઘટાડો દર્શાવે છે. સમગ્ર વિશ્વમાં કેન્દ્રીય બેંકો દ્વારા ખરીદી અને વેચાણ પણ થાય છે. આજકાલ દરેક દેશની સેન્ટ્રલ બેંક પાસે સંપૂર્ણ સ્ટોરેજ નથી. જ્યારે પણ આવું થાય છે, ત્યારે સોનાના ભાવમાં ઝડપી અસ્થિરતા આવે છે. ટૂંકમાં, આ માંગ દેશની મધ્યસ્થ બેંકો તરફથી આવે છે. જ્યારે માંગ અપેક્ષા કરતાં વધી જાય છે, ત્યારે કેન્દ્રીય બેંકો દ્વારા સોનાના ભાવમાં વધારો કરવામાં આવે છે. આવું ઘણી વખત જોવા મળ્યું છે અને આ કિંમતો ઘણી હદ સુધી વધે છે.



### આ કારણોસર સોનાના ભાવમાં વધારો

ક્રોસ કરન્સી અવરોધો પણ કિંમતી ધાતુને અસર કરી શકે છે. ઉદાહરણ તરીકે, ડોલરમાં તીવ્ર વધારો સોનાના ભાવમાં ઘટાડો લાવી શકે છે. આજે ભારતમાં સોનાના ભાવ ઘણા પરિબળોથી પ્રભાવિત છે અને કોઈ એક પરિબળ એવું નથી જે મોટી અસર કરે. એકંદરે તમે કહી શકો છો કે આ માટે ઘણા પરિબળો જવાબદાર છે.

**સોનું ક્યારે ખરીદવું અને ક્યારે વેચવું ?** | જો તમે તેને 30 હજાર રૂપિયાના ભાવે વેચવા માંગતા હો, તો તમારે તેને 27,000 રૂપિયાના ભાવે ખરીદવું પડશે, આનાથી તમને લગભગ 10 ટકાનો નફો મળશે. એ પણ ધ્યાનમાં રાખો કે સોનાની ખરીદી અને વેચાણ સાથે સંકળાયેલા અન્ય ઘણા ખર્ચાઓ છે, તેથી તમારું વળતર સારું અને નફાકારક હોવું જોઈએ. આ જ કારણ છે કે સાચી માહિતીના અભાવે ઘણા લોકો સોનું ખરીદીને યોગ્ય નફો મેળવી શકતા નથી.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, ફાગણ વદ-09

# રાજકારણીઓ હની ટ્રેપમાં ફસાય તેમાં નવું કશું નથી




હની ટ્રેપના કેટલાક કિસ્સા જોઈએ. ૨૦૦૪માં અભિષેક વર્માનો કેસ બહુ ચગ્યો હતો. તેઓ ભારત સરકારમાં સંરક્ષણ સલાહકાર હતા. તેમની પાસે સંરક્ષણ ખાતાના ગુપ્ત દસ્તાવેજોની માહિતી રહેતી. પાકિસ્તાન સ્થિત ભારતીય એલચી કચેરીમાં કામ કરતી માધુરી ગુપ્તા નામની એક ભારતીય મહિલા સેકન્ડ સેક્રેટરીની પોસ્ટ પર અધિકારી હતા. તેણે અભિષેક સાથે મિત્રતા કરી અને પછી બંને પ્રેમ કરવા લાગ્યાં હતાં. માધુરી ગુપ્તા તેમની સાથે વાતચીત દરમ્યાન સંરક્ષણ ખાતાની ગુપ્ત માહિતીની ચર્ચા કરવા લાગી હતી. તે ભારતીય અધિકારી હોવાથી પહેલાં શંકા ગઈ નહોતી, પરંતુ પછી માધુરી ગુપ્તાએ 'તમારી પોલ ખોલી નાખીશ' એમ ધમકી આપીને માહિતી આપવા દબાણ કરવાનું શરૂ કર્યું. તરત જ એલર્ટ થઇ ગયેલા અભિષેક વર્માએ ઉંડી તપાસ શરૂ કરી ત્યારે ખબર પડી કે ભારતીય અધિકારી માધુરી ગુપ્તા અંદરખાને આઈએસઆઈ સાથે જોડાયેલી છે. પોતાના પાકિસ્તાની બોસના આદેશ અનુસાર તેણે અભિષેક વર્માને હની ટ્રેપમાં ફસાવ્યો હતો. દિલ્હીનો એક કિસ્સો પણ આંખ ઉઘાડે એવો છે, જેમાં ભાડુઆત તરીકે રહેવા આવેલી મા-દીકરીએ મકાન-માલિકના યુવાન છોકરાને હની ટ્રેપમાં ફસાવીને લગ્ન માટે દબાણ શરૂ કર્યું હતું. જો લગ્ન નહીં કરે તો બળાત્કારની ફરિયાદ નોંધાવવાની ધમકી આપી હતી. પોલીસમાં ફરિયાદ પણ કરી દીધી હતી. અંતે માગણી કરી કે ૧૦ લાખ રૂપિયા આપશો તો અમે ઘર છોડીને જતા રહીશું. હની ટ્રેપમાં ફસાયેલો યુવાન શોધી લાવ્યો કે યુવતી તો પરિણિત છે. પાલીસને વિગતવાર સાબિતી આપતાં મા-બેટીને ફટકારવામાં આવી હતી. આ કિસ્સા હની ટ્રેપ કરતાં ખરેખર તો બ્લેકમેઈલિંગના છે. મોટા શહેરોમાં યુવતીઓ પ્રોઢ લોકોને ફસાવે છે અને હોટલ સુધી ખેંચી જાય છે. આગતરા પ્લાનિંગ પ્રમાણે યુવતીના સાથીઓ કમરામાં આવી જાય છે. આદમીના નગ્ન ફોટા લઈને બ્લેકમેઈલિંગ શરૂ કરાય છે. આવા મોટા ભાગના કેસોમાં ગુનેગારો બહુ લાલચ કરવા જાય છે ત્યારે ફસાય છે. રાજકારણીઓ શોખીન જીવડા હોય છે. અત્ત, તેઓ સંવેદનશીલ અને અંગત બાબતોની ચર્ચા તો વિશ્વાસુ વ્યક્તિ સાથે જ કરતા હોય છે. સત્તા સાથે કેટલાંક દૂષણો પ્રવેશી જતાં હોય છે. તેમાનું એક દૂષણ સુંવાળા સાથનું છે. સુંવાળી સોબત આપનારાઓ ક્યારેય સંબંધોમાં વફાદાર નથી હોતા. તેમનું લક્ષ્ય સામેની વ્યક્તિ પાસેથી પૈસા ખંખેરી લેવાનું હોય છે. સેક્સ સંબંધોની તસવીરો કે વીડિયો લીક કરવાની ધમકી આપીને એને સરંડર થવાની ફરજ પાડે છે. હની ટ્રેપ એક પ્રકારનો બિઝનેસ બની ગયો છે, જેમાં પુરૂષ કે મહિલાની સેક્સ્યુઅલ ડિઝાયરને ઓળખી લેવામાં આવે છે. શરૂઆતમાં તેમને ગમતું પીરસાય છે અને પછી હની ટ્રેપનું બિહામણું સ્વરૂપ સામે આવે છે. આવા કિસ્સાઓમાં પૈસા અને આબરૂ બન્ને લૂંટાય છે. રાજકારણીઓ હની ટ્રેપમાં ફસાય તેમાં નવું કશું જ નથી. કર્ણાટકમાં સત્તાધારી પક્ષના પ્રધાને જ પેપર ફોડી નાખ્યું છે. તે કહે છે કે કેટલાક પ્રધાનોની સીડી અને પેનડ્રાઈવ ફરી રહી છે. તેમના દાવા પ્રમાણે કેટલાક ન્યાયમૂર્તિઓ પણ હની ટ્રેપમાં ફસાયેલા છે. આ પ્રકારના કિસ્સાઓમાં હની ટ્રેપના દાવાની ઉચ્ચસ્તરીય તપાસ થવી જોઈએ અને સંબંધિત ગુનેગારોને કડક સજા કરવી જોઇએ. રાજકારણીઓ, ન્યાયમૂર્તિઓ જેવી વ્યક્તિઓ સુંવાળા સાથના પ્રલોભનમાં ફસાય જ નહીં તે શ્રેષ્ઠ અને આદર્શ સ્થિતિ છે. કર્ણાટકના પ્રધાન કે.એન. રાજ્જનાએ એમ કહીને વિવાદનો મધપૂડો છંછેડયો છે કે રાજ્યના ૪૮ જેટલા પ્રધાનો હની ટ્રેપમાં ફસાયેલા છે. હની ટ્રેપ એટલે વગદાર પુરુષ પાસેથી ખાનગી માહિતી કઢાવવા માટે એને સુંવાળો સંગાથ આપવાના બહાને મોકલવામાં આવતી રૂપાળી સ્ત્રીની ચુંગાલ. એક સમયે લશ્કરની હિલચાલની ગુપ્ત માહિતી મેળવવા હની ટ્રેપનો એક શસ્ત્ર તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. કર્ણાટકના ૪૮ રાજકારણીઓ તેમજ કેટલાક કેટલાક નેતાઓ હની ટ્રેપમાં ફસાયેલા છે એ વાત હકીકતે મોટા વિસ્ફોટ સમાન છે.

# વિશ્વ કવિતા દિવસ પર ભારતના સમૃદ્ધ વારસા પર નવા બનાવેલા ખાસ કાવ્યાત્મક વિડિઓનું આંતરરાષ્ટ્રીય લોન્ચિંગ


(એજન્સી) મુંબઈ । તા. 22

21 માર્ચ, 2025 ના રોજ વિશ્વ કવિતા દિવસ નિમિત્તે, ભારતના કિંમતી અને સમૃદ્ધ વારસાના વિવિધ ગૌરવપૂર્ણ પાસાઓને તેજસ્વી રીતે વ્યક્ત કરતા એક ખાસ કાવ્યાત્મક વિડિઓના આંતરરાષ્ટ્રીય લોન્ચ દ્વારા એક અનોખી સર્જનાત્મક પહેલ સુનિશ્ચિત કરવામાં આવી.

આ અદ્ભુત પહેલ યુટ્યુબ પર એક ભવ્ય ચેનલ 'ધ યશ મંગલમ શો-૨૦૨૫' હેઠળ લેવામાં આવી છે, જે વિશ્વભરમાં ખૂબ જ લોકપ્રિય બની ચૂક્યું છે, જે તેની અનોખી સામગ્રી અને પ્રસ્તુતિની અનોખી શૈલી માટે ખૂબ જ લોકપ્રિય અને વ્યાપકપણે પ્રશંસા પામે છે. આ શોના પ્રસ્તુતકર્તા, યશ મંગલમ, ફક્ત ૧૪ વર્ષના છે અને આટલી નાની ઉંમરે, તેમનો પ્રભાવશાળી અવાજ અને પ્રસ્તુતિની શૈલી બધા દર્શકોને મંત્રમુગ્ધ કરે છે. યશ દેશના જાણીતા ફિલ્મ અને મ્યુઝિક વિડીયો ડિરેક્ટર અને એડિટર અનુપમ મંગલમ અને પ્રખ્યાત કોસ્ચ્યુમ ડિઝાઈનર કલા મંગલમના પુત્ર છે. તેથી, યશને તેમના પરિવાર તરફથી સર્જનાત્મકતાની સંપત્તિ વારસામાં મળી છે.


આ ખાસ કાવ્ય રચનાના ભાવનાત્મક ગીતો મુંબઈના જાણીતા ગીતકાર, મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય એકેડેમીના કાર્યકારી સભ્ય અને મીડિયા અને જનસંપર્ક સલાહકાર ગજાનન મહતપુરકરે લખ્યા છે, જેમાં ભારતની ભવ્ય પરંપરાઓ સાથે સાંસ્કૃતિક, ઐતિહાસિક અને સામાજિક વારસાની સુંદરતા અને ગૌરવને સુંદર રીતે વણવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગજાનન મહતપુરકરે લખેલા ત્રણ ગીતો 'દુનિયા કો પહેચાન' છે. 'લે બેટા', 'શ્રી રામ મંગલગાન' અને 'કમલ ફુલનાર' પહેલાથી જ યુટ્યુબ પર ધૂમ મચાવી ચૂક્યા છે. પહેલું ગીત 'ઓડિયો કરી' દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું જ્યારે મધુર ભક્તિ ગીત 'શ્રીરામ મંગલગાન' નીલાક્ષી એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ પ્રિન્ટોગ્રાફી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, મુંબઈના ચેરમેન ગિરીશ ભાઈ શાહ દ્વારા બનાવવામાં આવ્યું હતું. પ્રખ્યાત સંગીત દિગ્દર્શક સરોજ સુમન દ્વારા રચિત આ ગીત પ્રખ્યાત બોલિવૂડ ગાયિકા સુવર્ણા તિવારી અને શ્રી સરોજના સુમધુર અવાજોથી શણગારવામાં આવ્યું હતું. આ ગીતના વિડીયોમાં અનુપમ મંગલમે દિગ્દર્શક અને સંપાદકની ભૂમિકા પણ ખૂબ સારી રીતે ભજવી છે. આ ઉપરાંત, તાજેતરની મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ માટે ગજાનન મહતપુરકરે લખેલું મરાઠી ગીત 'ગલ્લો-ગલ્લી કમલ ફુલનાર..!' આ ગીત પ્રખ્યાત શાસ્ત્રીય ગાયિકા પદ્મશ્રી ડૉ. સોમા ઘોષ દ્વારા રચિત હતું અને તેમના અદ્ભુત અવાજથી શણગારેલું હતું. આ ચૂંટણી પ્રચાર ગીત યુટ્યુબ, ફેસબુક અને સમગ્ર મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચારમાં ખૂબ જ લોકપ્રિય બન્યું. પછી જ્યારે ચૂંટણી પરિણામો જાહેર થયા, ત્યારે મહારાષ્ટ્રના દરેક શેરીમાં ખરેખર કમળ ખીલ્યું અને ભારતીય જનતા પાર્ટીને પ્રચંડ બહુમતી મળી અને દેવેન્દ્ર ફડણવીસ ફરી એકવાર મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બન્યા.




## પીપલોદ ગામમાં વારંવાર પીરીયડ આવવાના કારણે કંટાળેલી પરણિતાએ આપઘાત કર્યો


ભરત શાહ । નર્મદા

નર્મદા જિલ્લાના દેડિયાપાડ તાલુકાના પીપલોદ ગામની પરણિતા એ માસિકધર્મ થી કંટાળી આપઘાત કર્યો છે પ્રાપ્ત માહિતી અનુસાર જયંતિલાલભાઈ રામજીભાઈ વસાવા, રહે.પીપલોદ એકાણુફળીયુ નાઓ એ આપેલી ફરિયાદ મુજબ તેમના પત્ની ગીતાબેન નાઓએ ગઈ તા.૨૦/૦૩/૨૦૨૫.ના રોજ પોતાના ઘરે આશરે ત્રણેક વર્ષથી પીરીયડ વારંવાર આવવાથી કંટાળી જતા પોતાની જાતે ઝેરી દવા પી જતા તેમના કુંટુંબીજનો તાત્કાલિક સારવાર માટે સરકારી હોસ્પિટલ મોસદા ખાતે લઈ ગયેલ ત્યાંથી વધુ સારવાર માટે રીફર કરતા સરકારી હોસ્પિટલ રાજપીપલા ખાતે લાવી દાખલ કરેલ જ્યાં તા.૨૧/૦૩/૨૦૨૫.ના રોજ ફરજ ઉપરના ડોકટરે સારવાર દરમ્યાન મૃત જાહેર કરતા દેડિયાપાડા પોલીસે અકસ્માત મોત દખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ઓટો ગેરેજમાં કામ કરતાં એક તરુણ શ્રમિકને ટાસ્ક ફોર્સ કમિટી એ મુક્ત કરાવ્યો

ભરત શાહ । નર્મદા

નર્મદા જિલ્લામાં બાળ શ્રમયોગી પ્રથા નાબુદી માટે જિલ્લા ટાસ્કફોર્સ કમિટીની રચના કરવામાં આવી છે. કમિટી દ્વારા તા.૨૦-૦૩-૨૦૨૫ ના રોજ નર્મદા જિલ્લાના દેડિયાપાડા ખાતે ટાસ્કફોર્સ દ્વારા રેડ કરવામાં આવી હતી. આ રેડ દરમિયાન જોખમી વ્યવસાયમાં કામ કરતાં એક તરૂણ શ્રમિકને મુક્ત કરવવામાં આવ્યો હતો



નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકામાં દેડિયાપાડા ખાતે રેડ કરતી સંસ્થા મારૂતી ઓટો ગેરેજ, મુ.બીરસામુંડા ચોક, સાગબારા રોડ, તાલુકો દેડિયાપાડા ખાતે જોખમી વ્યવસાયમાં એક તરૂણ શ્રમિક પાસે કામ કરાવવામાં આવતું હતું. જેની જિલ્લા ટાસ્કફોર્સ સમિતિના સભ્યો દ્વારા પ્રાથમિક પુછપરછ દરમિયાન જોખમી વ્યવસાયમાં તરૂણ શ્રમિક હોવાનું જણાઈ આવતા, તે તરુણને બાળ મજુરીમાંથી મુક્ત કરાવી કાર્યવાહી કરી, ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, રાજપીપળા ખાતે સોપવામાં આવેલ છે. અને કામે રાખનાર સંસ્થા અને માલિક સામે શ્રમિકનું નિવેદનો લઈને નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવી છે. આ સમગ્ર કામગીરીમાં નર્મદાના ઇ.ચા સરકારી શ્રમ અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, નર્મદામાંથી આઉટ રીચ વર્કર પોલીસ સ્ટેશન, રાજપીપલા તરફથી પોલીસ કોન્સ્ટેબલ અને ગ્રામ વિકાસ ટ્રસ્ટ, ભરૂચ તરફથી પ્રોજેક્ટ કો-ઓડીનર દ્વારા સંસ્થા સામે દેડિયાપાડા પોલીસ સ્ટેશન ખાતે એફ.આઈ.આર સહિતની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવી છે.

## આર્ટસ કોલેજ મોડાસામાં 65મો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો



રાકેશ મહેતા । ધનસુરા

આર્ટસ કોલેજ મોડાસામાં ૬૫મો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો.આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે અરવલ્લી જિલ્લાના શિક્ષણ વિભાગમાં E I તરીકે કાર્યરત જયેશભાઈ પટેલ આવેલ હતા.તેમણે વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોના નામાંકિત વ્યક્તિઓના જીવન ચરિત્રોમાંથી ઉદાહરણ આપી ઉત્કૃષ્ટ જીવન જીવવાની પ્રેરણા આપી.વળી આર્ટ્સમાં અભ્યાસ કરી સ્પર્ધાત્મક પરીક્ષાઓ ઉત્તિર્ણ કરી શ્રેષ્ઠ નોકરી કેવી રીતે મેળવી શકાય તે અંગેની માહિતી આપી. મંડળના ઉપપ્રમુખ તથા સમારંભ અધ્યક્ષ ડો. ઘનશ્યામભાઈ શાહ વિદ્યાર્થીઓને આશીવૅચન કહ્યાં.આચાર્યશ્રી દીપકભાઈ જોષી એ મહેમાનોના પરિચય આપી તેમને આવકાર્યા હતાં મંડળના મંત્રીશ્રી પરેશભાઈ મહેતા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી મંડળ ના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ વી શાહે કાર્યક્રમ ની શુભેચ્છાઓ પાઠવી હતી ડો જયશ્રીબેન દેસાઈએ શૈક્ષણિક પ્રવૃત્તિઓ નો અહેવાલ રજૂ કર્યો .ડો. અશોકભાઈ પટેલ તથા પ્રા.એમ.બી. દેશમુખે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. શૈક્ષણિક ક્ષેત્રે તથા વિવિધ ક્ષેત્રોમાં સારુ પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ,શિલ્ડ તથા સર્ટિફિકેટ આપી બિરદાવ્યા છે જી.એસ વરુણ સોલંકીએ વિદ્યાર્થી પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કર્યો.

# SC ST પર થતા અત્યાચાર રોકવા માટે આપ પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ મુખ્યમંત્રીને લખ્યો પત્ર

### ભોગ બનનાર વ્યક્તિ પર સમાધાન કરવા માટે દબાણ કરવામાં આવે છે: ચૈતર વસાવા

ભરત શાહ । નર્મદા

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડા ના ધારાસભ્ય ચૈતર વસાવા એ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ તકેદારી અને મોનેટરીંગ સમિતિના અધ્યક્ષને પત્ર લખ્યો હતો. આ પત્રમાં ધારાસભ્ય ચૈતર વસાવા એ જણાવ્યું હતું કે એસસી એસટી પર થતા અત્યાચાર અને ઉત્પીડન ના બનાવોને રોકવા માટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ,૧૯૮૯ લાગુ કરવામાં આવ્યો જેમાં ૧૯૯૫ તથા ૨૦૧૬ વધુ સુધારાના નિયમો સાથે લાગુ કરવામાં આવેલ છે. જેની ચુસ્ત અમલવારી માટે કેટલી બાબતો પર આપની અને સમિતિની હું ગંભીરતાપૂર્વક ધ્યાન દોરવા માગું છું. કેટલાક કિસ્સાઓમાં નીમાયેલા તપાસ અધિકારી કે થાણા અધિકારી દ્વારા આવા કિસ્સામાં ભોગ બનનાર વ્યક્તિ અને સાક્ષીઓના કેસ નોંધતા નથી. સ્થળ તપાસમાં પણ પોતે જતા નથી અને સમય પસાર કરી ભોગ બનનાર વ્યક્તિ ઉપર સમાધાન કરવા દબાણ ઉભું કરવામાં આવે છે. ક્યારેક તો આવા કિસ્સાઓમાં આરોપીઓ પર ૧૫૧ કરી મામલતદાર સામે રજુ કરી સંતોષ માનવામાં આવે છે. ઘણાં કેસોમાં પોલીસ સ્ટેશનો માં ટેબલ જામીન આપવામાં આવતા હોય છે. ચાર્જશીટ (તહોમતનામું) ફાઈલ કરવામાં વિલંબ કરવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ પોલીસ અધિક્ષક કે નાયબ પોલીસ અધિક્ષકની ભોગ બનનાર વ્યક્તિ પ્રત્યે સંવેદનશીલતા હોતી નથી તેઓ એવું માનતા હોય છે કે આ અત્યાચાર નિવારણ અધિનિયમનો ગેરફાયદો ઉઠાવે છે. એવું જાહેર મંચ પરથી પણ બોલતા હોય, મહીસાગરના કલેકટરશ્રી નેહા કુમારીનો વાયરલ વિડીઓ પૂરા રાજ્યએ જોયો છે. અત્યાચાર નિવારણ અધિનિયમ અંતર્ગત ભોગ બનનારના કેસોના કિસ્સામાં માં ટ્રાયલ ફાસ્ટ ચલાવવા માટે 'વિશેષ કોર્ટોમાં કેસો ચલાવવાની' ની તથા 'વિશેષ પબ્લિક પ્રોસિક્યુટર'ની જોગવાઈ કરવામાં આવેલ છે. છતાં મોટેભાગના કેસો પેન્ડીંગ હોવાથી ભોગ બનનાર લોકો વર્ષોથી ન્યાયની રાહ જોઇને બેઠા છે. જેવી બાબતો પર તકેદારી અને મોનીટરીંગ સમીતી તથા રાજ્ય સરકાર દ્વારા સત્વરે સૂચન કરી સુધારો કરવામાં આવે એવી ચૈતર વસાવા એ અપીલ છે.



## રાજપીપળા પોલીસ મથકના પીઆઇ વી.કે.ગઢવી એ હેલ્મેટ પર અનોખી કવિતા લખી લોકોને મેસેજ આપ્યો

ભરત શાહ । નર્મદા

નર્મદા જિલ્લા પોલીસ માં કેટલાક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ અનેક પ્રકારના શોખ ધરાવે છે જેમાં કોઈ સંગીત, મિમિક્રી, વાજિંત્રો વગાડવા, ગીતો ગાવા સહિત અનેક આવડત તેમના માં હોય છે ત્યારે રાજપીપળા પોલીસ સ્ટેશન ના પીઆઈ વી.કે.ગઢવી સાહેબ પોતે ૧૦ વર્ષ થી કવિતા લખવાનો શોખ ધરાવે છે, અત્યારસુધી તેમણે લગભગ ૨૨૫ જેવી કવિતાઓ લખી ચૂક્યા છે. અને હાલ હેલ્મેટ માટે આખા દેશ માં પોલીસ એલર્ટ થઈ કડક ચેકીંગ કરી રહી છે ત્યારે ટાઉન પીઆઈ ગઢવી સાહેબે હાલ હેલ્મેટ ઉપર એક સુંદર કવિતા લખી લોકો ને જાગૃત કરવા અનોખો પ્રયાસ કર્યો છે.



### ગઢવી સાહેબે લખેલી કવિતા...

**"હેલ્મેટ શપથ"**

હું શપથ લઉં છું કે...
મારા શિરને કવચ આપી સલામત રાખીશ... ટુ વ્હીલર ચલાવતી
વખતે હેલ્મેટ અચૂક પહેરીશ...
મારા પરિવાર ના મોભી, વડીલોને માન આપીશ... ટુ વ્હીલર લઈ
બહાર જતા એમને હેલ્મેટ અંબાવીશ...
મારા સગા, વ્હાલા સ્નેહીજનોને સમજાવીશ... ટુ વ્હીલર પર જતા
તમામને હેલ્મેટ પહેરાવીશ...
મારા મોહલ્લા, શેરી, સોસાયટીને જાગૃત કરીશ... હેલ્મેટની આદત
પાડીને અનુશાસન પાળીશ... હેલ્મેટ આદત પાડીને
"ખાખી"ને રોડ, રસ્તે જોઈ નહીં હું ગભરાઇશ... હેલ્મેટને હથિયાર
બનાવી, જીવના જોખમને હરાવીશ...
"ખાખી" વી.કે.ગઢવી. પોલીસ ઇન્સ્પેક્ટર.
રાજપીપળા ટાઉન પીઆઈ વી.કે.ગઢવી

# ધનસુરા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજનો વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો



રાકેશ મહેતા । ધનસુરા

અરવલ્લી જિલ્લાની ધનસુરા ધી ધનસુરા પ્રદેશ એજયુકેશન સોસાયટી સંચાલિત ધી ડીપીસીબીએલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધનસુરા 40મા વાર્ષિકોત્સવ નું આયોજન પ્રિ . ડો.પ્રફુલ્લાબેન બ્રહ્મભટ્ટ માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતુ જેમાં સંચાલક મંડળના પ્રમુખ શ્રી રાજેન્દ્રકુમાર મેહતા, ઉદઘાટક તરીકે અરવલ્લી જિલ્લા કલેક્ટર સુ શ્રી પ્રશસ્તિ પારીક મુખ્ય મેહમાન તરીકે સુ શ્રી અરવલ્લી જિલ્લા પોલીસ અધિક્ષક સુ શ્રી શેફાલી બરવાલ તથા અતિથિ વિશેષશ્રી તરીકે ખેડૂત અગ્રણી, દોલપુરકંપાના અગ્રણી શ્રી ભાવેશભાઈ ડાહ્યાભાઈ પટેલ ટ્રસ્ટીઓ મંડળ ના હોદેદારો હાજર રહ્યા હતા આ પ્રસંગે દીપ પ્રાગટ્ય ઉપસ્થિત મહેમાન શ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતુ, જિલ્લા કલેક્ટર શ્રી પ્રશસ્તિ પરીક બેન તથા આઈ પી એસ શ્રી શેફાલી બરવાલ વિધાર્થીઓ ને પ્રેરણાદાયી વકતવ્ય આપ્યાં હતા તથા નશા અને ગુનાહિત પ્રવૃત્તિઓ થી દૂર રહેવા જણાવ્યું હતું , મહેમાન શ્રી ભાવેશભાઈ પટેલ દ્વારા આ પ્રસંગે પાંચ લાખ રૂપિયા નું અનુદાન કોલેજ વિકાસ અર્થે કર્યું હતું આચાર્ય શ્રી દ્વારા કોલેજમા આ વર્ષ દરમિયાન કરેલ પ્રવૃત્તિઓનો અહેવાલ આપવા આવ્યો હતો તથા અરવલ્લી જિલ્લામાં આર્ટ્સ માં જી એસ આઈ આર એફ માં ફોર સ્ટાર મેળવવાં બદલ સમગ્ર સ્ટાફ તથા સંચાલક મંડળના આભાર દર્શાવ્યો હતો નિવૃત્ત પ્રા. પલવી બેન ત્રિવેદી, પ્રા . મનહર ભાઈ દેસાઈ તથા કનુ ભાઈ વણકરનું સન્માન કરવા માં આવ્યું હતુ, યુનિવર્સિટી કક્ષાએ પ્રથમ આવનાર નેહા દરજી તથા જીસેટ પાસ કરનાર વિધાર્થી રણજીત તથા અલગ અલગ વિષયો માં પ્રથમ આવનાર વિધાર્થીઓ ને ચંદ્રકો આપી તેજસ્વી તારલાઓ નું સન્માન કરવા માં આવ્યું હતુ , જરૂરિયાતમંદ વિધાર્થીઓ ને ગરીબ વિધાર્થી ફંડમાંથી ચેક વિતરણ કરવામાં આવ્યું હતુ,વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ ને ચંદ્રકો તથા સર્ટિફિકેટ આપી સન્માનવા માં આવ્યા હતા, અંતે વિદ્યાર્થીઓ એ રંગારંગ કાર્યક્રમ મા ગરબા, રાસ , ડાન્સ તથા સમૂહગીત રજુ કર્યું હતું, સમગ્ર કાર્યક્રમ નું સંચાલન પ્રા. ડો. સી. આર પટેલ, પ્રા.ભારતી બેન ગાંવિત તથા સમગ્ર સાંસ્કૃતિક સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું, ઉદઘોષક તરીકે પ્રા. ભૂમિબેન વેડનાથાની તથા પારૂલબેન સોની દ્વારા કરવામાં આવ્યું હતું , સમગ્ર કોલેજ પરીવાર તથા વિધાર્થીઓ ઉત્સાહભેર તેમાં જોડાયા હતા

# ગ્રામ પંચાયત પોઇચામાં વિશ્વ જળ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી

ભરત શાહ । નર્મદા




નાંદોદ તાલુકાના ગ્રામ પંચાયત પોઇચામાં પ્રાથમિક શાળા નાંદોદમાં વિશ્વ જળ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં સમાજના મહાનુભાવો દિનેશભાઈ, સરપંચ ઉષાબેન, નાયબ સરપંચ, તલાટી ધર્મેન્દ્ર સિંહ, મુખ્ય શિક્ષક જીગરભાઈ, શિક્ષક નિમિષાબેન, હિમાંશુભાઈ અને પિરામલ ફાઉન્ડેશન ના ગાંધી ફેલો અમન આર્ય અને અદિતિ સિન્હા ઉપસ્થિત રહ્યા હતા. આ મહત્વપૂર્ણ કાર્યક્રમ પિરામલ ફાઉન્ડેશન ના નેતૃત્વ હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો, જેમાં ગાંધી ફેલો અદિતિ સિન્હા અને અમન આર્યએ પાણી સંરક્ષણના મહત્વ પર વિશેષ ભાર મૂક્યો હતો. પાણી બચાવવા માટે ગ્રામ પંચાયત અને સમુદાય સાથે મળીને કેવી રીતે કામ કરી શકે છે તેના પર ચર્ચા કરવા માં આવી. પાણીના સ્ત્રોતોની સલામતી અને સ્વચ્છતાના મુદ્દા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં, જળ જીવન મિશન અંતર્ગત લોકોને પાણી સંરક્ષણ વિશે જાગૃત કર્યા. દિનેશભાઈ પટેલ, સરપંચ પોતાના સંબોધનમાં કહ્યું, 'પાણી એ માત્ર જીવનનો આધાર નથી પણ સર્વાંગી વિકાસ અને ટકાઉ ભવિષ્યની ચાવી પણ છે. આપણે જળ સંરક્ષણ ને આપણી આદતો અને દિનચર્યા નો એક ભાગ બનાવવો પડશે, જેથી ભવિષ્યની પેઢીઓ પણ તેનો લાભ મેળવી શકે.' તથા પ્રાથમિક શાળા પોઇચા ના આચાર્ય જીગરભાઈ સોની એ દ્વારા પાણી સંરક્ષણ માટે વિવિધ તકનીકીઓ તથા આયોજન પર ચર્ચા કરી ને ગ્રામીણજ નો ને જાગૃત કર્યા. આ પ્રસંગે, વિદ્યાર્થીઓ અને સમુદાયના સભ્યોએ પાણી બચાવવાની પ્રતિજ્ઞા લીધી અને પાણી સંરક્ષણ સંબંધિત વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. આ રીતે, આ કાર્યક્રમ દ્વારા જાગૃતિ લાવવાની સાથે સાથે લોકોને પાણીનું મહત્વ સમજવા અને તેને બચાવવા માટે પ્રેરિત કરવામાં આવ્યા.



લખપત ભુજ હાઈવે પર કોટડા જ. નજીક સંતકૃપા હોટલ પાસે બ્રોમીન કેમિકલ ભરેલું ટેન્કર પલ્ટી ખાઈ ગયું હતું.
- મહેશ એલ. સોની નખત્રાણા

# 24મી માર્ચ વિશ્વ ક્ષય દિવસ નિમિત્તે નર્મદા જિલ્લા ક્ષય કેન્દ્ર, દ્વારા ટીબી મુક્ત ભારત, જન આંદોલન જન જાગૃતિ રેલોનું આયોજન

■ રેલી જિલ્લા ક્ષય કેન્દ્રના કેમ્પસ માંથી પ્રારંભ થઈને સફેદ ટાવર, સંતોષ ચોકડી, તાલુકા આરોગ્ય કચેરી ટેકરા ફળિયા, રાજપીપલા ખાતે પૂર્ણાહુતી થશે

ભરત શાહ । નર્મદા

રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત દર વર્ષે '૨૪ મી માર્ચ, ના રોજ વિશ્વ ક્ષય દિવસ" ની થીમ ' Yes ! WE CAN ★ End TB, Commit, Invest, Deliver ! ઉજવણી અંતર્ગત 'ટીબી હારેગા દેશ જીતેગા' ઉજવણી ના ભાગરૂપે નર્મદા જિલ્લા ક્ષય કેન્દ્ર, દ્વારા 'ટીબી મુક્ત ભારત, જન આંદોલન "જન જાગૃતિ રેલોનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૨૪ મી માર્ચ ૨૦૨૫ ના રોજ સવારે 07:00 કલાકે જિલ્લા ક્ષય કેન્દ્ર નર્મદા, જુની સિવિલ હોસ્પિટલ કેમ્પસ માથી પ્રારંભ થઈને સફેદ ટાવર, સંતોષ ચોકડી, તાલુકા આરોગ્ય કચેરી ટેકરા ફળિયા, રાજપીપલા ખાતે પૂર્ણાહુતી થશે, તેમ જિલ્લા ક્ષય અધિકારી એ જણાવ્યું છે.

# દરરોજ બદામ ખાવાના 8 ઓછા જાણીતા આરોગ્ય ફાયદાઓ

**બદામ ખાવી સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે, જો કે ઘણા લોકો નથી જાણતા કે દરરોજ કેટલી બદામ ખાવી જોઈએ. રાત્રે પાણીમાં પલાળેલી બદામ સવારે ખાવાથી ઘણા ફાયદા થાય છે, પરંતુ જો તમે ઓછી સંખ્યામાં બદામ ખાતા હોવ તો તમને તેનાથી વધારે ફાયદો નહીં થાય. સ્વાસ્થ્ય નિષ્ણાતોના મતે, દરરોજ પૂરતી સંખ્યામાં બદામ ખાવી જરૂરી છે જેથી શરીરને પ્રોટીન, ફાઇબર, ચરબી અને કેલરી યોગ્ય માત્રામાં મળી શકે. ચાલો જાણીએ કે બાળકો, વયસ્કો અને વૃદ્ધોએ તેમની ઉંમર પ્રમાણે દરરોજ કેટલી બદામ ખાવી જોઈએ?**

બાળપણથી લઈને માતાઓ અને દાદીઓએ આપણને સવારના નાસ્તામાં દિવસમાં ઓછામાં ઓછા એક વખત બદામનો સમાવેશ કરવા માટે આપણને પ્રોત્સાહિત કર્યા છે. હવે 200થી વધુ વૈજ્ઞાનિક અભ્યાસો પણ આપણને વર્ષો જૂના શાણપણને અપનાવવા પર ભાર મુકે છે. સંશોધન દર્શાવે છે કે કેલિફોર્નીયા બદામ પોષણોથી ભરપૂર છે જે આપણે અસંખ્ય આરોગ્ય ફાયદાઓ પૂરા પાડે છે અને એકંદરે સુખાકારીમાં યોગદાન આપે છે. આ ખાસ દિવસે, નવી દિલ્હીના મેક્સ હેલ્થકેર ખાતે ડાયેટિક્સના પ્રાદેશિક વડા, રિતિકા સમદર, તમારા દૈનિક આહારમાં બદામનો સમાવેશ કરવાના કેટલાક ઓછા જાણીતા સ્વાસ્થ્ય લાભો શેર કરે છે. ચાલો એક નજર કરીએ! -કેલિફોર્નીયા બદામ 15 આવશ્યક પોષણનો સ્ત્રોત છે જેમાં મેગ્નેશિયમ, પ્રોટીમ, રિબોફ્લેવીન, ઝીંક, ફાયબર, તંદુરસ્ત ચરબી અને વધુનો સમાવેશ થાય છે.




આ પોષણો એકંદરે સુખાકારીમાં યોગદાન આપે છે. હકીકતમાં, ભારતીયો માટેની ICMR-NIN ડાયેટરી માર્ગદર્શિકાઓ પણ બદામને એક પોષણયુક્ત સૂકામેવા તરીકે ઓળખી કાઢે છે જેનુ સારા આરોગ્ય માટે દૈનિક ધોરણે સેવન કરી શકાય છે.-બદામ વિટામીન E (આલ્ફા-ટોકોફેરો)નો એક સમૃદ્ધ સ્ત્રોત છે, જે વૃદ્ધત્વ વિરુદ્ધની શક્તિશાળી એન્ટીઓક્સીડન્ટ છે, જે તંદુરસ્ત, ચળકતી ત્વચાને પ્રોત્સાહન આપવામાં મદદ કરે છે. -કેલિફોર્નીયા બદામ પ્રોટીનનો સમૃદ્ધ સ્ત્રોત છે, એક એવુ પોષણ કે જે સ્નાયુ પિંડના વિકાસ અને જાળવણીને ટેકો આપે છે. ICMRની માર્ગદર્શિકાઓ પ્લાન્ટ પ્રોટીન અને તંદુરસ્ત નાસ્તા એમ બન્નેના સંતુલીત ખોરાકના નિયમિત સેવનને સમર્થન આપે છે. -બદામ વિટામિન B2, મેગ્નેશિયમ અને ફોસ્ફરસ જેવા આવશ્યક પોષક તત્વોથી ભરપૂર હોય છે, જે ખોરાકને ઉર્જામાં રૂપાંતરિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે તમને સક્રિય અને ઉર્જાવાન રાખવામાં મદદ કરે છે. -મુઠ્ઠીભર બદામ તૃપ્તિની લાગણીને પ્રોત્સાહન આપવામાં મદદ કરી શકે છે, તેના તૃપ્તિ ગુણધર્મોને કારણે, તે વજન વ્યવસ્થાપનને ટેકો આપવા માટે એક ચપળ પસંદગી બનાવે છે. -બદામ, જ્યારે સંતુલિત આહારમાં સામેલ હોય છે, ત્યારે કુલ અને LDL કોલેસ્ટ્રોલનું સ્તર ઓછું કરતુ હોવા તરીકે દર્શાવવામાં આવ્યું છે. વધુમાં, તે બળતરા ઘટાડવામાં મદદ કરી શકે છે, જે હૃદયના સ્વાસ્થ્યને સુરક્ષિત રાખવામાં અને હૃદય રોગના જોખમને ઘટાડવામાં એક મુખ્ય પરિબળ છે. -જ્યારે એકસાથે ખાવામાં આવે છે ત્યારે બદામ કાર્બોહાઈડ્રેટ-સમૃદ્ધ ખોરાકમાંથી બ્લડ સુગરના વધારાને ઘટાડવામાં મદદ કરી શકે છે, ઉપવાસમાં ઈન્સ્યુલિન સ્તરમાં સુધારો કરે છે અને બ્લડ સુગર વ્યવસ્થાપનને વધુ સારું બનાવે છે. -FSSAI દ્વારા પ્રકાશિત કર્યા મુજબ, સંતુલિત આહારમાં નિયમિતપણે બદામનો સમાવેશ કરવાથી રોગપ્રતિકારક શક્તિમાં નોંધપાત્ર વધારો થઈ શકે છે, કારણ કે તેમાં પોષક તત્વોના શક્તિશાળી મિશ્રણને કારણે શ્રેષ્ઠ સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રોત્સાહન મળે છે.

# Acidityની સમસ્યા ઉનાળામાં વધી જાય છે તો ડાયેટમાં એડ કરો આ ફ્રુટ્સ

## એસિડીટી ક્યારે થાય છે

**જ્યારે શરીરમાં પ્યુરીનની માત્રા વધવા લાગે છે ત્યારે યુરિક એસિડ પણ વધે છે. ઉચ્ચ યુરિક એસિડથી પીડાતા લોકોએ તેમના ડાયટનું વિશેષ ધ્યાન રાખવું જરૂરી છે. કારણ કે ખાવા-પીવામાં થોડી બેદરકારી પણ સાંધા, હાડકાં અને સોજાનું કારણ બની શકે છે. જ્યારે પ્યુરિન શરીરમાં તૂટવાનું શરૂ કરે છે, ત્યારે તે યુરિક એસિડનું કારણ બને છે.**



### જાબું

બ્લેક બેરી ઉનાળાની સિઝનમાં હોય છે. જેમાં એન્ટીઓક્સીડેન્ટ ભરપૂર માત્રામાં હોય છે. જો તમે બ્લેકબેરી ખાઓ છો, તો તે યુરિક એસિડને અમુક હદ સુધી નિયંત્રિત કરી શકાય છે. મેટાબોલિઝમ વધારવાની સાથે જ જાંબુ શરીરને ડિટોક્સ કરવામાં પણ મદદ કરે છે. જેનાથી શરીરના સોજા પણ મટાડી શકાય છે. એસિડનું સ્તર પણ નિયંત્રણમાં રહે છે.

### ચેરી

ચેરી એસિડીટીના દર્દીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. ચેરીમાં એસિડને નિયંત્રિત કરવાના વિશેષ તત્વો જોવા મળે છે. લાલ ચેરીમાં વિટામિન B-6, વિટામિન A, વિટામિન K, વિટામિન C, વિટામિન A અને વિટામિન B મળી આવે છે. ચેરીમાં અન્ય ખનીજો પણ હોય છે.

### કેળું

જો તમે વધુ પજતી એસિડીટીના જોખમથી બચવા માંગતા હોવ તો રોજ કેળું ખાઓ. કેળામાં પ્યુરિન ઓછું હોય છે. કેળા ખાવાથી હાઈ યુરિક એસિડને ઓછું કરી શકાય છે. કેળા ખાવાથી શરીરને ઈન્સ્ટન્ટ એનર્જી પણ મળે છે.



### એપલ

ઉનાળો હોય કે શિયાળો, દરરોજ સફરજન ખાવું જોઈએ. સફરજનમાં ઉચ્ચ ફાઈબર હોય છે. તે પાચન માટે પણ ખૂબ સારું છે. સફરજન એક એવું ફળ છે જે લોહીમાં યુરિક એસિડના સંચયને અટકાવે છે.

### કિવિ

**ખાટા અને રસદાર ફળ કીવી એસિડીટીમાં ખૂબ જ ફાયદાકારક છે. કીવી ખાવાથી એસિડીટીને અમુક હદ સુધી નિયંત્રિત કરી શકાય છે. તેમાં વિટામિન સી, વિટામિન ઇ, પોટેશિયમ અને ફોલેટ હોય છે. આને ખાવાથી શરીરમાં એકઠા થયેલા ઝેરી તત્વો ટોયલેટ દ્વારા સરળતાથી બહાર આવે છે. દરરોજ કીવી ખાવાથી એસિડીટી કંટ્રોલમાં રહે છે.**



# સદવિચાર પરિવાર દિવ્યાંગ બાળકોની સંસ્થાના શિક્ષક શ્રી ભરતભાઈ પ્રજાપતિ ની વિશિષ્ટ કાર્યશૈલી ને નમન..!

સરગાસણના પાદરે એકસામટા ત્રણ ઢોલ ધ્રીબાંગ ધ્રીબાંગ ધબૂકવા લાગ્યા. કાંડાની નસું ફૂલીને ફાટી જાય એવા જોરથી ઢોલીડાઓ ઢોલ વગાડતાં રહ્યા. શ્રાવણની વાદળી એક જગ્યાએ મન મૂકીને વરસે એમ ઢોલીડાઓ માથે રુપિયાની નોટુંનો વરસાદ વરસતો રહ્યો. નોટુંનો વરસાદ કેમ ન વરસે. ઉવારસદના હાજા પટેલના દીકરાની જાન સરગાસણના પાદરે આવી પહોંચી. હાજા પટેલનો વેવાઈ સવજી નાથા એટલો જ પોરહીલો. જાનૈયા બસમાંથી પગ નીચે મુકે એ પહેલાં હેમાળા જેવા ટાઢાં ગુલાબ અને વરિયાળીના શરબતની ગોળીઓ પીપળાને ઓટે મુકાઇ ગયેલી.

ગાંધીનગર પાસે આવેલ ઉવેરસદના હાજા પટેલનો અરજણ એકનો એક દીકરો હોવાથી હાજા પટેલે ઉવેરસદના પાંચમાં પૂછાય એવા માણસોને આગ્રહ કરી અરજણની જાનમાં સોંઢાડેલા. હાજા પટેલનો પગ જમીન ઉપર છબતો ન'તો. સામે વેવાઈ સવજી નાથા આવો મોંઘેરો વેવાઈ અને ઈન્દ્રને ઝાંખો પાડે એવો જમાઇ મળવાથી હવામાં ઉડતા હતા.



(ભાવેશ ડોલર-ગાંધીનગર)
"નવનિર્માણ"
- લેખક-હર્ષદ લશ્કરી

વાજતે ગાજતે જાન ઉતારે આવી. ઘડીક સમા નમા થઇ જાનૈયા માંડવે આવ્યા. વરની પધરામણી માંડવે થઇ. ટબૂડીમાં રાખેલ મગના દાણા રણકાવતી લૂણવંતી વરરાજાને લૂણ ઉતારવા લાગી. ગોરબાપા : શ્લોક બોલતા જાય અને માંડવે લગ્નની વિધી આગળ ધપાવે. ઘટાટોપ કાળા વાદળાંથી ઘેરાયેલ આકાશને જોઇ વાંકી ડોક કરી, ગળાનાં ત્રણ કટકા થઇ જાય એવો કેકારવ મોરલા કરે એમ જાનડીઓએ ગળા ફાડી વરના વખાણ કરતા લગ્નગીતો શરુ કર્યા.

સામે પક્ષે કન્યા પક્ષ ગાંજ્યો જાય તેમ ક્યાં હતો. ઘૂમટા આઘેરા કરી ફટાણાં ગાવા શરુ કર્યાં.

'વીરો પાટલૂન પેરે છે જાત જાતના
વરો બુશકોટ પેરે છે ભાત ભાતના
તોય વીરાને ફાટેલ ચડ્ડીનો શોખ
વીરો મારો ડગમગ ડગમગ થાય.'

દંભ કે આડંબર વિના સરગાસણ મોજના પોરા છોડતું આનંદ, ઉલ્લાસથી ધબકવા માંડ્યું. સવજી નાથાએ માંડવામાં આઇસક્રીમ, શરબતનો ઠૂંગો ચાલુ રાખેલ. બીડી, બાકસ, સિગારેટની થાળીઓ ફરતી રાખી. ભવનાં ભાઇબંધ હોય એમ બેય વેવાઈઓ વાતોના ધૂબાકા મારતા હતા. વરની મા હલાં ફલાં થાતી માંડવે પહોળી થઇને બેઠી હતી.

માયરાની વિધી પૂરી થયે જમણવારની પંગત પડી. સવજી નાથાએ ગાંધીનગરથી રસોઇયાને બોલાવેલ. ત્રણ મીઠાઇ, બે ફરસાણ, અથાણાં સંભારાનો પાર નહિ. હાજા પટેલે જોયું કે ગામની શાળાના શિક્ષક ભરતભાઇ પ્રજાપતિ હજી પંગતમાં બેઠા નથી. ડેલે કોઇ વિકલાંગ બાળક સાથે વાત કરતા ઉભા છે. હાજા પટેલે હાકલ મારી પ્રજાપતિ સાહેબને જમવા બોલાવ્યા. સવજી વેવાઇએ જાનૈયાઓને ભરપેટ જમાડ્યા.

જાનમાં આવેલ ભરતભાઇ પ્રજાપતિ એ વિકલાંગ બાળકને જોઇ દ્રવી ઉઠ્યા. ડાબો પગ પોલીયોગ્રસ્ત હોવાથી કાંખઘોડીને સહારે ચાલી શકે. સાત વર્ષની ઉંમર થયા પછી સ્કૂલે જતું નહતું. આ માટે વિકલાંગતા અને માબાપની ગરીબી બન્ને કારણભૂત. પ્રજાપતિ સાહેબે આ બાળકને સહાયભૂત થાવાનું મનથી નક્કી કર્યું.

જમણવાર પત્યે લગ્નવિધી આગળ ચાલી. વર વધુનો હસ્તમેળાપ સંપન્ન થયો. આ દરમ્યાન પ્રજાપતિ સાહેબ વિકલાંગ બાળકને ઘરે પહોંચી ગયા. તેના માબાપને શાંતિથી સમજાવ્યા. બાળકનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવાનું, સ્કૂલમાં દાખલ કરવાનું કહ્યું. કન્યાવિદાયના કરુણ પ્રસંગ પછી જાન ઉઘલાવવા ટાણે પ્રજાપતિ સાહેબ હાજર થઇ ગયા. જાનમાં એક વ્યક્તિની સંખ્યા વધી. તેઓ એકલા નહતા, સાથે વિકલાંગ બાળક હતો.

ઉવારસદની સ્કૂલમાં બાળકને એડમીશન અપાવ્યું. સદ્ વિચાર પરિવાર સંચાલિત વિકલાંગ પ્રાથમિક સ્કૂલમાં ધોરણ એકથી ધોરણ બાર સુધી વિકલાંગ વિદ્યાર્થીને રહેવાનું, જમવાનું તથા શિક્ષણ તદ્દન ફ્રી મળે છે.

પ્રજાપતિ સાહેબે આપેલ તાલીમ થકી ૨૦૨૧-૨૨ માં આ સ્કૂલના ૧૩૮ બાળકો ૧૪૫૦૦ ફૂટની ઉંચાઇએ હિમાલય ટ્રેકીંગ કર્યું. દર રવીવારે તથા રજાના દિવસે પ્રજાપતિ સાહેબ ઉવારસદની આસપાસના ગામમાં જઇ વિકલાંગ બાળકોને શોધી સ્કૂલમાં એડમીશન અપાવે. ફક્ત વિદ્યાર્થીના ભવિષ્યનું નિર્માણ નહિ પણ રાષ્ટ્રના નવનિર્માણ ની ઈમારતમાં પાયાની ઈંટો રુપ વિકલાંગ બાળકોને પગભર કરવાનું કાર્ય કરે છે. તેમના આ ભગીરથ કાર્યને સો સો સલામ.

શ્રી ભરતભાઇ પ્રજાપતિ હાલમાં ઉવારસદ ખાતે આવેલ સદવિચાર પરિવાર વિકલાંગ છાત્રાલય તેમજ આ સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે.

-ડો હર્ષદ લશ્કરી

# મુસાફિર તુમ્હે દેખ કુછ યાદ આયા, દિલ કે વો અરમાન ફિર સે જગ ગયે...

કોન હો તુમ? લગતા હૈ કી મેં તુમ્હે પહેચાંતી હું. મુસાફિર ગભરાઓ મત મેરે કરીબ આઓ.તુમ્હારે ચહેરે પર સાફ લીખા હૈ કી તુમ ઈન્ડિયન હો ફરી ભી ફ્રાન્સ મેં ક્યાં કર રહે હો? સીબીઆઈ ઓફિસર મનુ ગુપ્તા એ ધીમેથી કહ્યું કે બેગમ,હમ આપકે ગુલામ હૈ, નોરમંડી મે છૂટક મજદૂરી કરતે થે.આપ કા નમક દો સાલ સે ખા રહે હૈ તો જુઠ બોલેંગે નહી. આપકા આદમી સુલતાન ને હમે કિચન ઔર ગાર્ડન કે કામ પે રખા હૈ.લાંબી દાઢી અને મૂછો માં મનું ગુપ્તા મુસ્લિમ વધારે લાગતો હતો. સંત ફકીર ઓલિયા જેવી શકલ સુરત બનાવી દીધી હતી.આ વેશમાં એની અસલિયત ઢંકાઈ ગઈ હતી.

મુનમુન બેગમ ના રેકોર્ડ માં સીબીઆઈ અનુભવ સિન્હા ની માફક સીબીઆઈ ઓફિસર મનુ ગુપ્તા નો રેકોર્ડ પણ ફોટા સાથે ઉપલબ્ધ હતો. આ વેશ માં મનું ગુપ્તા તદન અલગ દેખાતા હોવા છતાંય બેગમ ને મનું ગુપ્તા પર શક થયો હતો. મનું ગુપ્તા ની પરિક્ષા લેવા માટે બેગમ એ એના ખાસ માણસ સુલતાન ને સીબીઆઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ની પત્ની પર હુમલા નું દ્રશ્ય મનું ગુપ્તા ને દેખાડવાનું સૂચવ્યું. સુલતાન એ સ્ક્રીન પર સી.બી.આઈ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ની પત્ની મયુરી નું મર્ડર નજરે નિહાળતા જ મનું ગુપ્તા મનોમન દુઃખી થતા બોલ્યો 'ઓહ!!નો' પણ હદય ના ભાવ છુપાવ્યા.જેવો મુનમુન બેગમ એ સુલતાન ને ઈશારો કર્યો એ ભેગા રિમોટ નું બટન પ્રેસ થયું. સુલતાન એ મનુ ગુપ્તા નો હાથ પકડી ને રૂમ તરફ દોરી ગયો.ચેમ્બર માં રાખેલ ચેર પર મનું ગુપ્તા ને બેસાડી દીધો.ચેર પર બેઠતા ભેગા જ અજાણ્યા માણસ એ એના દાઢી મૂછ કાપી નાખ્યા.



મર્ડર મિસ્ટ્રી કેસ
- રુપાલી દવે

દાઢી મૂછ કપાઈ જતા મનુ ગુપ્તા નો ફકીર વાળો લુક બદલાઈ ગયો. ડ્રેસિંગ ટેબલ ના અરીસામાં ખુદ ને નિહાળતા એ ભય ના માર્યા બદલાઈ ગયેલ ખુદના ચહેરા ને અરીસા સામે જોઈને મનું ગુપ્તા અંદર થી ભયનું લખલખું પસાર થઇ ગયું.હવે શું? એવી જગ્યા પર બેઠો છું જ્યાંથી બહાર નીકળવાનો રસ્તો દૂર દૂર સુધી દેખાતો નથી.ડાકણ શું હાલ હવાલ કરશે એનો ભય નહતો પણ ગુપ્ત માહિતીઓ મેળવવા એ બધું કરી છૂટશે એનો ભય હતો. અત્યારે ડાકણ ના મનમાં શું ચાલી રહ્યું હશે? એ વિચાર થી મનું ગુપ્તા ના હદય માં ફફડાટ હતો. શું કરવું એ સમજાતું નહતું? મરવાનો ભય નહતો પણ સી બી આઈ ની ગુપ્ત ઈન્ફોર્મેશન બહાર ન આવી જાય એનો ભય સતાવતો હતો. મુમતાઝ વિલા ની અંદર સરકારી ગુપ્તચર આગળ થી માહિતીઓ કઢાવવા માટે થતું ટોર્ચર અસહ્ય હતું એના કરતા માનવીય નહતું.ભૂતકાળ ની દર્દનાક ઘટનાઓ યાદ આવતા જ મનું ગુપ્તા અંદર થી ભય ના માર્યા ધ્રુજી ગયો. શું થશે? ભયમાં ને ભયમાં ૧૮ ડિગ્રી એ.સી ના તાપમાનમાં પરસેવે રેબઝેબ થઇ ગયો.

ભવિષ્ય થી અજાણ મનું ગુપ્તા આંખો બંધ કરીને એના ગુરુ નું મનોમન સ્મરણ કરવા લાગ્યો.અચાનક ધીમા પગલે એની નજીક એક વ્યક્તિ એ આવીને એને તંદ્રા માંથી જગાડ્યો. મનું ગુપ્તા એ આંખ ખોલીને જોયું તો એની સામે એની સાથે કિચન માં કામ કરતો અનવર હતો. અનવર એ મનુ ગુપ્તા ને ઈશારા માં સમજાવતા કહ્યુ કે તારા નસીબ સારા છે એટલે તું બચી ગયો છે પરંતુ ભયના વાદળો તારા પરથી હટયા નથી.અત્યારે તારા પાસે મોકો અને સમય બન્ને છે તો મુમતાઝ વિલા માંથી ભાગી જા.ચારેય બાજુ એકસરખી લાગતી ચેમ્બર ની દીવાલ નો એકપણ ભાગ ખસ્યા વગર અચાનક ગોળીબાર થયો.ગોળીબાર થતાંજ અનવર જમીન પર લાશ બની ગયો. ચારેય બાજુએ લોહીના ખાબોચિયા વચ્ચે અનવર ની લાશ તરફ નજર પડતાં જ મનું ગુપ્તા ધ્રૂજી ગયો હજુ એ ચેર પરથી ઉભા થઈને બહાર નીકળવાનું વિચારતો હતો ત્યા જ ચેર નીચેની જમીન ખસતા એ નીચેની તરફ ખેંચાવવા લાગ્યો. એની સાથે શું થઈ રહ્યું છે? એ એને સમજાતું નહતું.

મુનમુન બેગમ એ એના ખાસ માણસ સુલતાન ને મનું ગુપ્તા ની પૂરી કુંડળી કાઢવાનું સૂચવ્યુ હતું.સુલતાન એ સ્ક્રિન પર મનુ ગુપ્તા ની કુંડળી ઓપન કરતા જ બેગમ એ આશ્ચર્ય સાથે આંખો પહોળી કરતા બોલ્યા 'ઓહ નો' મુમતાઝ વિલા મા ભારતીય ગુપ્તચર એજન્સી નો એજન્ટ સિક્રેટ પ્લાન 'ડાકણ' અંતર્ગત નોરમંડી છ મહિનાથી વધારે રોકાયેલો હતો. એને મુમતાઝ વિલા ની અંદર બાવરચી ખાના માં કામ કરતા કરતા ચાર મહિના વીતી ચૂક્યા હોવા છતાંય નજરે ન પડ્યો.બેગમ એ સુ lલતાન ને પૂછ્યું કે આ માણસ ને મારવા કરતા ધીમું મોત આપએ તો..સુલતાન એ નીચી નજરે કહ્યુ કે હજુર, જેમ આપ ફરમાવો,મેરા મનના હૈ કી યે બંદે કો મારને કે બદલે બચાના ચાહીએ. બેગમ એ સુલતાન ને પૂછ્યું ક્યું? સિક્રેટ જાણકારી હૈ કી પ્રદ્યુમ્ન સિંહ અપની ટીમ કે સાથ ફ્રાન્સ આ ચુકા હૈ. હમારી ગુપ્તચર જાસૂસ પ્રદ્યુમ્ન કી બીવી ને આપ કે બારે મેં સબ મરતે વકત અપને પતિ કો બતા દીયા હૈ. પ્રદ્યુમ્ન સિંહ ઔર ઉનકી ટીમ ફ્રાન્સ પુલિસ કે સાથ કભી ભી મુમતાઝ વિલા પોહચ શકતે હૈ. મેડમ, યહા સે હમે તુરંત નિકાલના પડેંગા.. જ્યારે હેલિકોપ્ટર એ ધીમે ધીમે નોર્મેન્ડી ને અલવિદા કર્યું ત્યારે બેગમ એ સુલતાન ને પૂછ્યું કે ખાનગી યોજના અનુસાર કેટલા દિવસ થી કામ ચાલે છે,આના વિશે મને કેમ જાણકારી ન આપી? સુલતાન એ ઊંડો નિસાસો નાખ્યો બાદ ચૂપ રહેવાનું પસંદ કર્યું.



બેગમ એ ફરી ગુસ્સે થતા સુલતાન ને પૂછ્યું કે તને ખબર હતી તો વ્હેલા મને જાણકારી કેમ ન આપી? સુલતાન એ ધીમેથી બેગમ ને કીધું કે હજુર,સબ સમજાતા હું આપ કા નમક ખયા હૈ કુછ ભી આપ સે છુપાઉગા નહી,મેરે અબ્બુ ને આપકી હિફાઝત કે લિયે મરતે વકત બોલા થા.અબ્બુ કી કસમ ખાયી હૈ તો મેં વો ભૂલ નહી શકતા,કિસી ભી હાલત મેં આપ કો બચાના મેરા ફર્ઝ હૈ. ઈન્ડિયા સે દો હપ્તે પહેલે શેરબાન કા મેસેજ આયા થા કી સીબીઆઇ ઓફિસર પ્રદ્યુમ્ન સિંહ ઔર ઉનકી ટીમ ફ્રાન્સ આને વાલી હૈ. સિક્રેટ પ્લાન 'ડાકણ' કો ગિરફ્તાર કરને કે લિયે. ઈસ્લિયે તુર્ક મે એજન્ટ રફીક કી મદદ સે સબ અપને આદમીઓ વહા ભેજ દિયા હૈ.મેડમ,માફ કરના કહા? કિધર? પૂછને કા હમારે પાસ સમય નહી થા. મુનમુન બેગમ ના મેનેજર અહેસાન એ લેપટોપ માંથી નવી ઓળખાણ સાથેનું નામ 'રહેમત બેગમ' આપ કા નયા ઠીકાના તુર્કી મેં હૈ. આપના ઈલાકા, અપને લોગ ઔર મઝહબ ભી હૈ,ભારતીય ગુપ્તચર એજન્સી તુર્ક મે આને કી હિંમત કરેંગી નહી. આમ બોલીને સુલતાન એ રિવોલ્વર માંથી ગોળીબાર કરિને બેગમ ની અંગ રક્ષક ખાસ વ્યક્તિ ખાલીદા ને મોત ને ઘાટ ઉતારી દીધી. શાતિર દિમાગ ધરાવતા સુલતાન એ ખાલીદા ને મોત બાદ મુમતાઝ વિલા ની માલિક મુનમુન બેગમ બનાવી દીધી. લોહીના ખાબોચિયા માં તરફડતી ખાલિદાને છોડીને મિનિટો માં જ મુમતાઝ વિલા મા સૂનકાર છવાઈ ગયો. બેત્રણ હજાર માણસો નો સ્ટાફ અચાનક કયા ગાયબ થઈ ગયો? ધરતી ગળી ગઈ કે આસમાન ખાઈ ગયો. પ્રદ્યુમ્ન સિંહ ની સાથે ફ્રાન્સ પોલીસ મુમતાઝ વિલા મા દાખલ થઈ ત્યારે લાખો એકર માં ફેલાયેલ વિલા મા માત્ર બે વ્યક્તિ હાજર હતી.લોહીના ખાબોચિયા વચ્ચે પડેલી ખાલીદા ની લાશ અને કપાયેલી જીભ માં લોહી લુહાણ હાથમાં રિવોલ્વર પકડેલ બેભાન મનું ગુપ્તા..



# કિયારા અડવાણીને ટોક્સિક માટે 15 કરોડ રૂપિયા ચૂકવાયાની ચર્ચા

(એજન્સી) મુંબઈ | તા.22





કિયારા અડવાણીને યશ સાથેની ફિલ્મ 'ટોક્સિક' માટે ૧૫ કરોડ રુપિયા ચૂકવાયા હોવાની ચર્ચા છે. કિયારા બોક્સ ઓફિસ પર પોતાના જોર પર કલેક્શન લાવી શકે તેવી મોટી એક્ટ્રેસ ગણાતી નથી. તેમ છતાં પણ તેને આટલી મોટી ફી ચૂકવાયાના અહેવાલોએ આશ્ચર્ય જન્માવ્યું છે. કિયારાને આ પહેલાં સાઉથની 'ગેમચેન્જર' ફિલ્મ માટે પાંચ કરોડ રુપિયાની ફી મળી હતી. તે ફિલ્મ ટિકિટબારી પર ફલોપ ગઈ હતી. તે પછી હવે તેને 'ટોક્સિક' માટે ૧૫ કરોડ રુપિયા ચૂકવાયા હોવાના અહેવાલો વહેતા થયા છે. કિયારા હાલ પ્રેગનન્ટ છે અને 'ટોક્સિક ' તે મેટરનિટી લીવ પર ઉતરે તે પહેલાંનો છેલ્લો પ્રોજેક્ટ બની રહેવાની સંભાવના છે. ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલાંના અહેવાલો અનુસાર પ્રિયંકા ચોપરાને રાજામૌલીની મહેશબાબુ સાથેની આગામી ફિલ્મ માટે ૩૦ કરોડ રુપિયા ચૂકવાયા છે. પ્રિયંકાએ પોતે હવે ઈન્ટરનેશનલ સ્ટાર હોવાનું જણાવી તે પ્રમાણે ફી માગી હતી. કોઈ પણ ભારતીય અભિનેત્રીને ચૂકવાયેલી આ સૌથી વધુ એમાઉન્ટ હોવાનું કહેવાય છે. બીજી તરફ દીપિકા પદુકોણને 'કલ્કિ ૨૮૯૮ એડી' માટે ૨૦ કરોડ રુપિયા ચૂકવાયા હોવાનું કહેવાય છે.

**કિયારા અડવાણી ફીની રીતે દીપિકા, પ્રિયંકાની હરોળમાં, પ્રિયંકાએ રાજામૌલીની ફિલ્મ માટે 30 કરોડ રુપિયા ફી લીધી હોવાની ચર્ચા છે**

# સલમાન-રશ્મિકાની સિકંદરમાં બાંગ્લાદેશના ગીતની ઉઠાંતરી

(એજન્સી) મુંબઈ | તા.22

સલમાન ખાન-રશ્મિકા મંદાનાનું 'સિકંદર'નું ગીત ઝોહરા ઝબીન બાંગલાદેશના એક ગીતની નકલ હોવાની ચોરી ફિલમ ચાહકોએ પકડી છે. સોશયલ મીડિયાના એક યુઝરે બાંગ્લાદેશી એક ગીત શેર કર્યું છે, જેની ધુન ગીત જોહરાજબી ને મળતી આવે છે.

ગીતની નકલ થઇ હોવાની જાણ થતાં જ સલમાનના ચાહકો નારાજ થઇ ગયા છે.તેમનું કહેવું છે કે, સલમાન ખાન જેવા અભિનેતા પાસેથીતેમને આવી અપેક્ષા નહોતી. થોડા દિવસો પહેલા જ આ ગીતને રીલિઝ કરવામાં આવ્યુ હતું, સલમાન ખાનના પ્રશંસકોનું કહેવું છે કે, ગીતની નકલ તો પકડાઇ ગઇ છે. હવે ફિલ્મની વાર્તા પણ ચોરીની નીકળશે તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે ફિલ્મી વર્તુળોમાં ચર્ચા અનુસાર એ. આર. મુરગાદોસે તેમની પોતાની જ એક ફિલ્મ 'સરકાર'ની સ્ટોરીને સિકંદરમાં રીપિટ કરી છે.



# અમિતાભ બચ્ચનની ભેદી પોસ્ટઃ મેરે બેટે મેરે વારિસ નહીં હોંગે



## 'બિગ બી'એ ફેન્સની ચિંતા વધારી

(એજન્સી) મુંબઈ | તા.22

ઘણીવાર અમિતાભ બચ્ચનની ટ્વિટ તેમના ફેન્સની ચિંતા વધારી દે છે. થોડા સમય પહેલાં 'બિગ બી'એ ટ્વિટ કરી હતી કે 'હવે જવાનો સમય આવી ગયો છે. આ જોઈને તેમના ફેન્સ ચિંતિત થઈ ગયા હતા. આ વખતે અમિતાભ બચ્ચને તેમના પુત્ર સંદર્ભે ભેદી પોસ્ટ કરી છે.જેનાથી ફેન્સ ફરી મૂંઝવણમાં મુકાઈ ગયા છે અને સાથે રમતિયાળ અંદાજમાં પૂછી રહ્યા છે કે 'કહેના ક્યા ચાહતે હો?' અમિતાભ બચ્ચન ઘણીવાર સોશિયલ મીડિયા પર તેમના પુત્ર અભિષેકના વખાણ કરતા જોવા મળે છે. જો તેમને તેમના દીકરાની કોઈ ફિલ્મ ગમે છે, તો તે તેના વિશે લખવાનું અને પ્રેમ વરસાવવાનું ક્યારેય ચૂકતા નથી. આ બાપ-દીકરાની ચર્ચા સમગ્ર ઈન્ડસ્ટ્રીમાં થાય છે. પરંતુ અમિતાભના તાજેતરના ટ્વિટ જોયા પછી, ફેન્સ મૂંઝવણમાં મુકાયા છે. બિગ બી'એ ટ્વિટર પર લખ્યું 'મેરે બેટે, બેટે હોને સે મેરે ઉત્તરાધિકારી નહીં હોંગે, જો મેરે ઉત્તરાધિકારી હોંગે વો મેરે બેટે હોંગે. આગળ તેમણે કહ્યું કે મારા પિતાના શબ્દો છે. અને આજે અભિષેક તે ભજવી રહ્યો છે. અભિષેકે તાજેતરમાં યુરોપિયન T-20 ક્રિકેટ લીગ સાથે હાથ મિલાવ્યો છે. તેઓ આ લીગના કો-ફાઉન્ડર અને પ્રમોટર છે. આ લીગ 15 જુલાઈથી યુરોપમાં શરૂ થઈ રહી છે, જેમાં ત્રણ દેશોની 6 ટીમો ભાગ લેશે. અમિતાભે આ નવી શરૂઆત અંગે તેમના પુત્ર અને ઉત્તરાધિકારી વિશે પોસ્ટ કરી. પરંતુ આ જોઈને યૂઝર્સ મૂંઝવણમાં મુકાઈ જાય છે.

## રણબીર કપૂરે પ્રથમ લગ્ન અંગે જણાવ્યો મજેદાર કિસ્સો

# 'એ હિસાબે આલિયા ભટ્ટ મારી બીજી પત્ની છે...',

(એજન્સી) મુંબઈ | તા.22

બોલિવૂડ સ્ટાર રણબીર કપૂર અને આલિયા ભટ્ટ ફિલ્મી દુનિયાના સૌથી મનપસંદ કપલ્સમાંથી એક છે. રણબીર અને આલિયા ભટ્ટે 2022માં લગ્ન કર્યા હતા. લગ્ન બાદ બંનેએ બોલિવૂડની સુપરહિટ ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર: પાર્ટ વન શિવા' પણ આપી હતી. આ ફિલ્મમાં રણબીર અને આલિયાએ ઓનસ્ક્રીન રોમાન્સ કર્યું હતું. હવે રણબીર કપૂરે તાજેતરમાં જ એક ચોંકાવનારો ખુલાસો કર્યો છે. જેમાં રણબીરે જણાવ્યું કે આલિયા ભટ્ટ તેની બીજી પત્ની છે. આલિયાથી પહેલા તેના એક વખત લગ્ન થઈ ચૂક્યા છે. જોકે રણબીરે એ પણ જણાવ્યું કે હું પહેલી પત્નીથી હજુ મળ્યો નથી પરંતુ જલ્દી જ મળવા ઈચ્છું છું.'તાજેતરમાં જ આપેલા એક ઈન્ટરવ્યુમાં રણબીરે પોતે તેનો ખુલાસો કર્યો છે અને જણાવ્યું કે આલિયા ભટ્ટ મારી બીજી પત્ની છે. રણબીરે જણાવ્યું, હું આને ગાંડપણ કહીશ નહીં પરંતુ આ ખૂબ પહેલાની વાત છે. જ્યારે હું પોતાના કરિયરના શરૂઆતી સમયમાં હતો ત્યારે એક યુવતી મારા ઘરે આવી હતી. એટલું જ નહીં યુવતી પોતાની સાથે પંડિત અને લગ્નનો સામાન પણ લાવી હતી. યુવતીએ મારા ઘરની બહારના ગેટ પર મારી સાથે લગ્ન કરી લીધા. જોકે હું ત્યારે ઘરે નહોતો. હું બહાર ગયો હતો અને જ્યારે હું પાછો ફર્યો તો ગાર્ડે મને આ આખો કિસ્સો સંભળાવ્યો. મે પણ ઘરના ગેટ પર જોયું કે ચાંદલો લાગેલો છે અને ફૂલ વિખેરાયેલા છે. તો આ હિસાબે તે યુવતી મારી પહેલી પત્ની છે. જોકે હું ક્યારેય તેને મળ્યો નથી પરંતુ જલ્દી જ મળવા માગુ છું. આ રીતે આલિયા ભટ્ટ મારી બીજી પત્ની થઈ.'



## બંને સ્ક્રીન પર કરશે રોમાન્સ

બ્રહ્માસ્ત્રના સુપરહિટ થયા બાદ આલિયા અને રણબીરની જોડી એક વખત ફરીથી પડદા પર જોવા મળવાની છે. આ બંને સ્ટાર સંજય લીલા ભણસાલીની ફિલ્મ લવ એન્ડ વોરમાં નજર આવશે. સાથે જ આ ફિલ્મમાં બંનેની સાથે વિક્કી કૌશલ પણ મહત્ત્વની ભૂમિકામાં નજર આવશે. રણબીર કપૂર આ પહેલા એનિમલમાં નજર આવ્યા હતા. આલિયા ભટ્ટે જિગરામાં કામ કર્યું હતું. હવે બંને એક સાથે પડદા પર રોમાન્સ કરતાં દેખાશે.

## લગ્નના 6 મહિના બાદ જ થઈ હતી પુત્રી

રણબીર અને આલિયા ભટ્ટ આમ તો ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા વર્ષો સુધી સાથે કામ કરતાં રહ્યાં અને મિત્ર પણ રહ્યા પરંતુ બ્રહ્માસ્ત્રના શૂટિંગ દરમિયાન રણબીર અને આલિયાની વચ્ચે મિત્રતા વધી અને બંને વચ્ચે પ્રેમ પાંગર્યો. બંને થોડા સમય સુધી રિલેશનશિપમાં રહ્યાં અને બાદમાં 2022 માં લગ્ન કરી લીધા. લગ્નના 6 મહિના બાદ જ આલિયાએ પુત્રીને જન્મ આપ્યો. પુત્રી બંને માટે ગુડલક લઈને આવી હતી અને બંનેની ફિલ્મ બ્રહ્માસ્ત્ર પણ બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. હવે રણબીર અને આલિયા બંને ફિલ્મી દુનિયાના સુપરહિટ કપલ છે.

# ચર્ચાસ્પદ વેબ શો લસ્ટ સ્ટોરીઝનો ત્રીજો ભાગ આવશે



મુંબઈ : ભારતમાં ઓટીટીની શરુઆત થયા બાદ સૌથી ચર્ચાસ્પદ બનેલા વેબ શો પૈકીના એક 'લસ્ટ સ્ટોરીઝ'નો ત્રીજો ભાગ બનાવવાની તૈયારીઓ હાથ ધરાઈ છે. જાણવા મળ્યા મુજબ વિવિધ એપિસોડને ડિરેક્ટ કરવા માટે કિરણ રાવ, શકુન બત્રા તથા વિક્રમાદિત્ય મોટવાણે જેવા જાણીતા દિગ્દર્શકો સાથે વાત ચાલી રહી છે. આ વેબ શોનો પહેલો ભાગ ૨૦૧૮માં અને બીજો ભાગ ૨૦૨૩માં રીલિઝ થયો હતો. 'લસ્ટ સ્ટોરીઝ' શો એન્થોલોજી એટલે કે અલગ અલગ વાર્તાઓના સમૂહના જોનરનો શો છે. ૨૦૧૮માં પહેલીવાર આવેલા આ શોના અલગ અલગ એપિસોડને કરણ જોહર, ઝોયા અખ્તર, અનુરાગ કશ્યપ અને દિબાકર બેનરજી જેવા ટોચના સર્જકોએ ડિરેક્ટ કર્યા હતા. બીજા ભાગમાં આર. બાલ્કી અને કોંકણા સેન શર્મા સહિતના સર્જકો હતા. આ બંને શોમાં રાધિકા આપ્ટે, કિયારા અડવાણી, ભૂમિ પેડનેકર, મનિષા કોઈરાલા, જયદીપ અહલાવત સહિતના કલાકારો ભાગ લઈ ચૂક્યા છે.

# અક્ષય કુમારની ભૂતબંગલામાં રામચરણની પણ એન્ટ્રી

મુંબઇ : અક્ષય કુમાર હાલ પ્રિયદર્શન સાથેની હોરર કોમેડી ફિલ્મ ભૂત બંગલાનું શૂટિંગ કરી રહ્યો છે. હવે આ ફિલ્મને લઇને અપડેટ છે કે, તેમાં સાઉથના અભિનેતા રામ ચરણની એન્ટ્રી થઇ છે. ફિલ્મનું શૂટિંગ હાલ જયપુર મેન્શનમાં કરવામાં આવ્યું હતું. હવે શે્ડયુલ પુરુ થઇ જતાં સેટ પરની તસવીરો લીક થઇ છે, જેમાં રામ ચરણ જોવા મળી રહ્યો છે.

તસવીરમા રામ ચરણ દિગ્દર્શક પ્રિયદર્શન સાથે વાત કરતો જોવા મળી રહ્યો છે. તેઓ કોઇ સીન બાબતે વાતચીત કરી રહ્યા તેમ અટકળ કરવામાં આવી રહી છે.



પ્રિયદર્શન દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં અક્ષય કુમાર, પરેશ રાવલ, વામિકા ગબ્બી, કબ્બૂ, રાજપાલ યાદવ, જિશુ સેનગુપ્તા જેવા કલાકારો જોવા મળવાના છે. આ ફિલ્મ આગામી એપ્રિલ, ૨૦૨૬માં રીલિઝ કરવામાં આવશે.

# "છાવા" બાદ ફિલ્મ "કોર્ટ" સામે પણ હારી

(એજન્સી) મુંબઈ | તા.22

અભિનેતા જોન અબ્રાહમની ફિલ્મ "ધ ડિપ્લોમેટ"એ દર્શકોને નિરાશ કર્યા છે. આ ફિલ્મે આઠમા દિવસે નામ માત્ર કમાણી કરી છે. બોક્સ ઓફિસ પર ફિલ્મ "ધ ડિપ્લોમેટ"ની કમાણીમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ફિલ્મ "છાવા" સામે ફિલ્મ "ધ ડિપ્લોમેટ" ફિકી સાબિત થઈ છે. આ બન્ને ફિલ્મ સત્ય ઘટના પર આધારિત છે. અને બન્ને કલાકાર પોતાના શાનદાર અભિનય માટે જાણીતા છે. છતાં દર્શકોએ ફિલ્મ "છાવા"ને વધુ પ્રેમ આપ્યો છે.ફિલ્મ "ધ ડિપ્લોમેટ"ને ફિલ્મ "છાવા"એ તો ટક્કર આપી જ છે. પરંતુ સાઉથની લો બજેટ ફિલ્મ "કોર્ટ" સામે પણ ફિલ્મ "ધ ડિપ્લોમેટ"એ ઘૂંટણ ટેક્યા છે. સાઉથની ફિલ્મ "કોર્ટ" દર્શકોને સિનેમા ઘરો સુધી ખેંચી લાવે છે. આ ફિલ્મ ક્રેઝ જોરદાર છે. બજેટ ભલે ઓછું હોય પરંતુ બોક્સ ઓફિસ પર સાઉથની ફિલ્મ "કોર્ટ" તગડી કમાણી કરી રહી છે. આ ફિલ્મે શુક્રવારે 1.89 કરોડ કમાવ્યા છે. અને આઠ દિવસમાં 25.89 કરોડ રૂપિયા કમાવી લીધા છે. જે જોન અબ્રાહમની ફિલ્મ "ધ ડિપ્લોમેટ"ની કમાણી કરતા વધારે છે. જોન અબ્રાહમની ફિલ્મ "ધ ડિપ્લોમેટ"ને રિલીઝ થયાને 8 દિવસ થઈ ચુક્યા છે. અને આ 8 દિવસમાં ફિલ્મનું કલેક્શન આકર્ષિત કરે એવું નથી. આ ફિલ્મ 20 કરોડના બજેટમાં બનાવવામાં આવી છે. જો કે ફિલ્મે પોતાના બજેટ જેટલી કમાણી તો કરી લીધી છે. પરંતુ કલેક્શન ખૂબ જ ઓછું છે. મહિનાથી પણ વધુ સમય કરતા પહેલા વિકી કૌશલની ફિલ્મ "છાવા" રિલીઝ થઈ હતી. જે હજુપણ તમામ પ્રકારની શ્રેણીની ફિલ્મોને ટક્કર આપી રહી છે. ફિલ્મ "ધ ડિપ્લોમેટ"એ 8 દિવસમાં 20.40 કરોડ રૂપિયા કમાવ્યા છે.



બોલીવુડ એક્ટર જોન અબ્રાહમ 2 દશકથી ફિલ્મો કરી રહ્યા છે. અને મોટા ભાગની ફિલ્મોમાં તેઓ મુખ્ય ભૂમિકામાં જોવા મળ્યા છે. પરંતુ આ અભિનેતાના નસીબમાં સુપર હિટ ફિલ્મોની હારમાળ નથી લખાઈ. જોન અબ્રાહમનો અભિનય તેમના એક્શન સિક્વન્સ ઘણા પ્રભાવકારી છે. છતાં જોન અબ્રાહમ બોક્સ ઓફિસ પર સુપર હિટ મુવી આપવામાં મોટાભાગે નિષ્ફળ રહ્યા છે. ફિલ્મ "ધ ડિપ્લોમેટ" ભારતીય સુરક્ષા પર આધારિત સત્ય ઘટનાથી પ્રેરિત ફિલ્મ છે. છતા આ ફિલ્મ સફળ થવા અને બોક્સ ઓફિસ કલેક્શન વધારવામાં નિષ્ફળ સાબિત થતી જોવા મળી રહી છે.

ફિલ્મ "છાવા"ની બોક્સ ઓફિસ પર ગર્જના


ફિલ્મ "છાવા"ની વાત કરીએ તો, ફિલ્મમાં હજુ પણ સંભાવના રહેલી લાગે છે. ધીમે ધીમે પરંતુ ચોક્કસ આ ફિલ્મ 800 કરોડ રૂપિયાના આંકડાને સ્પર્શવા તરફ આગળ વધી રહી છે. હવે એ કહેવું મુશ્કેલ બનશે કે વિકી કૌશલની ફિલ્મ આ કરી શકશે કે નહીં. હાલમાં આ ફિલ્મે ભારતમાં 575 કરોડ રૂપિયાની કમાણી કરી છે. તેનું વિશ્વવ્યાપી કલેક્શન પણ લગભગ 750 કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે.

## અર્જુન કપૂરનો રમૂજી અંદાજ:એક્ટરે એવોર્ડ શોમાં કહ્યું

# 'એકલા રહેવામાં કંઈ ખોટું નથી, સિંગલ રહેવું દરેક માટે ફાયદાકારક'

(એજન્સી) મુંબઈ | તા.22

મલાઈકા અરોરા સાથે બ્રેકઅપ થયા પછી એક્ટર અર્જુન કપૂર હાલ સિંગલ છે. અને હવે તે સિંગલ રહેવાના ફાયદા જણાવતો જોવા મળે છે. વાત એમ હતી કે,એક્ટર શોશા રીલ એવોર્ડ્સ હોસ્ટ કરી રહ્યો હતો. આ દરમિયાન,એક્ટર એવી મજાક કરતો જોવા મળ્યો કે એકલા રહેવું તેના અને બીજા બધા માટે કેટલું ફાયદાકારક છે. સિંગલ સ્ટેટસ પર કટાક્ષ કરતાં અર્જુન કહે છે, 'આજે હું ભલે એકલો છું. એકલા રહેવાથી યાદ આવે પણ એકલા રહેવામાં કંઈ ખોટું નથી. આ ફક્ત મારા માટે જ નહીં પણ તમારા બધા માટે પણ ફાયદાકારક છે. મને બે હોસ્ટનો પગાર મળશે અને તમારે ઓછો બકવાસ સાંભળવો પડશે.'મલાઈકા અરોરા અને અર્જુન કપૂર આઠ વર્ષના લાંબા સંબંધ પછી અલગ થઈ ગયા છે.નોંધનીય છે કે, મલાઈકા અરોરા અને અર્જુન કપૂરે 2018 માં દુનિયા સામે પોતાના સંબંધોનો સ્વીકાર કર્યો હતો. ત્યારથી, તેઓ ઘણીવાર સોશિયલ મીડિયા પર એકબીજા સાથે વેકેશનના ફોટા પોસ્ટ કરતા જોવા મળતા હતા. બંનેએ આઠ વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા.ચાહકો તેમના લગ્નની રાહ જોઈ રહ્યા હતા. પછી વર્ષ 2004 માં, બંનેનું બ્રેકઅપ થઈ ગયું. મલાઈકા અને અર્જુને ક્યારેય તેમના બ્રેકઅપ વિશે જાહેરમાં વાત કરી ન હતી, પરંતુ ઘણી વખત સંકેતો દ્વારા સ્પષ્ટ થઈ ગયું હતું કે તેઓ અલગ થઈ ગયા છે. પરંતુ બ્રેકઅપ પછી પણ, બંને એકબીજા સાથે સારા સંબંધ ધરાવે છે.વર્કફ્રન્ટની વાત કરીએ તો, અર્જુન કપૂર તાજેતરમાં ફિલ્મ 'મેરે હસબન્ડ કી બીવી'માં જોવા મળ્યો હતો. તેમની આ ફિલ્મ બોક્સ ઓફિસ પર કંઈ ખાસ કમાલ કરી શકી નહીં. ટૂંક સમયમાં આ એક્ટર 'નો એન્ટ્રી'ની સિક્વલમાં જોવા મળશે. આમાં અર્જુન સાથે દિલજીત દોસાંઝ અને વરુણ ધવન પણ જોવા મળશે. બોની કપૂર આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે.



# અનસોલ્ડ રહેલો શાર્દૂલ લખનઉમાં જોડાશે ઈજાગ્રસ્ત મોહસીન ખાનનું સ્થાન લેશે



(એજન્સી) લખનૌ તા 22

મુંબઈના ઓલરાઉન્ડર શાર્દૂલ ઠાકુર, જે અનસોલ્ડ રહ્યો હતો, તે લખનઉ સુપર જાયન્ટ્સ (LSG)માં જોડાશે. તે ઈજાગ્રસ્ત ખેલાડી મોહસીન ખાનનું સ્થાન લેશે. જોકે, LSGએ હજુ સુધી તેની સત્તાવાર જાહેરાત કરી નથી. સમાચાર એજન્સી PTI અનુસાર, શાર્દૂલને આ નિર્ણયની જાણ કરવામાં આવી છે. તે 24 માર્ચે દિલ્હી કેપિટલ્સ સામે સીઝનની પહેલી મેચ માટે ટીમ સાથે વિશાખાપટ્ટનમ જશે. શાર્દૂલ છેલ્લા 10 દિવસથી ટીમ સાથે કેમ્પમાં ભાગ લઈ રહ્યો છે.

મોહસીન ખાન ઘાયલ

ઘૂંટણના લિગામેન્ટમાં ઈજાને કારણે મોહસીન ખાન છેલ્લા ત્રણ મહિનાથી કોઈપણ ક્રિકેટ મેચમાં ભાગ લઈ શક્યો નથી. જ્યારે તેણે લખનઉ સુપર જાયન્ટ્સ (LSG)ની નેટ્સ પર બોલિંગ શરૂ કરી, ત્યારે તેને પગમાં દુખાવો થયો, જેના કારણે તેનું પુનરાગમન વધુ મુશ્કેલ બન્યું.

આકાશ દીપ, આવેશ ખાન અને મયંક યાદવ પણ ટીમમાં જોડાયા નથી લખનઉના અન્ય ઝડપી બોલરો આકાશ દીપ, મયંક યાદવ અને આવેશ ખાન હજુ સુધી ટીમમાં જોડાયા નથી. આકાશ દીપ અને મયંક હાલમાં સેન્ટર ઓફ એક્સેલન્સમાં છે. તેઓ ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યા છે. મયંકે બેંગલુરુમાં નેટમાં બોલિંગ શરૂ કરી દીધી છે, છતાં તેને મેચ ફિટનેસ પ્રાપ્ત કરવામાં હજુ પણ સમય લાગશે. આવેશ ઘૂંટણની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે અને હજુ સુધી ટીમમાં જોડાયો નથી.

# હવે ખેલાડીઓનું ખરાબ વર્તન સહન નહીં થાય, IPLમાં 5 મેચ સુધીનો પ્રતિબંધ લાગશે !

(એજન્સી) નવી દિલ્હી તા 22



ઈન્ડિયન પ્રીમિયર લીગની નવી સિઝન પહેલા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે કેટલાક નિયમોમાં ફેરફાર કર્યા છે. આ ફેરફારો આ સિઝનથી લાગુ કરવામાં આવી રહ્યા છે, જેમાં સ્લો-ઓવર રેટને કારણે કેપ્ટનો પરનો પ્રતિબંધ દૂર કરવો એ એક મોટો નિર્ણય છે.

તેના બદલે BCCIએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટની જેમ ડિમેરિટ પોઈન્ટ સિસ્ટમ લાગુ કરવાનો નિર્ણય લીધો છે. પરંતુ આ ડિમેરિટ પોઈન્ટ સિસ્ટમ ફક્ત સ્લો-ઓવર રેટના કેસ અને કેપ્ટન પર જ લાગુ પડશે નહીં, પરંતુ તેને સમગ્ર આચારસંહિતામાં સામેલ કરવામાં આવી છે, જેમાં ખેલાડીઓ અને કોચિંગ સ્ટાફનો પણ સમાવેશ થાય છે અને તેના કારણે 5 મેચ સુધીનો પ્રતિબંધ લાગી શકે છે.

22 માર્ચથી શરૂ થનારી IPL 2025 સિઝન પહેલા, BCCI અધિકારીઓએ મુંબઈમાં તમામ 10 કેપ્ટનો સાથે એક બેઠક યોજી હતી, જેમાં કેપ્ટનોને ઘણા નવા નિયમો વિશે માહિતી આપવામાં આવી હતી. આમાં, આચારસંહિતા અંગે કરવામાં આવેલા ફેરફારો મહત્વપૂર્ણ છે, જે આ સિઝનથી રમવાની પરિસ્થિતિઓનો એક કોઈપણ ખેલાડીને કોઈપણ પ્રકારના ગેરવર્તન અથવા ખોટી કાર્યવાહી માટે મેચ રેફરી દ્વારા દંડ ફટકારવામાં આવતો હતો, પરંતુ હવે ખેલાડીઓને ડિમેરિટ પોઈન્ટ પણ મળશે.

# 6 નિયમ જેનું આઈસીસી નથી કરતું પાલન

## પરંતુ આઈપીએલમાં આ નિયમોથી વધે છે મેચમાં રોમાંચ

(એજન્સી) નવી દિલ્હી તા 22

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2025ની નવી સિઝન 22 માર્ચે કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) વચ્ચે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે રમાનારી મેચથી શરૂ થશે. આ સિઝનને વધુ રોમાંચક બનાવવા માટે, BCCIએ ઘણા નવા નિયમો લાગુ કર્યા છે. IPL 2025માં આ નવા નિયમો રમતને વધુ રસપ્રદ બનાવશે અને ટીમોને નવી વ્યૂહરચના બનાવવા માટે પણ પ્રેરણા આપશે. રસપ્રદ વાત એ છે કે IPLના આ નિયમોનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સાથે કોઈ સંબંધ નથી. ચાલો જાણીએ IPL 2025માં કયા 6 નિયમો છે જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં લાગુ પડતા નથી. IPL 2025માં સ્લો ઓવર-રેટ માટે કેપ્ટન પર પ્રતિબંધ મૂકવાને બદલે ડિમેરિટ પોઈન્ટ સિસ્ટમ દાખલ કરવામાં આવશે. આ પોઈન્ટ ત્રણ વર્ષ સુધી એકઠા થતા રહેશે. આ નિયમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી અલગ છે, જ્યાં કેપ્ટનોને સ્લો ઓવર-રેટ માટે દંડ ફટકારવામાં આવે છે. IPLમાં દરેક ઈનિંગમાં બે સ્ટ્રેટેજિક ટાઈમ આઉટ હોય છે, જે ટીમોને રણનીતિ ઘડવાની તક આપે છે. ફિલ્ડિંગ ટીમ 6-9 ઓવર વચ્ચે ટાઈમ-આઉટ લઈ શકે છે અને બેટિંગ ટીમ 13-16 ઓવર વચ્ચે ટાઈમ-આઉટ લઈ શકે છે. આ ફોર્મેટ આંતરરાષ્ટ્રીય T20I મેચોથી અલગ છે, જ્યાં ફક્ત ડ્રિંક્સ બ્રેકની મંજૂરી છે. IPL 2025માં લાળ લગાવવા પરનો પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે. આ પ્રતિબંધ કોવિડ-19 દરમિયાન લાગુ કરવામાં આવ્યો હતો, જેમાં ખેલાડીઓને રિવર્સ સ્વિંગ મેળવવા માટે બોલ પર લાળ લગાવવાની મંજૂરી નહોતી. જોકે, આંતરરાષ્ટ્રીય મેચોમાં આ પ્રતિબંધ હજુ પણ લાગુ છે.

2023થી ટીમોને IPLમાં 'ઈમ્પેક્ટ પ્લેયર્સ'નો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવશે. આ નિયમ ટીમોને મેચ દરમિયાન ઉપલબ્ધ 11 ખેલાડીઓ ઉપરાંત એક વધારાનો ખેલાડી મેદાનમાં ઉતારવાની મંજૂરી આપે છે. જોકે, આ નિયમને કારણે ઓલરાઉન્ડર ખેલાડીઓની ભૂમિકા ઓછી થઈ શકે છે. આ સુવિધા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઉપલબ્ધ નથી. રાત્રિની મેચોમાં બીજી ઈનિંગમાં ઝાકળનો ફાયદો ઘટાડવા માટે IPL 2025માં બીજા નવા બોલનો ઉપયોગ કરવામાં આવશે. આ ફેરફાર ફક્ત IPL માટે જ છે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેનો અમલ કરવાની કોઈ યોજના નથી.

આ સિઝનમાં IPL ઓફસાઈડ અને હેડ-હાઈ વાઈડ બોલ નક્કી કરવા માટે હોક-આઈ ટેકનોલોજીનો ઉપયોગ કરશે. આ ટેકનિકનો ઉપયોગ પહેલાથી જ કમરથી ઊંચા નો બોલ માટે થતો હતો. આ ફેરફાર ફક્ત IPL માટે જ છે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેનો ઉપયોગ થતો નથી.

# 74 મેચના કવરેજ માટે કોમેન્ટેટર્સ અને પ્રેઝન્ટર્સનું લિસ્ટ જાહેર કરી

(એજન્સી) નવી દિલ્હી તા 22



આ IPL 2025માં ખેલાડીઓ, ટીમના માલિકો અને સેલિબ્રિટીની સાથે-સાથે કોમેન્ટેટર્સ અને પ્રેઝન્ટર્સની પણ ખૂબ ચર્ચા થાય છે. ક્રિકેટ ફેન્સની નજર કોમેન્ટેટર્સ અને પ્રેઝન્ટર્સની વાતોની સાથે-સાથે તેમના સ્ટાઈલિસ્ટ લુક પર પણ હોય છે. એવામાં ખાસ કરીને મહિલા કોમેન્ટેટર્સ અને પ્રેઝન્ટર્સ IPL સિઝન દરમિયાન હેડલાઈનમાં રહે છે. સ્ટાર સ્પોર્ટસે આ વર્ષની IPL સિઝન માટે કોમેન્ટેટર્સ અને પ્રેઝન્ટર્સના નામની જાહેરાત કરી દીધી છે. જેમાં 8 મહિલાઓનો સમાવેશ કર્યો છે. આ 8 મહિલાઓ IPL 2025માં મેચની અપડેટ આપવાની સાથે ફેન્સનું મનોરંજક કરશે. IPL 2025ની શરૂઆત 22 માર્ચથી થવાની છે, જેમાં કુલ 10 ટીમો ભાગ લેશે. આ ટુર્નામેન્ટ 25 મે સુધી ચાલશે અને કુલ 74 મેચો રમાશે. પૂર્વ ભારતીય ક્રિકેટર અંજુમ ચોપરા, ન્યુઝીલેન્ડની પૂર્વ ખેલાડી કેટી માર્ટિન અને સ્પોર્ટ્સ કોમેન્ટેટર નતાલી જર્મનસને વર્લ્ડ ફીડ કોમેન્ટરી પેનલમાં સામેલ કરવામાં આવ્યા છે. IPL 2025ની આ કવરેજ ટીમમાં કુલ 8 મહિલાઓનું સ્થાન છે, જેમાં 3 કોમેન્ટેટર તરીકે અને 5 પ્રેઝન્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. પૂર્વ ભારતીય ક્રિકેટર અંજુમ ચોપરા, ન્યુઝીલેન્ડની પૂર્વ ખેલાડી કેટી માર્ટિન અને સ્પોર્ટ્સ કોમેન્ટેટર નતાલી જર્મનસને વર્લ્ડ ફીડ કોમેન્ટરી પેનલમાં સામેલ કરવામાં આવ્યા છે. IPL 2025ની નેશનલ ફીડ પ્રેઝન્ટર પેનલમાં મયંતી લેંગર, સાહિબા બાલી, સ્વેધા સિંહ બહલ, નશપ્રીત સિંહ, અને ભાવના બાલકૃષ્ણનનો સમાવેશ કરવામાં આવ્યો છે.



# ધોની, વિરાટ, રોહિત સહિત સ્ટાર ખેલાડીઓ આઈપીએલ 2025માં મોટા રેકોર્ડ તોડશે

(એજન્સી) નવી દિલ્હી તા 22

IPL 2025માં મોટા રેકોર્ડ તૂટી શકે છે. દિગ્ગજ ખેલાડીઓ આ સિઝનમાં નવા માઈલસ્ટોન હાંસલ કરી શકે છે. જેમાં વિરાટ કોહલી, રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા નામો સામેલ છે. જાણો કોણ કયા રેકોર્ડ તોડશે? વિરાટ કોહલી પાસે IPLમાં 8500 રન પૂરા કરવાની તક છે સાથે જ તે 10 T20 સદી ફટકારનાર પ્રથમ ભારતીય પણ બની શકે છે.મહેન્દ્ર સિંહ ધોની IPLમાં અડધી સદી ફટકારનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બની શકે છે. ઉપરાંત, વિકેટકીપર તરીકે 200 કેચ પકડવાનો માઈલસ્ટોન પણ ધોની માટે આ સિઝનમાં હનસલ કરી શકે છે.જો જસપ્રીત બુમરાહ એક મેચમાં પાંચ વિકેટ લે છે, તો તે IPLમાં સૌથી વધુ વાર પાંચ વિકેટ લેનાર બોલર બની જશે. રોહિત શર્મા IPLમાં 7000 રન પૂરા કરવાની નજીક છે.

હાલમાં તેના 6628 રન છે. આ સિવાય 300 છગ્ગા ફટકારવાથી તેને માત્ર 20 છગ્ગા ખૂટે છે.જો શ્રેયસ અય્યર ફરીથી IPL જીતે છે, મહેન્દ્ર સિંહ ધોની IPLમાં અડધી સદી ફટકારનાર સૌથી મોટી ઉંમરનો ખેલાડી બની શકે છે

તો તે ધોની અને રોહિત પછી સતત બે IPL જીતનાર કેપ્ટન બનશે. શ્રેયસ અય્યર 4000 IPL રનની પણ નજીક છે. રવીન્દ્ર જાડેજા CSKના સૌથી સફળ બોલર બનવાથી માત્ર 13 વિકેટ દૂર છે. તે IPLમાં 3000 IPL રનની પણ નજીક છે.

સુનીલ નારાયણ IPL 2025માં મોટો માઈલસ્ટોન હાંસલ કરવાથી માત્ર 20 વિકેટ દૂર છે. 20 વિકેટ લેતા જ સુનીલ નારાયણ IPL 2025માં 200 વિકેટ લેનાર પ્રથમ વિદેશી બોલર બની જશે. જો શ્રેયસ અય્યર ફરીથી IPL જીતે છે, તો તે ધોની અને રોહિત પછી સતત બે IPL જીતનાર કેપ્ટન બનશે. શ્રેયસ અય્યર 4000 IPL રનની પણ નજીક છે.

# IPL 2025ની મેચો ક્યારે અને ક્યાં લાઈવ ટેલિકાસ્ટ જોઈ શકશો ?




(એજન્સી) નવી દિલ્હી તા 22

ઈન્ડિયન પ્રીમિયર લીગની શરુઆત 22 માર્ચ શનિવારથી શરુ થવા જઈ રહી છે. પ્રથમ મેચમાં કોલકત્તા નાઈટ રાઈડર્સનો સામનો રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સાથે થશે. આઈપીએલ 2025નું લાઈવ સ્ટ્રીમિંગ તમે ક્યાં લાઈવ જોઈ શકશે. તેના વિશે જાણીએ. ઈન્ડિયન પ્રીમિયર લીગ 2025ની શરુઆત શનિવાર એટલે કે, 22 માર્ચથી થવા જઈ રહી છે. આઈપીએલની રાહ ચાહકો આતુરતાથી જોઈ રહ્યા છે. આઈપીએલની આ 18મી સીઝન છે. આઈપીએલ 2025ની પ્રથમ મેચ કોલકત્તાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં આ મેચ રમાશે. આઈપીએલને ક્રિકેટનો તહેવાર કહેવામાં આવે છે. આઈપીએલ બાળકોથી લઈ મોટી ઉંમરના લોકો પણ જોવાનું પસંદ કરે છે. 2 મહિના સુધી ચાલનાર આ લીગ ચાહકોનું ખુબ મનોરંજન કરે છે. તો ચાલો આજે આપણે જાણીએ કે, આઈપીએલ 2025 ચાહકો ટીવી અને ઓનલાઈન કઈ રીતે જોઈ શકશે.ઈન્ડિયન પ્રીમિયર લીગ 2025ની શરુઆત શનિવાર એટલે કે, 22 માર્ચથી થવા જઈ રહી છે.આઈપીએલની રાહ ચાહકો આતુરતાથી જોઈ રહ્યા છે. આઈપીએલની આ 18મી સીઝન છે. આઈપીએલ 2025ની પ્રથમ મેચ કોલકત્તાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં આ મેચ રમાશે. આઈપીએલ 2025ની તમામ મેચ ટીવી પર સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક પર તમે લાઈવ ટેલીકાસ્ટ જોઈ શકશો. તેમજ આઈપીએલ 2025ની તમામ મેચનું લાઈવ સ્ટ્રીમિંગ જિયોહોટસ્ટાર એપ તેમજ તેની વેબસાઈટ પર જોઈ શકશો. આઈપીએલ 2025નું લાઈવ સ્ટ્રીમિંગ જિયોહોટસ્ટાર એપ પર અને તેની વેબસાઈટ પર ફ્રીમાં નહી જોઈ શકો. જેના માટે તમારે સબસક્રિપ્શનની જરુર પડશે. ટુંકમાં આ વખતે ચાહકો આઈપીએલ ફ્રીમાં જોઈ શકશે નહી.

# કોહલીએ YO-YO ટેસ્ટ દ્વારા ભારતીય ટીમમાં ફિટનેસનું નવું કલ્ચર ઊભું કર્યું છે

(એજન્સી) નવી દિલ્હી તા 22

સ્ટાર બેટસમેન વિરાટ કોહલીને યો-યો ટેસ્ટને લાગૂ કરવીને ભારતીય ક્રિકેટ ટીમમાં એક ફિટનેસનું એક નવું લેવલ ઉભું કર્યું છે. તેમ જણાવીને તેના બાળપણના કોચ તથા દ્રોણાચાર્ય એવોર્ડ વિજેતા રાજકુમાર શર્માએ જણાવ્યું હતું કે એક સમયે આપણા ખેલાડીઓ અન્ય ટીમો કરતાં ઘણી ઉતરતી કક્ષાની ફિટનેસ ધરાવતા હતા પરંતુ આજે કોહલીના કારણે વિશ્વની બેસ્ટ ફિટેસ્ટ ટીમ બની છે. અમદાવાદમાં ગુજરાત ખાતેના પ્રથમ હાયપર બેરિક ઓક્સિજન થેરાપી સેન્ટરના ઓપનિંગ માટે આવેલા રાજકુમારે ઉમેર્યું હતું કે કેટલાક સમય પહેલાં કોહલીની નબળાં ફોર્મની ચોમેરથી ટીકાઓ થતી હતી પરંતુ તેણે કોઈ પણ ભારતીય ખેલાડી કરતાં ટીમને સર્વાધિક મેચો જીતાડી છે.

રાજકુમારે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સમયથી કોહલી ઓફ સ્ટમ્પની બહાર જતાં બોલ ઉપર સતત આઉટ થતો હતો અને તે અમારા બંને માટે ચિંતાનો વિષય હતો. જોકે બોલર્સને પણ ક્રેડિટ આપવી જોઈએ. કોહલી જ્યારે પણ બેટિંગમાં આવે છે ત્યારે લોકો તે સદી ફટકારશે તેવી આશા રાખે છે. 40 કે 50 રનની આસપાસમાં આઉટ થાય તો લોકો તેને આઉટ ઓફ ફોર્મ છે તેવું કહેવાનું શરૂ કરી દે છે. ઓફ સ્ટમ્પની નબળાઈ ગુજરાતમાં ટ્રાઈબલ લીગના સંદર્ભમાં રાજકુમારે જણાવ્યું હતું કે આ વિસ્તારના યુવાઓમાં પણ ક્રિકેટનો ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે.




# ચાર ઓવર બાકી રાખી પાકિસ્તાને ન્યૂઝી.ને નવ વિકેટે પરાજય આપ્યો



(એજન્સી) ન્યૂઝીલેન્ડ તા 22

ઓપનર હસન નવાઝને પોતાના દેશ તરફથી નોંધાવેલી ફાસ્ટેસ્ટ સદીની મદદથી પાકિસ્તાને ત્રીજી ટી20 મેચમાં ન્યૂઝીલેન્ડને 24 બોલ બાકી રાખીને નવ વિકેટે પરાજય આપ્યો હતો. ન્યૂઝીલેન્ડના 204 રનના જવાબમાં પાકિસ્તાને 16 ઓવરમાં એક વિકેટે 207 રન બનાવીને મેચ જીતી લીધી હતી. પાંચ મેચની શ્રોણીમાં ન્યૂઝીલેન્ડ 2-1થી આગળ છે. પ્લેયર ઓફ ધ મેચ બનેલા નવાઝે 45 બોલમાં 10 બાઉન્ડ્રી અને સાત સિક્સરની મદદથી અણનમ 105 રન બનાવવા ઉપરાંત સલમાન આગા (51) સાથે બીજી વિકેટ માટે અણનમ 61 બોલમાં અણનમ 133 રનની ભાગીદારી નોંધાવી હતી. ન્યૂઝીલેન્ડની ઈનિંગમાં સર્વાધિક સ્કોર બાઉન્ડ્રી અને ચાર સિક્સર વડે 94 તથા સુકાની બ્રેસવેલે 31 રનનું યોગદાન આપ્યું હતું. પાકિસ્તાન માટે હેરિસ રઉફે 29 રનમાં સર્વાધિક ત્રણ વિકેટ ખેરવી હતી.

# બોક્સર જ્યોર્જ ફોરમેનનું નિધન, 19 વર્ષની વયે ગોલ્ડ જીત્યો

(એજન્સી) અમેરિકા તા 22




76 વર્ષની વયે દુનિયા છોડી અમેરિકન બોક્સિંગ લિજેન્ડ જ્યોર્જ ફોરમેનનું શુક્રવારે (21 માર્ચ) 76 વર્ષની વયે અવસાન થયું. ફોરમેને મેક્સિકોમાં 1968 ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ફોરમેન 'રમ્બલ ઈન ધ જંગલ'માં પણ મુહમ્મદ અલી સામે લડ્યા હતા.

જ્યોર્જ ફોરમેને 19 વર્ષની ઉંમરે હેવીવેઈટ ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યોર્જ ફોરમેનના પરિવારે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ દ્વારા તેમના નિધનની પુષ્ટિ કરી હતી. પ્રોફેશનલ બોક્સર બન્યા પછી, જમૈકાના કિંગ્સ્ટનમાં વર્તમાન ચેમ્પિયન જો ફ્રેઝિયરનો સામનો કરતા પહેલા ફોરમેને સતત 37 મેચ જીતી હતી. તેમણે બે રાઉન્ડ પછી ટેકનિકલ નોકઆઉટ દ્વારા ફ્રેઝિયરને હરાવ્યો. ફોરમેન 1974માં પ્રખ્યાત 'રમ્બલ ઈન ધ જંગલ' માટે જાણીતો છે, જ્યાં તેણે તેનો પહેલો ટાઈટલ શોટ સુપ્રસિદ્ધ મુહમ્મદ અલી સામે ગુમાવ્યો હતો. 1990 ના દાયકામાં નિવૃત્ત થયા પછી, ફોરમેન વિવિધ ઉત્પાદનો માટે પ્રખર પ્રવક્તા બન્યા. આ પૈકી, તેમની સૌથી અદભૂત જાહેરાત હોમ એપ્લાયન્સ બ્રાન્ડ ફોરમેને તેની છેલ્લી મેચ 1997માં રમીને 76 જીત અને પાંચ હારના રેકોર્ડ સાથે તેની વ્યાવસાયિક કારકિર્દી પૂરી કરી.

## ફોરમેનના પરિવારે ઈન્સ્ટાગ્રામ પર શોક વ્યક્ત કર્યો

બોક્સિંગ ઈતિહાસની સૌથી પ્રતિષ્ઠિત મેચોમાંની એક બની ગયેલી, કિન્શાસા, ઝાયરે (હવે ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો)માં મુહમ્મદ અલીનો સામનો કરતા પહેલા ફોરમેને સફળતાપૂર્વક બે વાર પોતાના ખિતાબનો બચાવ કર્યો. તેમના મૃત્યુ પછી, તેમના પરિવારે તેમને Instagram પર શ્રદ્ધાંજલિ આપી, પરિવાર પ્રત્યેના તેમના સમર્પણ અને બોક્સિંગ વિશ્વમાં તેમના પ્રદર્શનની પ્રશંસા કરી.

## 1990 ના દાયકામાં નિવૃત્ત થયા પછી પણ પ્રવૃત્તિ કરતા રહ્યા

ફોરમેનના પરિવારે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું - અમારા માટે આ ખુબ મોટો આઘાત અને કદી ન પુરી શકીએ તેવી ખોટ છે, અમે અમારા પ્રિય જ્યોર્જ એડવર્ડ ફોરમેન સિનિયરના નિધનના દુખદ સમાચારની જાણ કરીએ છીએ જેમણે 21 માર્ચ, 2025 ના રોજ પ્રિયજનોથી ઘેરાયેલા આ દુનિયાને શાંતિથી છોડી દીધી. એક સમર્પિત ઉપદેશક, એક સમર્પિત પતિ, પ્રેમાળ પિતા અને ગૌરવપૂર્ણ દાદા અને પરદાદા...તેમણે અતૂટ વિશ્વાસ, નમ્રતા અને ઉદ્દેશ્યથી જીવન જીવ્યું. 1990 ના દાયકામાં નિવૃત્ત થયા પછી, ફોરમેન વિવિધ ઉત્પાદનો માટે પ્રખર પ્રવક્તા બન્યા. આ પૈકી, તેમની સૌથી અદભૂત જાહેરાત હોમ એપ્લાયન્સ બ્રાન્ડ Salton Inc ની ઈલેક્ટ્રિક ગ્રીલ હતી. ફોરમેને તેની છેલ્લી મેચ 1997માં રમીને 76 જીત અને પાંચ હારના રેકોર્ડ સાથે તેની વ્યાવસાયિક કારકિર્દી પૂરી કરી.

## બે વર્ષના યુદ્ધ પછી, ખાર્તુમમાં અર્ધલશ્કરી દળોનો છેલ્લો ગઢ પણ જીતી લેવામાં આવ્યો

# સુદાનની સેનાએ રાષ્ટ્રપતિ મહેલ પર ફરીથી કબજો કર્યો

(અજન્સી) ખાર્તુમ તા 22

સુદાનની સેનાએ શુક્રવારે જણાવ્યું હતું કે તેમણે ખાર્તુમમાં રાષ્ટ્રપતિ મહેલ પર નિયંત્રણ મેળવી લીધું છે. અર્ધલશ્કરી દળો સાથે લગભગ બે વર્ષના યુદ્ધ પછી, સેનાએ તેનો છેલ્લો ગઢ ફરીથી કબજે કરી લીધો છે. સુદાનના સૈનિકોએ સોશિયલ મીડિયા પર એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તેઓ કહી રહ્યા છે કે રમઝાનના 21મા દિવસે, તેમણે નાઈલ નદીના કિનારે બનેલા રાષ્ટ્રપતિ મહેલનો કબજો લઈ લીધો છે. રમઝાનનો 21મો દિવસ શુક્રવાર છે. વીડિયોમાં, એક સૈનિક બૂમ પાડી રહ્યો હતો: 'આપણે અંદર છીએ!' અમે રિપબ્લિકન પેલેસમાં છીએ! આ સમય દરમિયાન ઘણા સૈનિકો તેમની આસપાસ ઉજવણી કરતા જોવા મળે છે. સુદાનના માહિતી પ્રધાન અને લશ્કરી પ્રવક્તાએ પુષ્ટિ આપી છે કે બે સદીઓથી સુદાનમાં શક્તિનું પ્રતીક રહેલો આ મહેલ પાછો સરકારી નિયંત્રણ હેઠળ છે. આજે અહીં સુદાનનો ધ્વજ ફરકાવવામાં આવ્યો છે. વિજયની આ યાત્રા સંપૂર્ણ વિજય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે. રિપબ્લિકન પેલેસ પર કબજો મેળવવો એ સુદાનની સેના માટે એક મોટી પ્રતીકાત્મક જીત છે. એપ્રિલ 2023માં યુદ્ધ શરૂ થયા પછી, સેનાએ ખાર્તુમનો મોટાભાગનો ભાગ RSF સામે ગુમાવ્યો, જેના કારણે તેઓ ફક્ત થોડા લશ્કરી થાણાઓ સુધી સીમિત રહી ગયા.સુદાન ડોક્ટર્સ સિન્ડિકેટે RSF હુમલાની નિંદા કરી. તેમણે કહ્યું કે એક શેલ અલ-નવ હોસ્પિટલથી થોડા મીટર દૂર પડ્યો હતો. તેમણે કહ્યું કે હોસ્પિટલમાં ઘાયલોમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. હોસ્પિટલમાં તેમની સારવાર માટે પૂરતા ડોકટરો અને નર્સો નથી.આ વિજયથી ખાર્તુમમાંથી અર્ધલશ્કરી દળોને સંપૂર્ણપણે હાંકી કાઢવાના સુદાનના લશ્કરના અભિયાનને પણ બળ મળે છે. છ મહિનાથી ચાલી રહેલા આ મોટા પાયે વળતા હુમલાએ સુદાનના પૂર્વ ભાગમાં યુદ્ધનું સંતુલન સેનાની તરફેણમાં ફેરવી દીધું છે.



### સુદાનમાં 2 વર્ષમાં 28 હજારથી વધુ લોકોનાં મોત

સુદાનમાં લગભગ બે વર્ષથી સેના અને અર્ધલશ્કરી દળો વચ્ચે સંઘર્ષ ચાલી રહ્યો છે. આ સંઘર્ષ એપ્રિલ 2023 માં શરૂ થયો હતો, જ્યારે સૈન્ય અને RSF નેતાઓ વચ્ચે સત્તા સંઘર્ષ શરૂ થયો હતો. છેલ્લા બે વર્ષમાં સુદાનમાં 28 હજારથી વધુ લોકો માર્યા ગયા છે, જ્યારે લાખો લોકોને સ્થળાંતર કરવું પડ્યું છે.

### સુદાનમાં હિંસાનું કારણ 5 મુદ્દાઓમાં સમજો...

સુદાનમાં લશ્કર અને અર્ધલશ્કરી દળો વચ્ચે સર્વોપરિતા માટે યુદ્ધ ચાલી રહ્યું છે. 2019માં લોકો સુદાનના તત્કાલીન રાષ્ટ્રપતિ ઓમર અલ-બશીરને સત્તા પરથી દૂર કરવા માટે રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા. એપ્રિલ 2019માં સેનાએ રાષ્ટ્રપતિને હટાવ્યા અને દેશમાં બળવો કર્યો. પરંતુ પછી લોકોએ લોકશાહી શાસન અને સરકારમાં તેમની ભૂમિકાની માંગણી શરૂ કરી.આ પછી સુદાનમાં એક સંયુક્ત સરકારની રચના કરવામાં આવી, જેમાં દેશના નાગરિકો અને સૈન્ય બંનેની ભૂમિકા હતી. 2021માં, સુદાનમાં ફરીથી બળવો થયો અને લશ્કરી શાસન શરૂ થયું.

## હમાસે ઈઝરાયલમાં હુમલો કરી 1200 જેટલાની હત્યા કરી, 250થી વધુને અપહૃત કર્યા હતા

# ઈઝરાયલનો ગાઝાપટ્ટીમાં મોડી રાતે બેફામ બોમ્બમારો

(એજન્સી) ઈઝરાયેલ તા 22

ઈઝરાયલે ગાઝાપટ્ટીમાં ગઈકાલે મધરાતે અસામાન્ય બોમ્બ વર્ષા કરતાં ઓછામાં ઓછાં 85 પેલેસ્ટાઈનીઓને મારી નાખ્યા છે. તેણે હમાસનાં લશ્કરી થાણાઓ ઉપરાંત અનેક ઘરો ઉપર પણ બોમ્બ અને મિસાઈલ વર્ષા કરતાં સમગ્ર ગાઝા શહેર અને ગાઝાપટ્ટીના વિસ્તારો ખંડેર બની ગયા છે. આ પૂર્વે ઈઝરાયલી સેનાએ પેલેસ્ટાઈનીઓને ઉત્તરમાં જતા મેઈન હાઈવેનો ઉપયોગ ન કરવા કડક ચેતવણી આપી હતી, અને કહ્યું હતું કે માત્ર દક્ષિણનો 'કોસ્ટલ રોડ' (સમુદ્ર તટનો માર્ગ) તમો વાપરી શકશો. ચારે તરફ હવાઈ હુમલાની સાયરન્સ ગર્જી હતી. ત્યાર પછી વળતા પ્રહાર તરીકે ઈઝરાયલે ગુરૂ-શુક્રની મધરાતે ગાઝાપટ્ટીમાં પ્રચંડ બોમ્બ મિસાઈલ્સ વર્ષા કરતાં બાળકો અને મહિલાઓ સહિત 85ના મોત થયા છે. આ સાથે ઈઝરાયલી સેનાએ જણાવ્યું છે કે તેની સેનાએ ગ્રાઉન્ડ ઓપરેશન દ્વારા બૈન-લાહીયા શહેરને ખતમ કરી નાખ્યું છે, સાથે ઉત્તરનો માર્ગ ન વાપરવા પેલેસ્ટાઈનીઓને ફરી ચેતવણી આપી છે વાત સીધી અને સાદી છે. ઉત્તરનો માર્ગ ભૂમધ્ય સમુદ્રના તટ પ્રદેશ પરથી પસાર થાય છે. તે વિસ્તાર અમેરિકા સહિત પશ્ચિમના દેશો માટે સિનાઈપેનિનસ્યુલામાં ઉતરવાનું ફૂટ બોર્ડ છે. તે હમાસનાં કબ્જામાં જાય તે ઈઝરાયલ કે અમેરિકા કે પશ્ચિમના દેશો ચલાવી લે જ નહીં. હમાસે મૂર્ખતા કરી ગત વર્ષે દક્ષિણ ઈઝરાયલમાં હુમલો કરી 1200 જેટલાની હત્યા કરી, 250થી વધુને અપહૃત કર્યા. આથી ઈઝરાયલ 'વૈરાંધ' બન્યું છે. ઈઝરાયલનું કહેવું છે કે, હમાસે શાંતિ દરખાસ્તો ફગાવી દીધી છે તેથી યુદ્ધ વિરામનો ભંગ કરવો પડયો છે. હમાસનું કહેવું છે કે, ઈઝરાયલે રજૂ કરેલી નવી દરખાસ્તો પૂર્વે કરાયેલા કરારોથી અલગ પડતાં અમે તેનો સ્વીકાર કર્યો નથી.



### બાળકો અને મહિલાઓ સહિત 85ના મોત થયા

ઈઝરાયલી સેનાએ કહ્યું હતું કે, ગઈકાલે બપોરે પેલેસ્ટાઈનીઓ (હમાસે)એ દક્ષિણ અને મધ્ય ઈઝરાયલમાં પ્રક્ષેપાસ્ત્રો ફેંક્યા હતાં. ચારે તરફ હવાઈ હુમલાની સાયરન્સ ગર્જી હતી. ત્યાર પછી વળતા પ્રહાર તરીકે ઈઝરાયલે ગુરૂ-શુક્રની મધરાતે ગાઝાપટ્ટીમાં પ્રચંડ બોમ્બ મિસાઈલ્સ વર્ષા કરતાં બાળકો અને મહિલાઓ સહિત 85ના મોત થયા છે. આ સાથે ઈઝરાયલી સેનાએ જણાવ્યું છે કે તેની સેનાએ ગ્રાઉન્ડ ઓપરેશન દ્વારા બૈન-લાહીયા શહેરને ખતમ કરી નાખ્યું છે, સાથે ઉત્તરનો માર્ગ ન વાપરવા પેલેસ્ટાઈનીઓને ફરી ચેતવણી આપી છે

### પરિણામે 24 જેટલા બંદીવાનો નાસી છૂટયા હતા.

છેલ્લા 24 કલાકમાં અનેક પેલેસ્ટાઈનીઓ માર્યા ગયા છે. વાસ્તવમાં જાન્યુઆરીમાં યુદ્ધ વિરામ થયો ત્યારે હજ્જારો પેલેસ્ટાઈનીઓ તેમનાં નિવાસસ્થાનોએ પાછા ફર્યા હતા. જોકે તે નિવાસસ્થાનો પણ ખંડેર સમાન બની રહ્યાં હતાં, છતાં પોતાનાં ઘરે પાછા ફરી 'હાશ' અનુભવતા હતા. આ તરફ હમાસે જક્કી વલણ રાખી હજી કેટલાયે અપહૃતોને બંદીવાન રાખતાં ઈઝરાયલે પ્રચંડ હુમલા કર્યા હતા.

### 400થી વધુ પેલેસ્ટાઈનીઓને ઈઝરાયલે મારી નાખ્યા

ટ્રમ્પ વહીવટીતંત્ર જે યુદ્ધ વિરામ કરવા માટે પ્રયત્નો કરે છે તેમ કહે છે તો બીજી તરફ મંગળવારે કરેલા હુમલામાં 400થી વધુ પેલેસ્ટાઈનીઓને ઈઝરાયલે મારી નાખ્યા છે. માર્યા ગયેલાઓમાં મોટેભાગે મહિલાઓ અને બાળકો જ હતાં તેમ છતાં ટ્રમ્પ વહીવટી તંત્રે ઈઝરાયલને પૂરો ટેકો જાહેર કર્યો છે તેમ ગાઝા સ્થિત પેલેસ્ટાઈની આરોગ્ય મંત્રાલયે જણાવ્યું છે.

### ઈઝરાયેલી બંધકો મુક્ત નહીં થાય ત્યાં સુધી ગાઝામાં હવાઈ હુમલા ચાલુ રહેશે.

ગાઝા પર ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી આ બે તરફી કાર્યવાહીની તીવ્રતાને કારણે, યુદ્ધ ક્ષેત્ર છોડવાના આદેશ પહેલાં જ ઘણા પેલેસ્ટિનિયનો તેમના ઘર છોડીને ટ્રક અને વાહનોમાં માલસામાન સાથે બીત હનુનથી જબાલિયા તરફ દોડી રહ્યા છે. બુધવારે વેસ્ટ બેંકમાં એક અન્ડરકવર યુનિટ બેઝની મુલાકાત લેતા, ઈઝરાયેલી પીએમએ કહ્યું કે જ્યાં સુધી હમાસ ઈઝરાયેલી બંધકોને મુક્ત નહીં કરે ત્યાં સુધી ગાઝામાં હવાઈ હુમલા ચાલુ રહેશે.

## બ્રિટિશ એરવેઝનું વિમાન ઉતર્યું; શટડાઉનને કારણે 1300 ફ્લાઇટ્સ પ્રભાવિત થઇ

# લંડનનું હીથ્રો એરપોર્ટ 18 કલાક પછી ફરી ખૂલ્યું



(એજન્સી) લંડન તા 22

બ્રિટિશ રાજધાની લંડનમાં હીથ્રો એરપોર્ટ 18 કલાક પછી ખુલ્યું. બ્રિટિશ એરવેઝની ફ્લાઈટ અહીં ઉતરી. વાસ્તવમાં, ગુરુવારે રાત્રે એરપોર્ટ નજીક એક ઈલેક્ટ્રિકલ સબસ્ટેશનમાં આગ લાગી હતી. જેના કારણે એરપોર્ટ કામગીરી બંધ કરવી પડી. બંધને કારણે 1350 ફ્લાઈટ્સ સ્થગિત કરવામાં આવી હતી, જેના કારણે 2 લાખ 91હજાર મુસાફરો પ્રભાવિત થયા હતા. પશ્ચિમ લંડનના હેયસમાં આગ લાગી હતી. આના કારણે 5,000થી વધુ ઘરોનો વીજળી પુરવઠો ખોરવાઈ ગયો હતો.

બ્રિટનની આતંકવાદ વિરોધી પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે સબસ્ટેશનમાં આગ લાગવા પાછળ કોઈ ખરાબ ઈરાદો હતો કે નહીં.10 દિવસ પહેલા જર્મનીના તમામ એરપોર્ટ પર ફ્લાઈટ્સ બંધ કરવામાં આવી હતી

9 માર્ચે, જર્મનીના તમામ એરપોર્ટના કર્મચારીઓએ એક દિવસની હડતાળનું એલાન કર્યું. આ કારણે, સોમવારે (ભારતીય સમય મુજબ) દેશભરમાં હવાઈ મુસાફરી ઠપ્પ થઈ ગઈ. હડતાળના પરિણામે દેશભરના 13 મુખ્ય એરપોર્ટ પર 3,400 ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હતી, જેમાં ફ્રેન્કફર્ટ અને મ્યુનિક જેવા મુખ્ય એરપોર્ટનો સમાવેશ થાય છે. આના કારણે 5 લાખથી વધુ મુસાફરોને અસર થઈ હતી. દેશમાં 25 લાખ સરકારી કર્મચારીઓ ધરાવતા વર્ડી યુનિયને પગાર વધારાની માંગણી સાથે આ હડતાળનું એલાન આપ્યું હતું. જર્મન સમય મુજબ, આ હડતાલ 10 માર્ચથી શરૂ થવાની હતી, પરંતુ તે નિર્ધારિત સમયના એક દિવસ પહેલા શરૂ કરવામાં આવી હતી.

# ભારત કરતા ઘણી અલગ છે પાકિસ્તાનની સ્કુલ, અહીં છોકરીઓ માટેના ઘણા નિયમો

(અજન્સી) પાકિસ્તાન તા 22

પાડોશી દેશ પાકિસ્તાનમાં શું ચાલી રહ્યું છે તે જાણવા દરેક લોકો ઉત્સુક છે. આજે અમે તમને જણાવીશું કે પાકિસ્તાનની શાળાઓમાં કેવી રીતે શિક્ષણ આપવામાં આવે છે.ઘણીવાર લોકોના મનમાં એક પ્રશ્ન આવે છે કે શું પડોશી દેશમાં કો-એડ એજ્યુકેશન ઉપલબ્ધ છે કે નહીં. તમને જણાવી દઈએ કે પાકિસ્તાનમાં છોકરા-છોકરીને એક સાથે ભણાવવામાં આવતા નથી.સિનિયર ક્લાસમાં આવ્યા પછી છોકરીઓનું શિક્ષણ અલગ અને છોકરાઓનું શિક્ષણ અલગ થઈ જાય છે. આ સિવાય છોકરીઓ માટે અલગ સ્કૂલ અને છોકરાઓ માટે ઘણી અલગ સ્કૂલ છે. પાકિસ્તાનમાં શિક્ષણ આપવાની પદ્ધતિ ઘણી અલગ છે. પાકિસ્તાનમાં, શિક્ષણ 6 સ્તરોના આધારે હાથ ધરવામાં આવે છે, જેમાં પ્રી-સ્કુલ, પ્રાઈમરી, મિડિલ, હાઈ, ઈન્ટરમીડિએટ અને યુનિવર્સિટીનો સમાવેશ થાય છે.ભારતીય શિક્ષણ પ્રણાલીને પૂર્વ-પ્રાથમિક (નર્સરી અને કેન્દ્રીય વિદ્યાલય), પ્રાથમિક (વર્ગ 1 થી 5), માધ્યમિક (વર્ગ 6 થી 10) અને ઉચ્ચ માધ્યમિક (વર્ગ 11 અને 12) માં વિભાજિત કરવામાં આવે છે, ત્યારબાદ યુનિવર્સિટી આવે છે.પાકિસ્તાનમાં શિક્ષણ પ્રી-સ્કૂલથી શરૂ થાય છે. જો કે, ખૂબ નાના બાળકો પ્રી-સ્કૂલમાં જાય છે. વ્યક્તિ 3 વર્ષની ઉંમરથી પ્રી-સ્કૂલમાં પ્રવેશ મેળવી શકે છે. અભ્યાસ એક વર્ષ ચાલે. આ પછી બાળક મિડલ એજ્યુકેશનમાં આવે છે. જેમાં પ્રથમ ધોરણમાં પ્રવેશ આપવામાં આવે છે.માધ્યમિક શાળા ધોરણ પાંચ સુધી ચાલે છે. જેમાં ઉર્દુ, અંગ્રેજી, ગણિત, આર્ટસ, સાયન્સ, સોશિયલ સ્ટડીઝ, ઈસ્લામિક સ્ટડીઝ શીખવવામાં આવે છે. પંજાબી, સિંધી અને પશ્તો પણ શીખવવામાં આવે છે.માધ્યમિક શિક્ષણમાં, ધોરણ 9 થી ધોરણ 12 સુધી અભ્યાસ કરવામાં આવે છે. ભારતની જેમ, પાકિસ્તાનમાં પણ છે. અહીં યુનિવર્સિટી શિક્ષણને ટેરેટરી શિક્ષણ કહેવામાં આવે છે. પાકિસ્તાનમાં છોકરીઓ માટે તેમના ડ્રેસ સાથે દુપટ્ટા/સ્કાર્ફ પહેરવાનું ફરજિયાત છે. આ સિવાય સ્લીવલેસ ટી-શર્ટ વગેરે પહેરવાની મંજૂરી નથી.

## પરમાણુ કેન્દ્રોવાળા વિસ્તારોમાં ધરતી ધ્રુજી; સુરક્ષા એજન્સીઓ સતર્ક

# ઈરાનના નાતાન્ઝમાં 4.8ની તીવ્રતાનો ભૂકંપ

(એજન્સી) ઈરાન તા 22

રવિવારે ઈરાનના નાતાન્ઝ વિસ્તારમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા, જેના કારણે વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. US જીઓલોજિકલ સર્વે (USGS) અનુસાર, ભૂકંપની ઊંડાઈ 10 કિલોમીટર હતી. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર 4.8 માપવામાં આવી હતી. નાતાન્ઝ ક્ષેત્ર ઈરાનના મુખ્ય પરમાણુ પ્રતિષ્ઠાનોમાનો એક છે, જેના કારણે સુરક્ષા એજન્સીઓ આ ભૂકંપને લઈને સતર્ક થઈ ગઈ છે. સ્થાનિક મીડિયા અનુસાર, નજીકના ઘણા શહેરોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જોકે, અત્યાર સુધી કોઈ મોટું નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી. ઈરાનના કટોકટી સેવા વિભાગના અધિકારીઓ આ



વિસ્તારની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, નાતાન્ઝ ઈરાનનું એક મુખ્ય પરમાણુ કેન્દ્ર છે, જ્યાં સંવેદનશીલ પરમાણુ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. આવી સ્થિતિમાં આ વિસ્તારમાં ભૂકંપના કારણે ચિંતા વધી ગઈ છે. નિષ્ણાતો કહે છે કે ભૂકંપથી પરમાણુ સ્થળોને કોઈ નુકસાન થયું નથી, પરંતુ સાવચેતી રૂપે તેમનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. વૈજ્ઞાનિક રીતે સમજવા માટે, આપણે પૃથ્વીની રચનાને સમજવી પડશે. પૃથ્વી ટેક્ટોનિક પ્લેટો પર ટકી છે. તેની નીચે પ્રવાહી લાવા છે અને તેના પર ટેક્ટોનિક પ્લેટો તરતી રહે છે. ઘણી વખત આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે. વારંવાર અથડામણને કારણે પ્લેટોના ખૂણા ક્યારેક વાંકા થઈ જાય છે અને વધુ પડતા દબાણને કારણે, આ પ્લેટો તૂટવા લાગે છે. આવી સ્થિતિમાં નીચેથી આવતી ઉર્જા બહાર આવવાનો માર્ગ શોધે છે. જ્યારે આ ખલેલ પહોંચાડે છે ત્યારે ભૂકંપ આવે છે. ભૂકંપને રિક્ટર સ્કેલ પર માપવામાં આવે છે. રિક્ટર સ્કેલ એ ભૂકંપના તરંગોની તીવ્રતા માપવા માટેનો એક ગાણિતિક સ્કેલ છે, તેને રિક્ટર મેગ્નિટ્યુડ ટેસ્ટ સ્કેલ કહેવામાં આવે છે. રિક્ટર સ્કેલ પર, ભૂકંપની તીવ્રતા તેના કેન્દ્ર એટલે કે એપીસેન્ટરના આધારે 1 થી 9ના સ્કેલ પર માપવામાં આવે છે. આ સ્કેલ ભૂકંપ દરમિયાન પૃથ્વીની અંદરથી મુક્ત થતી ઊર્જાના આધારે તીવ્રતા માપે છે.

# 530,000 લોકોનો કાનૂની દરજ્જો છીનવાયો, અમેરિકા છોડવું પડશે!

(એજન્સી) અમેરિકા તા 22

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે શુક્રવારે જાહેરાત કરી હતી કે તે યુનાઈટેડ સ્ટેટ્સમાં ક્યુબા, હૈતી, નિકારાગુઆ અને વેનેઝુએલાના કાનૂની રક્ષણને રદ કરશે. આ નિર્ણયની અસર એ થશે કે લગભગ એક મહિનામાં 530,000 લોકોએ અમેરિકા છોડવું પડી શકે છે. રજિસ્ટરમાં નોટિસ પ્રકાશિત થયાના 30 દિવસ પછી આવા લોકો તેમની કાનૂની સ્થિતિ ગુમાવશે

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ વિરુદ્ધ તેમની કાર્યવાહીને સતત તીવ્ર બનાવી રહ્યા છે. આ ચાર દેશોના ઈમિગ્રન્ટ્સ ઓક્ટોબર 2022માં નાણાકીય પ્રાયોજકો સાથે યુનાઈટેડ સ્ટેટ્સમાં આવ્યા હતા. તેને અમેરિકામાં રહેવા અને કામ કરવા માટે બે વર્ષની પરમિટ આપવામાં આવી હતી. હવે ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ



સિક્યુરિટીએ જાહેરાત કરી છે કે 24 એપ્રિલે ફેડરલ રજિસ્ટરમાં નોટિસ પ્રકાશિત થયાના 30 દિવસ પછી આવા લોકો તેમની કાનૂની સ્થિતિ ગુમાવશે. આ પગલાની વ્યાપક અસર હોવાનું માનવામાં આવે છે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેનના કાર્યકાળ દરમિયાન, આ ઈમિગ્રન્ટ્સને બે વર્ષની પેરોલ આપવામાં આવી હતી, જે હવે અસરકારક રીતે સમાપ્ત થઈ ગઈ છે. ચારેય દેશોના નાગરિકોને અમેરિકન પ્રાયોજકો સાથે હવાઈ માર્ગે અમેરિકામાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી હતી. માનવતાવાદી પેરોલ સિસ્ટમ એ લાંબા સમયથી ચાલતી કાનૂની વ્યવસ્થા છે જેનો ઉપયોગ રાષ્ટ્રપતિઓએ એવા દેશોમાંથી લોકોને મુક્ત કરવા માટે કર્યો છે જ્યાં યુદ્ધ અથવા રાજકીય અસ્થિરતા હોય. આવી સ્થિતિમાં, આ લોકો અમેરિકામાં પ્રવેશ કરી શકે છે અને અસ્થાયી રૂપે રહી શકે છે. ટ્રમ્પ વહીવટીતંત્રે વ્યાપક દુરુપયોગનો આક્ષેપ કરીને આ સિસ્ટમને સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે. ન્યૂઝ એજન્સી અનુસાર, ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીએ કહ્યું કે પેરોલ પર રહેલા લોકોએ તેમની પેરોલ સમાપ્તિ તારીખ પહેલા અમેરિકા છોડી દેવું જોઈએ.જો કે, તે સ્પષ્ટ નથી કે પેરોલ પ્રોગ્રામ હેઠળ યુ.એસ.માં પ્રવેશેલા કેટલા લોકોએ સુરક્ષા અથવા કાનૂની દરજ્જાના વિકલ્પો મેળવ્યા છે.

# બાગ્લાંદેશ અને સિરીયા બાદ હવે તુર્કીમાં પણ તખ્તાપલટ

(એજન્સી) તુર્કી તા 22

સોશિયલ મીડિયામાં ચાલી રહેલા સમાચારના આધારે તુર્કીના રાષ્ટ્રપતિ રજબ તૈયબ અર્દોગન દેશ છોડીને ભાગી ગયા હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે. હજુ તેમના દેશ છોડીને ભાગી જવાની વાત પર પુષ્ટિ થઈ નથી પણ કેટલાક મીડિયા રિપોર્ટ મુજબ એર્દોગન પોતાના પ્લેનમાં સવાર થઈ કોઈ અજાણી જગ્યાએ નીકળી ગયા છે જેથી કહેવામાં આવી રહ્યું છે કે હવે તે દેશ છોડી ભાગી છૂટ્યા છે.

તુર્કીના રાષ્ટ્રપતિ અર્દોગન દેશ છોડીને ભાગ્યા ! તમને જણાવી દઈએ કે થોડા સમય પહેલા સિરીયાના રાષ્ટ્રપતિ બશર અલ-અસદ દેશ છોડીને ભાગી ગયા હતા અને રુસમાં શરણ લઈ લીધુ હતુ. જે અગાઉ બાગ્લાદેશના પ્રધાનમંત્રી પણ દેશ છોડીને ભાગી નીકળ્યા અને ભારતમાં શરણ લીધી હતી. ત્યારે હવે તુર્કીના રાષ્ટ્રપતિ રજબ અર્દોગનના દેશમાંથી ભાગી જવાની સોશિયલ મીડિયા પર ચર્ચા ચાલી રહી છે.

તુર્કીના રાષ્ટ્રપતિ અર્દોગનના દેશ છોડીને ભાગી જવા પાછળ કેટલાક કારણો પણ જણાય રહ્યા છે કે ત્યાની જનતા એર્દોગનની વિરુદ્ધ રસ્તા પર ઉતરી આવી છે અને વિરોધ કરી રહી છે, જેનાથી એ સાબિત થઈ રહ્યું છે તુર્કીમાં સ્થિતિ સામાન્ય નથી. ઈસ્તામ્બુલ માંથી કેટલી તસ્વીરો સામે આવી છે જેમાં ત્યાંની જનતા અર્દોગન વિરુદ્ધ પ્રદર્શન કરી રહી છે. મળતી માહિતી મુજબ અર્દોગન વિરુદ્ધ વિપક્ષ પણ ઉતરી આવ્યું છે. મળતી માહિતી મુજબ અર્દોગન હારથી બચવા માટે ઈમામોગ્લુને જેલ ભેગા કરી દીધા. તેમણે દાવો કર્યો હતો કે ગયા વર્ષે સ્થાનિક ચૂંટણીઓમાં મોટી હારનો સામનો કરનાર અર્દોગને ઈમામોગ્લુને નિશાન બનાવ્યા હતા કારણ કે તેમને તેમની સામે હારી જવાનો ડર હતો. તેમજ ઈમામોગ્લુ પણ ત્યાથી જ મેયર બનીને આવ્યા હતા જ્યાંથી અર્દોગન મેયર બન્યા હતા, ત્યારે હવે અર્દોગનના વિરુદ્ધમાં જનતા રસ્તા પર ઉતરી આવી છે અને તેના જ કારણે અર્દોગનના ભાગી જવાના સમાચાર મળી રહ્યા છે.મળતી માહિતી મુજબ તુર્કીના રાષ્ટ્રપતિ અર્દોગને તેમના સૌથી મોટા વિરોધી નેતા ઈમામોગ્લુને જેલમાં ધકેલી દીધા, જે બાદથી જ ત્યાંની જનતા એર્દોગન વિરુદ્ધ રસ્તા પર ઉતરી આવી છે.

# કુરુક્ષેત્રમાં મહાયજ્ઞ: પથ્થરમારાથી ફાયરિંગ સુધી મામલો પહોંચ્યો, 3 ઈજાગ્રસ્ત



## પ્રદર્શનકારીઓએ રોડ બ્લોક કરી પથ્થરમારો કર્યો

(એજન્સી) કુરુક્ષેત્ર । તા.22

હરિયાણાના કુરુક્ષેત્રના કેશવ પાર્કમાં ચાલી રહેલા 1000 કુંડી યજ્ઞ વચ્ચે બબાલ થઈ ગઈ છે. યજ્ઞ કાર્યક્રમના આયોજક સ્વામી હરિ ઓમ દાસના અંગત સુરક્ષા કર્મચારીઓ પર ત્રણ લોકોને ગોળી મારવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. ગોળીથી ઈજાગ્રસ્ત થયેલા ત્રણ લોકોને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જેમાંથી એકની હાલત ગંભીર હોવાની માહિતી મળી રહી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મહાયજ્ઞમાં હાજરી આપવા આવેલા કેટલાક યુવાનોએ વાસી ખોરાક પીરસવામાં આવતો હોવાની ફરિયાદ કરી હતી, જેના પછી વિવાદ થયો હતો. આ ઝઘડા દરમિયાન મહાયજ્ઞના આયોજક હરિ ઓમ દાસના સુરક્ષા કર્મચારીએ ફાયરિંગ કરી દીધુ હતું, જેમાં ત્રણ યુવાનો ઘાયલ થઈ ગયા છે.આશિષ તિવારી નામના યુવકને ગંભીર હાલતમાં લોકનાયક જયપ્રકાશ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. બીજી તરફ આ ઘટનાથી રોષે ભરાયેલા એક વિશેષ જાતિના લોકોએ મહાયજ્ઞ સ્થળની બહાર કુરુક્ષેત્ર-કૈથલ રોડ બ્લોક કરી દીધો છે અને પથ્થરમારો કર્યો છે. પ્રદર્શનકારીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને પોલીસે કડકાઈ દાખવી અને જામ ખોલવાનો પ્રયાસ કર્યો. હાલમાં ઘટનાસ્થળે ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને પરિસ્થિતિને કાબુમાં લઈ લીધી છે. જોકે, વાતાવરણ હજુ પણ તંગ છે. પોલીસે લોકોને શાંતિ જાળવવા માટે અપીલ કરી છે અને આ ઘટનાની તપાસ શરૂ કરી દીધી છે.

### મહાયજ્ઞની શરૂઆત 18 માર્ચથી થઈ હતી

આ મહાયજ્ઞની શરૂઆત 18 માર્ચથી થઈ હતી અને તે 27 માર્ચ સુધી ચાલુ રહેશે. તેના માટે 1008 કુંડી યજ્ઞશાળાઓ બનાવવામાં આવી હતી. મહાયજ્ઞમાં દરરોજ 1,00,000 આહૂતિ આપવામાં આવી રહી હતી. આ આયોજનનો સૂત્રધાર હરિ ઓમ દાસ છે, જે યજ્ઞ સમ્રાટના નામથી ઓળખાય છે. અત્યાર સુધીમાં તેમણે દેશભરના 24 રાજ્યોમાં 101 મહાયજ્ઞોનું આયોજન કરાવ્યું છે. તેમનો સંકલ્પ છે સમગ્ર ભારતવર્ષમાં 108 મહાયજ્ઞ કરાવવાનો છે. કુરુક્ષેત્રમાં 18 માર્ચથી શરૂ થયેલો મહાયજ્ઞ આ પ્રકારનો 102મો મહાયજ્ઞ છે. આ મહાયજ્ઞમાં ભાજપના પ્રદેશ પ્રમુખ મોહનલાલ બડોલી, મુખ્યમંત્રીના પત્ની સુમન સૈની અને પૂર્વ રાજ્યમંત્રી સુભાષ સુધા જેવા ઘણા મોટા નેતાઓ સામેલ થઈ ચૂક્યા છે.

### નીતિશ કુમારના વર્તનનું સમર્થન: 'અજાણતાં આવી ઘટનાઓ બને..'

# રાષ્ટ્રગાનના અપમાન મુદ્દે જેડીયુ-ભાજપે નીતિશનો લુલો બચાવ કર્યો

(એજન્સી) બિહાર । તા. 22

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર ગુરૂવારે (20 માર્ચ) ના દિવસે એક કાર્યક્રમમાં હાજરી આવા ગયા હતા. આ દરમિયાન રાષ્ટ્રગાનની વચ્ચે-વચ્ચે વાતો કરતા અને વિચિત્ર હરકતો કરતાં જોવા મળ્યા હતાં. જેનો વીડિયો સોશિયલ મીડિયા પર જોરદાર વાઈરલ થઈ રહ્યો છે. એકબાજુ જ્યાં વિપક્ષ નીતિશ કુમારની આ હરકત પર આકરા પ્રહાર કરે છે, ત્યાં અમુક નેતાઓનું સમર્થન પણ કર્યું હતું.નીતિશ કુમારનું સમર્થન કરતાં બિહારના મંત્રી અશોક ચૌધરીએ કહ્યું કે, વિપક્ષ પાસે હવે કોઈ મુદ્દો નથી વધ્યો, નીતિશ કુમારના કેન્દ્રીય મંત્રી અને મુખ્યમંત્રીના રૂપે સંપૂર્ણ કાર્યકાળમાં તેમની પ્રામાણિકતા, કર્તવ્ય પ્રતિ તેમની પ્રતિબદ્ધતા અથવા તેમની મહેનત પર પ્રશ્ન ન કરી શક્યાં. એટલે હવે રાષ્ટ્રગાનને લઈને મુદ્દો બનાવી રહ્યા છે. તેમને લાગે છે કે, નીતિશ કુમારથી



મોટો કોઈ દેશદ્રોહી નથી. ઘણીવાર અજાણતા એવી ઘટનાઓ બની જાય છે, વિપક્ષ ફક્ત નીતિશ કુમારને બદનામ કરવા પ્રયાસ કરી રહ્યો છે. આવા મુદ્દાનું ચૂંટણીમાં કોઈ મહત્ત્વ નથી.'કુપોષણમુક્ત ગુજરાત' અભિયાનનું સુરસુરિયું; 509 કરોડનો ધૂમાડો છતાં લાખો બાળકો કુપોષિત'કુપોષણમુક્ત ગુજરાત' અભિયાનનું સુરસુરિયું; 509 કરોડનો ધૂમાડો છતાં લાખો બાળકો કુપોષિત બિહારના નાયબ મુખ્યમંત્રી વિજય કુમાર સિન્હાએ કહ્યું કે, નીતિશ કુમારથી ભૂલ થઈ ગઈ. સાથે જ કહ્યું કે, જે લોકો આ વિષયને લઈને હોબાળો કરી રહ્યા છે, તેમણે પોતાની અંદર ઝાંખીને જોવું જોઈએ. વળી, ભાજપના મંત્રી રાજૂ સિંહે પણ નીતિશ કુમારનો બચાવ કર્યો. આ સાથે જ ભાજપના મંત્રી કેદાર પ્રસાદ ગુપ્તાએ કહ્યું કે, નીતિશ રાજીનામું નહીં આપે.

માફી માંગવાનો પ્રશ્ન જ નથીબીજી બાજું જનતા દળ યુનાઈટેડના મંત્રી મદન સહનીએ નીતિશ કુમારનો બચાવ કરતા કહ્યું કે, નીતિશ કુમારના રાજીનામાં કે માફી માંગવાનો તો કોઈ પ્રશ્ન જ નથી ઊભો થતો.



### શું હતી ઘટના?

મુખ્યમંત્રી નીતિશ કુમાર રાષ્ટ્રગાનના સમયે પોતાની પાસે ઊભા પ્રધાન સચિવ દીપક કુમારને વારંવાર ટોકતા જોવા મળે છે. નીતિશ કુમાર રાષ્ટ્રગાન દરમિયાન જ અમુક વાત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતાં. આ દરમિયાન દીપક કુમાર ખૂબ જ અસહજ જોવા મળે છે અને ઈશારામાં નીતિશ કુમારને સાવધાનની મુદ્રામાં ઊભા રહેવાનું કહે છે. પરંતુ, તેમ છતાં નીતિશ કુમાર માનતા નથી અને ફરી એ જ વાતનું પુનરાવર્તન કરે છે. આ સિવાય ચાલું રાષ્ટ્રગાનમાં હાથ જોડીને લોકોનું અભિવાદન કરતાં પણ જોવા મળે છે.

### ત્રણ દિવસ સુધી ચાલશે કલિંગા લિટ ફેસ્ટિવલ

## 'ફાઈનલી અમે એક જ દિશામાં યાત્રા...' ભાજપ નેતા સાથે થરૂરનો ફોટો વાઈરલ થતાં કોંગ્રેસ ટેન્શનમાં!



(એજન્સી) નવી દિલ્હી । તા. 22

ભાજપ સાંસદ બૈજયંત જય પાંડાએ શુક્રવારે કોંગ્રેસ સાંસદ શશિ થરૂર સાથે વિમાન યાત્રાની પોતાની એક તસવીર એક્સ પર શેર કરી હતી. આ તસવીર સાથે જય પાંડાએ જે કેપ્શન આપ્યું તેના કારણે આ તસવીર વધારે વાઈરલ થઈ રહી છે. થરૂર સાથે ફોટો પોસ્ટ કરતા ભાજપના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ જય પાંડાએ મજાકીયા અંદાજમાં કહ્યું કે, 'મારા મિત્ર અને સહયાત્રીએ મને એટલે તોફાની કહ્યો કારણકે, મેં કહ્યું હતું કે, આપણે આખરે એક જ દિશામાં યાત્રા કરી રહ્યા છીએ.' શશિ થરૂરે આપ્યો જવાબ પોતાના હસમુખ સ્વભાવના કારણે જાણીતા શશિ થરૂરે તુરંત આનો જવાબ આપ્યો અને સ્પષ્ટીકરણ કરતા લખ્યું કે, 'ફક્ત ભુવનેશ્વરના સાથી યાત્રી! હું કાલે સવારે કલિંકા લિટફેસ્ટને સંબોધિત કરી રહ્યો છું અને તુરંત પરત ફરી રહ્યો છું!!' જણાવી દઈએ કે, કલિંગા લિટરેરી ફેસ્ટિવલ (કેએલએફ)નું 11મું સંસ્કરણ 21 માર્ચે ભુવનેશ્વરમાં શરૂ થયું અને ત્રણ દિવસ સુધી ચાલશે, જેમાં દુનિયાભરના 400 થી વધારે લેખક, બુદ્ધિજીવી અને વિચારક ભાગ લેશે. આ ફેસ્ટિવલમાં સામેલ થવા શશિ થરૂર ભુવનેશ્વર પહોંચ્યા હતાં.

હાલ, આ તસવીર સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે. નોંધનીય છે કે, છેલ્લાં ઘણાં સમયથી શશિ થરૂર ભાજપ પ્રતિ પોતાના તટસ્થ વલણના કારણે ચર્ચામાં રહ્યા હતાં. થોડાં સમય પહેલાં ભાજપ નેતા અને કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પિયૂષ ગોયલ સાથે તેમની તસવીર વાઈરલ થઈ હતી. ત્યારબાદ લોકોએ તેમની ભાજપમાં જવાની અટકળો શરૂ કરી દીધી હતી. થરૂરે ગોયલ સાથે પોતાનો ફોટો શેર કર્યો હતો, જેમાં બ્રિટનના વ્યાપાર મંત્રી જોનાથન રેનૉલ્ડ્સ પણ હતાં. તેમણે ફોટા સાથે કેપ્શનમાં લખ્યું, 'બ્રિટનના વ્યાપાર અને વ્યાપાર મંત્રી જોનાથન રેનૉલ્ડ્સ સાથે તેમના ભારતીય સમકક્ષ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલની હાજરીમાં વાતચીત કરીને સારૂં લાગ્યું.

### 18 ધારાસભ્ય છ મહિના માટે સસ્પેન્ડ

## કર્ણાટકમાં મુસ્લિમ કોન્ટ્રાક્ટરોને 4 ટકા અનામતનું બિલ વિધાનસભામાં પસાર

(એજન્સી) બેંગલુરુ । તા. 22

કર્ણાટકમાં મુસ્લિમ કોન્ટ્રાક્ટરોને સરકારી કામોના કોન્ટ્રાક્ટમાં ચાર ટકા અનામત આપવામાં આવી છે, જે માટેના સુધારા બિલને આખરે વિધાનસભામાં મંજૂરી મળી ગઈ હતી. જોકે સરકારના આ નિર્ણયને લઈને વિપક્ષ ભાજપ દ્વારા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો. ભાજપના ધારાસભ્યોએ સ્પીકરની ચેરને ઘેરવાનો પ્રયાસ કર્યો હતો જેને પગલે તેમને માર્શલો દ્વારા ટિંગાટોળી કરીને વિધાનસભામાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. સપ્તાહ પહેલા જ કર્ણાટક ટ્રાન્સરસી ઈન પબ્લિક પ્રોક્યુર્મેન્ટ્સ એક્ટમાં સુધારાને રાજ્ય સરકારની કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. જે બાદ આ બિલને વિધાનસભામાં રજુ કરાયું હતું જેને આખરે આ શુક્રવારે પસાર કરી દેવામાં આવ્યું હતું. આ સુધારા મુજબ રાજ્યોના મુસ્લિમ કોન્ટ્રાક્ટરોને સરકારી કોન્ટ્રાક્ટમાં ચાર ટકા અનામત આપવામાં આવી છે. હાલમાં કર્ણાટકમાં સિવિક કામોમાં એસસી-એસટી માટે ૨૪ ટકા જ્યારે ઓબીસી કોન્ટ્રાક્ટર્સને કેટેગરી એકમાં ચાર ટકા, કેટેગરી ૨એમાં ૧૫ ટકા અનામત અપાય છે. હવે કેટેગરી ૨-બી બનાવાઈ છે તેમાં મુસ્લિમ ઓબીસીનો સમાવેશ કરવાની માગ થઈ રહી હતી. અંતે આ માગણીનો સ્વીકાર કરીને સરકારે મુસ્લિમોને અનામત આપી છે. આ નિર્ણયનો ભાજપ દ્વારા ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. ભાજપે દાવો કર્યો છે.

### ન્યાયાધીશ દ્વારા આંતરિક તપાસ શરૂ

## દિલ્હી હાઈકોર્ટના જજના ઘરે મોટી રોકડ મળ્યાના રિપોર્ટથી વિવાદ

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માના ઘરે આગ ઠારવા ગયેલા ફાયર ફાઈટર્સના કર્મીઓને એક રૂમમાંથી મોટી રોકડ રકમ મળ્યાના અહેવાલોથી ભારે વિવાદ થયો છે. આ ઘટના વચ્ચે દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશે તપાસ શરૂ કરી હતી. જ્યારે સુપ્રીમ કોર્ટની કોલેજિયમે વિવાદો વચ્ચે એક સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે ન્યાયાધીશ યશવંત વર્માની બદલી કરવા માટે પ્રસ્તાવ મળ્યો હતો, જે અંગે હજુસુધી કોઈ અંતિમ નિર્ણય લેવામાં નથી આવ્યો. તેમની સામે જે તપાસ ચાલી રહી છે તેને બદલીની પ્રક્રિયા સાથે જોડવામાં ના આવે. પ્રાપ્ત અહેવાલો અનુસાર ૧૪મી માર્ચે હોળીની ઉજવણી સમયે દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માના સરકારી બંગલામાં આગ લાગી હતી, આ ઘટના સમયે જસ્ટિસ વર્મા ઘર પર હાજર નહોતા, દરમિયાન તેમના પરિવારજનોએ તાત્કાલીક દિલ્હી ફાયર સર્વિસને જાણ કરી હતી, પરિણામે ફાયર બ્રિગેડના જવાનો અને પોલીસ બન્ને સાથે સ્થળ પર પહોંચી ગયા હતા. આગ ઠારવા ગયેલા ફાયર ફાઈટર્સના જવાનોને એક રૂમમાંથી રોકડા રૂપિયા મળ્યા હતા જે લાખોમાં હોવાના અહેવાલો સામે આવ્યા હતા. આ દરમિયાન સ્થળ પર પોલીસ પર પહોંચી હોવાથી તેનું વીડિયો રેકોર્ડિંગ કરાયું હોવાના પણ અહેવાલો છે. ન્યાયાધીશના ઘરેથી મોટી સંખ્યામાં રોકડા રૂપિયા મળ્યાના અહેવાલો સામે આવ્યા.

### સૂપ્રીમને સૂઓ-મોટો લેવા અરજી

## જજ મિશ્રાના રેપ અંગેના ચુકાદાનો દેશભરમાં વિરોધ

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

ઉત્તર પ્રદેશના સંભલમાં સગીરા પર બળાત્કારના આરોપમાં અલ્લાહાબાદ હાઈકોર્ટના ચૂકાદા સામે દેશભરમાં ભારે વિરોધ થઈ રહ્યો છે. હાઈકોર્ટની સિંગલ બેચના જજે ચૂકાદામાં કહ્યું કે, સગીરાના સ્તન પકડવા અને પાયજામાનું નાડું તોડવું એ બળાત્કારનો પ્રયાસ ના કહેવાય. આ ચૂકાદાના વિરોધમાં શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં એક પીઆઈએલ દાખલ કરાઈ છે. કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવી, સાંસદ રેખા શર્માએ પણ હાઈકોર્ટના આ ચૂકાદાને અયોગ્ય ગણાવ્યો હતો અને રાષ્ટ્રીય મહિલા પંચને સુપ્રીમમાં જવા અપીલ કરી હતી.અલ્લાહાબાદ હાઈકોર્ટની સિંગલ બેચના ન્યાયાધીશ રામમનોહર મિશ્રાના ચૂકાદાના વિરોધમાં શુક્રવારે વરિષ્ઠ વકીલ શોભા ગુપ્તા, વકીલ અંજલે પટેલે સુપ્રીમમાં પીઆઈએલ દાખલ કરી છે. અરજીમાં માગ કરાઈ છે કે સુપ્રીમે કેન્દ્ર સરકાર - હાઈકોર્ટ રજિસ્ટ્રાર જનરલને નિર્દેશ આપવા જોઈએ કે તેઓ વિવાદાસ્પદ ભાગને ચૂકાદામંથી હટાવે. સાથે જ અરજીમાં માગ કરાઈ છે કે ન્યાયાધીશો દ્વારા કરવામાં આવતા આવા વિવાદાસ્પદ નિવેદનોને રોકવા માટે સુપ્રીમ કોર્ટ તરફથી ગાઈડલાઈન બનાવવામાં આવે.વરિષ્ઠ વકીલ શોભા ગુપ્તાએ મુખ્ય ન્યાયાધીશ સંજીવ ખન્નાને પત્ર લખીને આ ચૂકાદા અંગે સુઓ-મોટો નોંધ લેવા વિનંતી કરી છે. તેમણે કહ્યું કે, આ ચૂકાદાએ કાયદા અંગેની તેમની સમજને હચમચાવી દીધી છે.

## મણિપુરમાં હિંસા વચ્ચે 9 વર્ષની બાળકીનો મૃતદેહ મળ્યો, દુષ્કર્મની આશંકા 15 શંકાસ્પદની ધરપકડ

(એજન્સી) ચુરાચંદપુર । તા. 22

મણિપુરના ચુરાચંદપુર જિલ્લા મુખ્યાલય શહેરમાં શુક્રવારે (21મી માર્ચ) રહસ્યમય સંજોગોમાં 9 વર્ષની બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે બાળકી પર દુષ્કર્મ થયું છે અને તેના શરીર પર ઈજાના નિશાન પણ મળી આવ્યા હતા. પોલીસ આ ઘટનાની તપાસ કરી રહી છે આ સાથે, અત્યાર સુધીમાં 15 લોકોની અટકાયત કરવામાં આવી છે.પોલીસે જણાવ્યાનુસાર, ગુરુવારે (20મી માર્ચ) સાંજે બાળકી ગુમ થઈ ગઈ હતી, જેના પગલે પરિવારે તેની શોધ શરૂ કરી હતી. બાદમાં શહેરના લાન્વા ટીડી બ્લોકના રાહત શિબિર નજીક બાળકીનો મૃતદેહ મળ્યો હતો. તેના શરીર અનેક



ઈજાના નિશાન હતા. આ ઉપરાંત લોહીના ડાઘ પણ હતા. બાળકી પર દુષ્કર્મ થયો હોવાની શંકા છે. હાલમાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો છે. પૂછપરછ માટે 15 લોકોની અટકાયતમાં લેવામાં આવ્યા છે, પરંતુ હજુ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી.

### પૂર્વ મુખ્યમંત્રીએ શોક વ્યક્ત કર્યો

મણિપુરના પૂર્વ મુખ્યમંત્રી એન. બિરેન સિંહે આ ઘટનાની નિંદા કરી અને શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. તેમણે કહ્યું, 'હું અજાણ્યા ગુનેગારો દ્વારા બાળકીની ક્રૂર હત્યાની સખત નિંદા કરું છું.' આ ઉપરાંત ઝોમી મધર્સ એસોસિએશન (ZMA) અને યંગ વાઈફેઈ એસોસિએશન (YVA), હૂપી બ્લોક સહિત અનેક સંગઠનોએ પણ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. ઝોમી મધર્સ એસોસિએશને કાયદા અમલીકરણ એજન્સીઓને સંપૂર્ણ તપાસ કરવા અને ગુનેગારોને ન્યાય અપાવવા વિનંતી કરી છે.

## ભાજપ 32 લાખ ગરીબ મુસ્લિમોને 'સૌગાત-એ-મોદી' આપશે, લઘુમતી મોરચાના અધ્યક્ષે કામ શરૂ કર્યું

ભાજપના 32000 પદાધિકારીઓને 32000 મસ્જિદોનો સંપર્ક સાધવાનું કામ સોંપાયું છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 22

ભાજપ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે, રમઝાન મહિનાને ધ્યાનમાં રાખીને ભાજપ આગામી સમયમાં 32 લાખ ગરીબ મુસ્લિમોને સૌગાત-એ-મોદી કિટનું વિતરણ કરવાનો છે. ઈદના સમયે કોઈ ગરીબ મુસ્લિમ ઉજવણી કર્યા વગર ન રહે તે માટે આ યોજના શરૂ કરવામાં આવી છે. ભાજપના લઘુમતી મોરચાના અધ્યક્ષ જમાલ સિદ્દીકીએ જણાવ્યું હતું કે, આગામી સમયમાં ભાજપ 32 લાખ મુસ્લિમોને મદદ કરવા માટે મોદી કિટનું વિતરણ કરશે. આ માટે ભાજપે સંગઠન સ્તરે કામ કરવાનું શરૂ કરી દીધું છે. ભાજપના 32000 પદાધિકારીઓને 32000



મસ્જિદોનો સંપર્ક સાધવાનું કામ સોંપાયું છે. તેના દ્વારા દરેક અધિકારી 100 ગરીબોને મદદ કરશે. આ રીતે ૩૨ લાખ કિટનું વિતરણ કરવામાં આવશે. ઈદ ઉજવવામાં ગરીબ પરિવારોને કોઈ મુશ્કેલી ન આવે અને તેમને કોઈ અછત ન પડે તેનું પણ વિશેષ ધ્યાન રાખવાનું પદાધિકારીઓને કહેવામાં આવ્યું છે. તેના માટે જ કિટ વહેંચવામાં આવશે. મોદીના નેતૃત્ત્વમાં એક વિશેષ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે. ટૂંક સમયમાં તેના વિશે પણ માહિતી જાહેર કરવામાં આવશે. સિદ્દીકીએ વધુમાં જણાવ્યું કે, ઈદ, ગુડ ફ્રાઈડે, ઈસ્ટર, નવરોઝ, ભારતીય નવ વર્ષ ને ધ્યાનમાં રાખીને ધાર્મિક એકતા જળવાય અને સામાજિક સૌહાર્દ વધે તે માટે આ પ્રકારના કાર્યક્રમ કરાશે અને લોકોને મદદ પહોંચાડવામાં આવશે. મોદી કિટમાં જરૂરિયાતની વસ્તુઓ, કપડાં, ડ્રાયફ્રુટ, ખજૂર, સેવઈયા અને અન્ય સામગ્રી આપવામાં આવશે. તેમણે કહ્યું કે, ગંગા-જમુની તહજિબને પ્રોત્સાહન અને બળ મળે તે માટે આ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. રમઝાનમાં દાનનું મહત્ત્વ વધારે હોવાથી મિસ્કીન, નબળા પાડોશીઓ અને ગરીબ સંબંધીઓની મદદ કરવી જોઈએ. આ વિચારને ધ્યાને રાખીને ભાજપ દ્વારા ગરીબ લઘુમતી સમુદાયોને કિટનું વિતરણ કરવામાં આવશે.

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**સિગ્નલ અને ટેલિકોમ કાર્ય**

ભારતના રાષ્ટ્રપતિ વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. **ટેન્ડર નંબર :** 15-TRDBVP-2024-25-R **કામનું નામ:** સાબરમતી - બોટાદ વિભાગ - વાંદરાઓના ભયથી બચવા માટે ક્લાઇમ્બ એરેસ્ટ ડિવાઇસની જોગવાઈ. **ટેન્ડર રકમ :** ₹90,67,153.8/- **ટેન્ડર ફી :** શૂન્ય **EMD રકમ :** ₹1,81,400/- **સરનામું :** DRM (ટ્રેક્શન) BVP, DRM ઓફિસ, ભાવનગર પરા - 364003 બિડરોએ ફક્ત www.ireps.gov.in લિંક દ્વારા ઓનલાઇન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરીને વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. ઉપરોક્ત ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ 21.04.2025 ના 15:00 કલાકે 223

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**વેગન મેનિપ્યુલેટરની જોગવાઈ**

**ઈ-ટેન્ડર સૂચના સં :- M137_MEC_PRTN_TEND_25_4R1 તારીખ 20-03-2025**

ભારતના રાષ્ટ્રપતિ વતી ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ અને વેગન રિપેર ફેક્ટરી, પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, નીચે આપેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે: **ટેન્ડર સૂચના સં :** M137_MEC_PRTN_TEND_25_4R1 **કામનું નામ :** પ્રતાપ નગર વર્કશોપ ખાતે વેગન મેનિપ્યુલેટરની ડિઝાઇન, ઉત્પાદન, સપ્લાય, ઇન્સ્ટોલેશન અને કમિશનિંગ. **કામનો અંદાજિત ખર્ચ :** ₹6690600/- (છાસઠ લાખ નેવું હજાર છસો રૂપિયા માત્ર) **અર્નેસ્ટ મની ડિપોઝીટ :** ₹133 800/- (એક લાખ તેત્રીસ હજાર આઠસો રૂપિયા માત્ર) **ટેન્ડર દસ્તાવેજ કિંમત :** શૂન્ય **કામ પૂર્ણ થવાનો સમયગાળો :** 0 8 મહિના **ઓફરની માન્યતા :** 90 દિવસ **ટેન્ડર સબમિશન અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** બિડિંગ તારીખ તે 15-04-2025 ના રોજ 15:00 વાગ્યે બંધ થશે અને તે જ દિવસે 15:30 વાગ્યે ખુલશે. 329

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**વિવિધ કાર્યો**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), વેસ્ટર્ન રેલ્વે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400008 ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે

| ક્રમ નં:- | ટેન્ડર નોટિસ નંબર અને તારીખ :- | કાર્ય અને સ્થાન | કાર્યની અંદાજે ખર્ચ રૂા માં | ઈએમડી રૂા |
|---|---|---|---|---|
| 1. | BCT/24-25/312 dt.20.03.2025 | મુંબઈ સેન્ટ્રલ (CFO યાર્ડ), મહાલક્ષ્મી: 730 દિવસના સમયગાળા માટે રોડ ટેન્કર દ્વારા પીવાના પાણીનો પુરવઠો. | ₹ 2,82,46,350.00 | ₹ 2,91,200.00 |
| 2. | BCT/24-25/313 dt.20.03.2025 | દાદર: S.S., Dy S.S. ઓફિસ માટે ગાર્ડ અને મોટરમેન લોબી સાથે સર્વિસ બિલ્ડિંગની જોગવાઈ. | ₹ 97,40,499.69 | ₹ 1,94,800.00 |
| 3. | BCT/24-25/314 dt.20.03.2025 | (1)બાંદ્રા - બાંદ્રા ઈસ્ટ અને વેસ્ટ કોલોની ખાતે સ્ટાફ ક્વાર્ટર્સની મરામત અને માળખાકીય ધ્યાન.(2)બાંદ્રા ટર્મિનસ : અસુરક્ષિત કમ્પાઉન્ડ વોલ/બાઉન્ડ્રી વોલનું સમારકામ. | ₹ 2,23,85,870.60 | ₹ 2,61,900.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે, સબમિશનની તારીખ અને સમય:- 15-04-2025, 15:00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમય :- 15-04-2025 ના રોજ 15:30 કલાકે. નોંધ :- વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો 1202

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

## ગાંધીનગરમાં બોલેરોમાંથી ત્રણ ભેંસ અને એક પાડાને બચાવાયા

ગાંધીનગરના સેક્ટર-30 સર્કલ નજીક એક મહત્વપૂર્ણ કાર્યવાહી થઈ છે. અહીં કતલખાને લઈ જવાતા ચાર પશુઓને બચાવવામાં આવ્યા છે. આ ઘટના દરમિયાન ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. પશુપાલક રઘુભાઈ રબારીએ સેક્ટર-21 પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.તેમણે જણાવ્યું કે બપોરે 12 વાગ્યાના સુમારે તેઓ ચિલોડાથી ગાંધીનગર કલેક્ટર કચેરી જઈ રહ્યા હતા. સેક્ટર-30 સર્કલ નજીક એક બોલેરો પિકઅપ (GJ01ET1634) તેમની ગાડીને ઓવરટેક કરી ગઈ. શંકા જતાં તેમણે ગાડીને રોકાવી હતી.


# સિટી એક્સપ્રેસ

SUNDAY 23 MARCH-2025

AHMEDABAD


## લીંબોદરાના બુટલેગરનું ગેરકાયદે બાંધકામ તોડાયું

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં કેટલાક અસામાજિક તત્વોએ જાહેર રોડ પર હથિયારો સાથે આતંક મચાવ્યો હતો. જે બાદ રાજ્યના પોલીસ વડાએ તમામ પોલીસ સ્ટેશન વિસ્તારના ગુનેગારો, અસામાજિક તત્વોની યાદી બનાવી તેમના વિરુદ્ધ કાર્યવાહી કરવાના આદેશ આપ્યા હતા. છેલ્લા બે દિવસથી રાત્રે વાહન ચેકિંગ ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. આજે તાલુકાના લીંબોદરા ગામનો બુટલેગર કૌશલસિંહ અભેસિંહ વાઘેલા કે જેના વિરુદ્ધ અગાઉ પ્રોહિબિશનના ત્રણ ગુના નોંધાયેલા છે અને એક વખત પાસામાં જઈ આવેલો છે, તેવા ગુનેગાર દ્વારા ગામમાં ગેરકાયદેસર રીતે પાર્લરનું બાંધકામ કર્યું હતું.



### વિવિધ કમિટીઓની રચનામાં રાજ્યના નેતાઓને મોટી જવાબદારી

# ગુજરાતમાં 8 અને 9 એપ્રિલે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન

(એજન્સી) અમદાવાદ | તા 22

ગુજરાતના અમદાવાદ ખાતે આગામી 8 અને 9 એપ્રિલે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન થશે. જેમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા ભારતીય કોંગ્રેસ સમિતિની બેઠકના અસરકારક સંચાલન માટે વિવિધ સમિતિઓની રચનાના પ્રસ્તાવને તાત્કાલિક અસરથી મંજૂરી આપવામાં આવી છે. જેમાં રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલ અને વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા સહિતના નેતાને મોટી જવાબદારી આપવામાં આવી છે.

ગુજરાતમાં 8 અને 9 એપ્રિલે કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન યોજાવાનું છે. ત્યારે પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ગુજરાત કોંગ્રેસમાં ઉત્સવ જેવો માહોલ છે. ગુજરાત કોંગ્રેસના પદાધિકારીઓ અધિવેશનની કામગીરીમાં ઉત્સાહભેર જોડાયા છે. ગુજરાત કોંગ્રેસ યજમાન તરીકે અધિવેશનનો કામગીરી સંભાળી રહી છે, ત્યારે ઐતિહાસિક અધિવેશનમાં કોઈપણ પ્રકારની કચાશ ન રહે તે માટે વિસ્તારપૂર્ણ આયોજન કરાયું છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, પૂજ્ય ગાંધી-સરદાર સાહેબના રાજ્યમાં આવનાર સમગ્ર દેશભરમાંથી કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાનો, નેતાઓ પદાધિકારીઓ આવકારવા ગુજરાત કોંગ્રેસની તડામાર તૈયારી શરૂ છે.

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી દ્વારા જાહેર કરવામાં આવેલી કમિટીઓમાં વરિષ્ઠ નેતાઓ સહિત યુવાનોને પણ સ્થાન મળ્યું છે. કોઓર્ડીનેશન કમિટી, મીડિયા કમિટી, પ્રોટોકોલ કમિટી, ફૂડ કમિટી, એકોમોડેશન કમિટી, સ્ટેજ કમિટી સહિતની કમિટીઓ જાહેર કરવામાં આવી છે.

### હવામાન વિભાગની આગાહી

# આગામી 4 દિવસ મહત્તમ તાપમાન વધશે પછી ઘટશે

(એજન્સી) અમદાવાદ | તા 22



હવામાન વિભાગ દ્વારા આગામી 7 દિવસને લઈને રાજ્યમાં હવામાનની આગાહી કરવામાં આવી છે. જે મુજબ આગામી 7 દિવસમાં રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે. આગામી 4 દિવસમાં રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રીનો વધારો જોવા મળશે અને ચાર દિવસ પછી મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો જોવા મળશે. આગામી 3 દિવસમાં લઘુત્તમ તાપમાનમાં કોઈ ફેરફાર જોવા નહીં મળે પરંતુ, ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો જોવા મળશે. છેલ્લા 24 કલાકમાં અમદાવાદમાં મહત્તમ તાપમાન 37.2 ડિગ્રી સેલ્સિયસ અને ગાંધીનગરમાં 36.8 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. રાજ્યમાં મહત્તમ તાપમાન 38.3 ડિગ્રી સેલ્સિયસ જેટલું રાજકોટ ખાતે નોંધાયું છે. આગામી 24 કલાકમાં અમદાવાદ અને તેની આસપાસના વિસ્તારોમાં મહત્તમ તાપમાન 39 ડિગ્રી સેલ્સિયસ જેટલું નોધાઇ શકે છે.

# આખરે 22 વર્ષે સોમનાથ મંદિર ટ્રસ્ટની જીત

## કોર્ટ કમિશનરની હાજરીમાં પોલીસ-બંદોબસ્ત વચ્ચે મંદિરની 34,644 ચોરસ ફૂટ જગ્યા પરથી દબાણો હટાવવાની કામગીરી શરૂ

(એજન્સી) સોમનાથ | તા 22

સોમનાથ મંદિર નજીક નવા રામ મંદિર સામે આવેલા રુદ્રેશ્વર મહાદેવ મંદિરની આસપાસ આવેલાં દબાણો દૂર કરવાની કાર્યવાહી આજે (22 માર્ચે) શરૂ કરવામાં આવી છે. સોમનાથ ટ્રસ્ટની માલિકીની સર્વે નંબર 37/1માં આવેલી કુલ 34,644 ચોરસ ફૂટ પ્રતિવાદિત જમીનમાં આવેલાં 40થી વધુ રહેણાક મકાનમાં 150 જેટલા લોકો વસવાટ કરતા હતા. ઉલ્લેખનીય છે કે વર્ષ 2003માં આ મામલે વેરાવળ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. એને લઇ 2018માં કોર્ટે સોમનાથ ટ્રસ્ટની તરફેણમાં ચુકાદો આપ્યો હતો અને કોર્ટે વિવાદાસ્પદ જગ્યા ખાલી કરવાનો હુકમ કર્યો હતો, જોકે તેમ છતાં દબાણકારો દ્વારા જગ્યા ખાલી ન કરાઈ નહોતી. વારંવાર નોટિસો છતાં જમીન ખાલી કરવામાં ન આવતાં આખરે આજે કોર્ટ કમિશન દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



**કોર્ટ કમિશનરની હાજરીમાં કાર્યવાહી શરૂ :** સોમનાથ ટ્રસ્ટની માલિકીની સર્વે નંબર 37/1વાળી કુલ 34,644 ચોરસ ફૂટ જગ્યાનો વિવાદ ચાલતો હતો. જેને લઈ દબાણકારોએ વેરાવળ કોર્ટમાં વર્ષ 2003માં દાવો દાખલ કર્યો હતો. આ મામલે વેરાવળ કોર્ટે 2018માં સોમનાથ ટ્રસ્ટની તરફેણમાં ચુકાદો આપી વિવાદાસ્પદ જગ્યા ખાલી કરવાનો હુકમ કર્યો હતો. જેને લઈ આખરે આજે વહેલી સવારથી કોર્ટ કમિશનરની હાજરીમાં કાર્યવાહી શરૂ થઈ છે.

### જડબેસલાક પોલીસ-બંદોબસ્ત

કાયદો અને વ્યવસ્થા જાળવવા જિલ્લા પોલીસવડા મનોહરસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. 10 પોલીસ અધિકારી ઉપરાંત LCB, SOG સહિત 100 જેટલા પોલીસકર્મચારીનો જડબેસલાક પોલીસ-બંદોબસ્ત તહેનાત કરવામાં આવ્યો છે.

### હાટકેશ્વરમાં ભૂવાના રિપેરિંગમાં તંત્રની લાલિયાવાડી

# બેરિકેડ મુકીને મ્યુનિ.એ સંતોષ માન્યો, વાહનચાલકોને અકસ્માત થવાનું જોખમ

(એજન્સી) અમદાવાદ | તા 22

શહેરના હાટકેશ્વર સર્કલ પાસે ખોડિયાર માતાના મંદિર સામે ઓવરબ્રિજ નીચે પડેલા ભૂવાનું સમારકામ કરવામાં મ્યુનિ તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.જેના કારણે લોકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. મુખ્ય રોડ પર ભૂવાને માત્ર બેરીકેડ મુકીને તંત્ર સંતોષ માની રહ્યું છે. બીજી તરફ સમારકામના અભાવે ભૂવો વધુ મોટો થઈ ગયો છે. એટલે લોકોને હેરાન થવાનો વારો આવ્યો છે. એટલે કોઈ મોટી દૂર્ઘટનાની રાહ



જોવાઈ રહી હોય તેમ મ્યુનિ દ્વારા આ ભૂવાનું સમારકામ કરાતું ન હોવાની ફરિયાદો ઊઠી રહી છે. આ અંગે સ્થાનિક અગ્રણી રામનરેશએ કહ્યું હતું કે, હાટકેશ્વર સર્કલ પાસે ઓવરબ્રિજ નીચે કેટલાય સમય અગાઉ પાંચ ફૂટ જેટલો ઊંડો ભૂવો પડ્યો હતો. લોક ફરિયાદ બાદ મ્યુનિએ ભૂવાનું સમારકામ હાથ ધર્યું હતું. બેરિકેડ મુકીને થોડુ ઘણું કામ કર્યાના થોડા દિવસ બાદ તંત્રે કામગીરી બંધ કરી દીધી હતી. લોકોને આશા હતી કે તંત્ર થોડા દિવસ બાદ કામગીરી પૂર્ણ કરશે પરંતુ ભૂવા પ્રત્યે તંત્ર સાવ ઉદાસીનતા દાખવીને કોઈ કામ કર્યુ નથી. હાટકેશ્વર બ્રિજ બંધ હોવાના લીધે હજારોની સંખ્યામાં વાહનો બ્રિજની નીચેથી પસાર થતા હોય છે.

### 4 દિવસ કે 7 દિવસનો પ્રવાસ ખેડી શકાશે

# STનો મન ફાવે ત્યાં પ્રવાસ, ભાડું રૂ.850થી 1450 રહેશે

(એજન્સી) અમદાવાદ | તા 22

એસટી નિગમે 'મન ફાવે ત્યાં પ્રવાસ કરો' યોજના શરૂ કરી છે. કોઈ પણ વ્યક્તિ સામાન્ય બસ ઉપરાંત નોન એસી સ્લીપર કોચ, એસી સીટર તેમજ વોલ્વો બસમાં 4 દિવસ અને 7 દિવસના પ્રવાસ માટે બુકિંગ કરાવી રાજ્યમાં ગમે ત્યાં પ્રવાસ કરી શકે છે. સામાન્ય એક્સપ્રેસ કે ગુર્જરનગરી બસમાં 4 દિવસનું ભાડું રૂ. 850 અને 7 દિવસનું ભાડું રૂ.1450 છે. એસટી નિગમના અધિકારીએ જણાવ્યું કે, ગુજરાતના લોકો રાજ્યના ઐતિહાસિક, ધાર્મિક તેમજ મહત્વના સ્થળની મુલાકાત લઈ શકે તે માટે



ગુજરાતની હદમાં સસ્તા ભાડાના દરે મન ભાવે ત્યાં પ્રવાસ કરો યોજના અમલમાં મુકવામાં આવી છે. બુકિંગ કરનાર પેસન્જરે ટોલટેક્સની રકમ અલગથી ચૂકવવાની રહેશે. એ જ રીતે નોન એસી સ્લીપર કોચમાં બર્થ માટે પેસેન્જર દીઠ રૂ.80નો વધારાનો ચાર્જ ચૂકવવાનો રહેશે. પીક અને સ્લેક સિઝન માટે એક સરખું ભાડું રખાયું છે.

### ટ્રાફિક પોલીસે ફરી ઝુંબેશ જાહેર કરી

# હવે રોંગસાઇડે વાહન ચલાવતા પકડાયા તો સીધી FIR જ થશે

(એજન્સી) અમદાવાદ | તા 22

અમદાવાદમાં ભારે ગીચતા અને ટ્રાફિકની સમસ્યાને લઈને હાઈકોર્ટ દ્વારા અનેકવાર પોલીસની ઝાટકણી કાઢવામાં આવી હતી. જેને લઈને ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રાઇવ યોજીને અસરકારક કામગીરી કરવામાં આવતી હતી. ટ્રાફિક પોલીસની કામગીરની હાઈકોર્ટે પ્રશંસા કરી વધુ કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી. હાઈકોર્ટના નિર્દેશને ધ્યાને રાખી ટ્રાફિક પોલીસ હવે એક્શન મોડમાં આવી છે. શહેરના દરેક વિસ્તારોમાં રોંગસાઇડ વાહન ચલાવનાર સામે દંડ તો લેવામાં આવે છે પરંતુ એફઆઈઆર નોંધવામાં પણ આવશે.

ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનાર વાહન ચાલકો સામે જો કે પહેલા દંડ લેવામાં આવતો હતો. પરંતુ હવે દંડની સાથે પોલીસ ફરિયાદ પણ નોધવામાં આવશે. મહત્ત્વનું છે કે ભારે વાહનોથી અકસ્માત થતા મોતનો આંકડો વધુ હોય છે. જેથી ભારે વાહનચાલકો રોંગસાઈડમાં પકડાશે તો ગુનો નોંધીને કાર્યવાહી કરાશે. તેમજ જ્યાં જરૂર નહિ જણાય તો ત્યાં મેમો આપીને દંડ વસૂલવામાં આવશે. ટ્રાફિક પોલીસે છેલ્લા 20 દિવસમાં બે લાખથી વધુ કેસો કરી કુલ રૂ. 13.21 કરોડનો દંડ વસૂલ્યો હતો. કન્ટેમ્પ્ટ પીટિશનની સુનાવણીમાં હાઈકોર્ટે કડક કાર્યવાહી માટે તાકીદ કરી હતી.

# શહેરના 'બુચ મેન' | ખાડિયાના કોર્પોરેટર જ્યાં પાણી લીક થતું જુએ ત્યાં બુચ ફિટ કરે છે, અત્યાર સુધી 12 હજાર બુચ માર્યા

(એજન્સી) અમદાવાદ | તા 22

22 માર્ચ વિશ્વ જળ દિવસ તરીકે ઉજવાય છે. આ દિવસનો ઉદ્દેશ્ય પાણીના સંરક્ષણ અને તેની સંભાળ અંગે જાગૃતિ લાવવાનો છે. અમદાવાદ મ્યુનિ. ના ખાડિયા વોર્ડના નગરસેવક પંકજ ભટ્ટ આ જળ બચાવના અભિયાનને જીવંત બનાવતા ઉદાહરણરૂપ સેવાભાવી કામગીરી કરી રહ્યા છે. ફેબ્રુઆરી 2021ની મ્યુનિસિપલ ચૂંટણીમાં જીત્યા બાદ પંકજ ભટ્ટ સતત સેવા અને જળ બચાવના સંદેશ સાથે કાર્યરત છે. રાજકારણમાં સામાન્ય રીતે ચૂંટાયા બાદ નગરસેવકો વિસ્તારના નાગરિકોને ભૂલી જાય છે, પણ પંકજ ભટ્ટ રોજે સવારે બે કલાક લોકોની વચ્ચે રહેતા હોય છે. છેલ્લા ચાર વર્ષમાં તેમણે સમગ્ર વિસ્તારના 9 રાઉન્ડ પૂર્ણ કર્યા છે. આ દરમિયાન તેઓ માત્ર



જળ બચાવનો સંદેશ નથી આપતા, પરંતુ વિવિધ સરકારી યોજનાઓ જેમકે આયુષ્યમાન કાર્ડ, વિધવા સહાય, રેશનકાર્ડ અને અન્નપૂર્ણા યોજનાની પત્રિકાઓ વિતરણ કરી લોકોને સરકારી સહાયનો લાભ લેવા આગ્રહ કરે છે. પંકજ ભટ્ટે અત્યાર સુધીમાં 12 હજારથી વધુ બુચ વગરના પાઈપમાં બુચ ફિટ કર્યા છે જેથી લોકો તેમને "બુચ મેન" તરીકે ઓળખવા લાગ્યા છે. માત્ર એટલું જ નહીં, 2300થી વધુ સડી ગયેલા નળ, કપલીન, પાઈપ અને સોલ્યુશન બદલી તેઓ પાણીની અવિરત પૂર્તિ માટે અહમ ભૂમિકા ભજવી રહ્યા છે. જળ નિકાસ અને બચાવના પ્રયાસો અંતર્ગત પંકજ ભટ્ટે 2700થી વધુ અંડરગ્રાઉન્ડ લીકેજ બંધ કરાવ્યા છે. રોજ સવારે પાણી આવે ત્યારે સમગ્ર વિસ્તારનો રાઉન્ડ લઈ આ કામગીરી કરે છે. પંકજ ભટ્ટ માત્ર સરકારની સહાય પર નિર્ભર નથી, તેમણે પોતાનું ગ્રેચ્યુઈટીના 2 લાખ રૂપિયાને પાણી બચાવ માટે ખર્ચી નાખ્યા છે. આરોગ્ય સંબંધી મુશ્કેલીઓ અથવા અસામાન્ય સંજોગો સિવાય, છેલ્લા ચાર વર્ષથી તેમણે એક પણ દિવસ રાઉન્ડ લેવાનું બંધ રાખ્યું નથી.

# GSTમાં વધારો | 7500થી વધુ રૂમચાર્જ લેતી હોટેલોમાં જમવા પર 1 એપ્રિલથી 5ને બદલે 18% GST લાગશે

(એજન્સી) અમદાવાદ | તા 22

જે હોટેલ રૂ.7500થી વધુ રૂમચાર્જ વસૂલ કરતી હોય અને સાથે સાથે જમવાની સર્વિસ પણ પૂરી પાડતી હોય તેણે હવે 5 ટકાને બદલે 18 ટકાના દરે જીએસટી ભરવાનો રહેશે. માત્ર જમવાનું પીરસતી હોટેલો માટે જીએસટીનો દર 5 ટકા જ રહેશે. જીએસટીમાં વધારાનો આ નિર્ણય 1 એપ્રિલથી જ અમલમાં આવી જશે. જીએસટી કાઉન્સિલની તાજેતરમાં મળેલી બેઠકમાં રેસ્ટોરાં અને હોટેલના રૂમ ભાડા પર જીએસટીના રેટને લઈ કેટલાક ફેરફાર કરવામાં આવ્યા હતા. અમદાવાદમાં રૂ.7500થી વધુ રૂમચાર્જ વસૂલતી અંદાજે 40 હોટેલ છે. શહેરમાં નાની-મોટી મળી લગભગ 700થી વધુ હોટેલ છે. પરંતુ 18 ટકાનો જીએસટી 7500થી વધુ રૂમચાર્જ વસૂલતી અને જમવાનું પીરસતી હોટેલોને જ લાગુ પડશે. દેખીતી રીતે જ જીએસટીમાં આ 13 ટકાના વધારાનો ભાર ગ્રાહકો પર જ પડશે. હોટેલ ઉદ્યોગના અગ્રણીઓનું કહેવું છે કે, જીએસટીના રેટમાં આ ફેરફારને કારણે રેસ્ટોરાંમાં જમવાનું મોંઘું થશે. જોકે આ મુદ્દે હજુ કેટલીક સ્પષ્ટતાઓ થઈ શકે છે. ટેક્સ એક્સપર્ટના જણાવ્યા મુજબ પાછલા વર્ષમાં રૂ. 7500 રૂમના ભાડાની જોગવાઇ નક્કી કરવામાં આવી છે. એકંદરે આ સુધારો કરવાના કારણે જે સામાન્ય અને મધ્યમ વર્ગની હોટેલ રેસ્ટોરન્ટને રાહત આપવાનો જે હેતુ હતો તે હેતુ ફળીભૂત થશે નહીં. આ નિયમમાં જે રકમને ઓછામાં ઓછા રૂ. 10 હજાર કરવામાં આવે અથવા તો 18 ટકાના દર માત્ર વૈકલ્પિક બનાવવામાં આવી જોઇએ. અગાઉના ટેરિફના સ્થાને રેસ્ટોરન્ટ ઉપર જીએસટી દર નક્કી કરતો આ નવો નિયમ અગાઉના નિમય કરતા વધુ ખરાબ ગણી શકાય. રૂ.7500નું યુનિટ એકોમોડેશન ટુરિસ્ટ સિઝનમાં સામાન્ય રીતે કોઇ પણ નાની હોટેલનું થઇ જાય છે. જમવા સાથે વ્યક્તિ દીઠ રૂ. 2500નો દર એ સામાન્ય કહેવાય અને કોઇ પણ રૂમમાં ત્રણ વ્યક્તિને રહેઠાણ પૂરું પાડવામાં આવે એટલે આ રૂમનું ભાડું રૂ. 7500 થી વધી જતું હોય છે. આમ આ નવા નિયમના કારણે સામાન્ય હોટલ કે જેઓના મોટા ભાગના ગ્રાહકો મધ્યમ વર્ગીય લોકો હોય છે.

# હવે નવી ગિફ્ટ સિટી:વિદેશી યુનિવર્સિટીઓ માટે પ્રાંતિજમાં 2000 એકરમાં એજ્યુકેશન ગિફ્ટ ઝોન

(એજન્સી) અમદાવાદ | તા 22

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક (ગિફ્ટ) સિટી પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર પાસે અદ્યતન સિટીનું નિર્માણ કરવામાં આવેલ છે. જેમાં દેશ-વિદેશની મલ્ટિનેશનલ કંપનીઓ આવી રહી છે, ગિફ્ટ સિટીમાં વિદેશી યુનિવર્સિટીઓ પણ કાર્યરત થયેલ છે ત્યારે યુનિવર્સિટીઓને યોગ્ય પ્રમાણમાં જગ્યા મળી રહે તે હેતુસર સરકાર સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પાસે 2013 એકર જમીન પર નવી ગિફ્ટ સિટી સ્થાપશે. આ જગ્યા પર ગુજરાતમાં વધુ એક સ્થળે ગિફ્ટ સિટીનું નિર્માણ થશે. સાબરમતી નદીના કિનારે આવેલાં પ્રાંતિજ સહિત વાઘપુર, સાંપડ અને સાદોલિયાની સરકારી જમીન આગામી દિવસોમાં ગિફ્ટ સિટીને સોંપવાનું આયોજન કરવામાં આવ્યું છે. 2 હજાર એકરથી વધુની જમીનમાંથી સાંપડ અને વાઘપુરની 1866 એકર જમીનની માપણીની પ્રક્રિયા પૂર્ણ કરી દેવાઈ છે. કેટલાંક કિસ્સામાં ગૌચરની જમીનના પ્રશ્ન હોવાથી સુધારા અર્થે રાખવામાં આવેલ છે. જ્યારે પ્રાંતિજ અને સાંદોલીયાની જમીન માપણી આગામી સમયમાં કરાશે. આ બાબતે ગિફ્ટ સિટીના એમડી તપન રેનો સંપર્ક થઈ શક્યો નહોતો.



### ભાજપના ભૂતપૂર્વ સાંસદની જમીન અને ઘર આ જ વિસ્તારમાં

- સાબરકાંઠાના ભૂતપૂર્વ સાંસદ દીપસિંહ રાઠોડનું વાઘપુર ખાતે આલિશાન ઘર અને સાંપડ ખાતેની જમીન નવી ગિફ્ટ સિટીના વિસ્તારમાં જ આવેલ છે. જે અગાઉથી જ તેમના નામે છે. જો કે ગિફ્ટ સિટી ગાંધીનગરની આસપાસના વિસ્તારમાં રાજકીય માથાઓએ અગાઉથી જ રોકાણ કરી દીધું હતું તેમ પ્રાંતિજ પાસેના વિસ્તારમાં પણ અન્ય રાજકીય આગેવાનોએ રોકાણ કરી દીધું હોવાની ચર્ચા છે.
- ગિફ્ટ સિટીના એજ્યુકેશન ઝોનની પ્રાંતિજ અને સાંદોલિયા સ્થિતિ 200 એકરથી વધારે જગ્યા માટે પીડબલ્યુ ફાઉન્ડેશન દ્વારા માંગણી કરાઈ છે. કેટલાંક કિસ્સામાં ગૌચરની જમીનના પ્રશ્ન હોવાથી સુધારા અર્થે રાખવામાં આવેલ છે. સરકાર કક્ષાએથી માંગણી હજુ પડતર છે, શૈક્ષણિક સંસ્થાઓ માટે આરક્ષિત કરેલી આ જગ્યામાં અન્ય વિદેશી યુનિવર્સિટીઓ પણ સ્થપાશે.

### 150 કરોડના ખર્ચે સ્કૂલ ઓફ અલ્ટીમેટ લીડરશિપ બનશે

પબ્લિક પોલિસી અને રાજકારણ સાથે સંકળાયેલા લીડરોના વિકાસ માટે 150 કરોડના ખર્ચે 22 એકરમાં વર્તમાન ગિફ્ટ સિટી ખાતે 2 વર્ષમાં સ્કૂલ ઓફ અલ્ટીમેટ લીડરશીપનું નિર્માણ કરવામાં આવશે.

### સરકારી જમીન પર એજ્યુકેશન ઝોન બનવાથી સરકારને ફાયદો...

સરકારી સૂત્રો તરફથી મળતી માહિતી અનુસાર,અગાઉ ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી પાસે એજ્યુકેશન ઝોન માટેની જગ્યા હતી. જેની માલિકી ખેડૂતોની હોવાથી આ જમીન બજાર કિંમતે વેચાતી હતી. જેનો સીધો ફાયદો જમીન માલિકને થતો હતો. ગત વર્ષે આ વિસ્તારને ગુડામાં સમાવી લેવાતાં ભાવ ઘટ્યો છે. પ્રાંતિજ પાસે સરકારી જમીન પર જ એજ્યુકેશન ઝોન ઉભો કરાતાં આગામી દિવસોમાં સરકારને જ ફાયદો થશે.

# 64 વર્ષ પછી 'ગુજરાતમાં પાછી ફરશે કોંગ્રેસ'

(એજન્સી) અમદાવાદ | તા 22

ગુજરાતમાં કોંગ્રેસનું રાષ્ટ્રીય અધિવેશન છેલ્લે વર્ષ 1961માં ભાવનગરમાં મળ્યા પછી 64 વર્ષ પછી ગુજરાત કોંગ્રેસના યજમાનપદે રાષ્ટ્રીય અધિવેશન 8 અને 9 એપ્રિલે મળવાનું છે. 8 એપ્રિલે શાહીબાગમાં સરદાર સ્મારક ખાતે કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેઠક અને 9 એપ્રિલે રિવરફ્રન્ટ ખાતે અધિવેશન યોજાશે. રાષ્ટ્રીય અધિવેશન પૂરું થયા પછી કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ગુજરાત કોંગ્રેસનો મોરચો સંભાળશે. આમ તો તેમણે ગુજરાત કોંગ્રેસમાં ભાજપ સાથે વફાદારી રાખીને પક્ષમાં રહીને પક્ષને નુકસાન કરતા વિભીષણોને ઓળખી કાઢ્યા છે,હવે તેમનો સફાયો કરાશે. જોકે,આ પહેલાં તેમની ઊંડાણપૂર્વકની ગતિવિધિઓને ધ્યાનમાં રાખવા 'ટીમ રાહુલ'ને સુકાન સોંપાશે. ગુજરાત વિધાનસભાની વર્ષ 2027ની ચૂટણીમાં સત્તાપરિવર્તન કરવાના ઉદેશ સાથે મોદી-શાહને ટાર્ગેટ કરવાને બદલે ગુજરાત ભાજપના નેતાઓને ટાર્ગેટ બનાવીને આગામી ત્રણ વર્ષનો એકશન



પ્લાન બનાવાશે. રાહુલ ગાંધીની ટીમના નેતાઓ ગુજરાતની બાગડોર સંભાળશે. આ ટીમ સ્થાનિક સ્તરે થતા ભ્રષ્ટાચાર, ફરિયાદીઓને અન્યાય, સરકારી યોજનામાં અનિયમિતતા, કેન્દ્ર સરકારની ગુજરાત મોડલમાં ભૂમિકા, શિક્ષણ, રોજગારી, સામાજિક અન્યાય સહિતના પ્રશ્નોન ઉઠાવશે. આ ઉપરાંત બે સ્તરે આંદોલનો પણ કરવામાં આવશે. રાહુલ ગાંધી ગુજરાત કોંગ્રેસને ત્રણ વર્ષનો એકશન પ્લાન બનાવીને આપશે. ગુજરાતમાં કોંગ્રેસ મોદી-શાહને ટાર્ગેટ કરવાને બદલે ભાજપના નેતાઓને ખુલ્લા પાડીને ભાજપના ભયમુકત ભ્રષ્ટાચારને જાહેર કરવાની બાગડોર ટીમ રાહુલ સંભાળશે તેવું સૂત્રોનું કહેવું છે.